પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૭-૫-૨૦૨૫, શનિવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૫૯

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

અભ્યાસ આપણને લખતા વાંચતા શીખવે છે, જ્યારે અનુભવ આપણને અલ્પવિરામ અને પૂર્ણવિરામ મૂકતાં શીખવે છે...!!






# મુંબઈ એરપોર્ટ પરથી ISISના બે આતંકવાદીઓની ધરપકડ


## વર્ષ ૨૦૨૩ના આઈઈડી કેસમાં બંને સ્લીપર સેલને ભાગેડું જાહેર કરાયા'તા

### બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ થયાં બાદ માહિતી આપનારને ત્રણ-ત્રણ લાખનું ઈનામ પણ જાહેર કરાયું'તું

**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ વચ્ચે મુંબઈથી મોટા સમાચાર પ્રાપ્ત થયાં છે. રાષ્ટ્રીય તપાસ એજન્સીએ મુંબઈ એરપોર્ટ પરથી આઈએસઆઈએસના બે આતંકવાદીઓની ધરપકડ કરી છે. વર્ષ ૨૦૨૩ના આઈઈડી કેસમાં બંને સ્લીપર સેલનું નામ ખુલ્યા બાદ બંને હરામીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા જે બાદ બિનજામીનપાત્ર વોરંટની સાથે રૂ. ૩ લાખનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. હાલ એનઆઈએ દ્વારા બંનેને કસ્ટડીમાં લઈ પૂછપરછનો ધમધમાટ શરૂ કર્યો છે.





રાષ્ટ્રીય તપાસ એજન્સી(એનઆઈએ)એ મુંબઈ એરપોર્ટ પરથી અબ્દુલ્લા ફૈયાઝ શેખ, જેને ડાયપરવાલા તરીકે પણ ઓળખવામાં આવે છે અને તલ્હા ખાનને મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ટર્મિનલ-૨ પર ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા અટકાવવામાં આવ્યા હતા જ્યારે તેઓ

(અનુ. આઠમા પાને)

### ગણતરીની કલાકો પૂર્વે જ મુંબઈ એરપોર્ટ અને તાજ હોટેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી'તી

આતંકીઓ ઝડપાયાની ગણતરીની કલાકો પહેલા જ મુંબઈ એરપોર્ટ અને તાજમહેલ પેલેસ હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ ધમકી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને તાજમહેલ પેલેસ હોટલને મુંબઈ એરપોર્ટ પોલીસના ઈમેલ આઈડી પર મેઈલ દ્વારા મોકલવામાં આવી છે. ઈમેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે તાજમહેલ પેલેસ હોટેલ અને એરપોર્ટ પર બોમ્બથી હુમલો કરવામાં આવશે. આ મેઈલમાં આતંકવાદીઓ અફઝલ ગુરુ અને શૈવક્કુ શંકરને ફાંસી આપ્યાનો ઉલ્લેખ કરીને ધમકી આપવામાં આવી છે.

### નાપાકને આર્થિક મરણતોલ ફટકો?

# ડ્રાયફ્રુટની અછત ખાળવા અટારી સરહદેથી ૧૬૦ અફઘાની ટ્રક પ્રવેશ્યાં



### તાલિબાન શાસનને ઔપચારિક માન્યતા ન હોવા છતાં ભારત - અફઘાનિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વિકસી રહ્યા છે, જે પાકિસ્તાનને મોટું નુકસાન

**અબતક, નવી દિલ્હી**

ઈકોનોમી વોરનો અત્યારે સમય છે. તેવામાં ભારત આર્થિક રીતે પાકિસ્તાનને ધોબી પછડાટ આપવા એક પછી એક પગલાં લઈ રહ્યું છે. તેવામાં ભારતે અટ્ટારી બોર્ડરેથી અફઘાનિસ્તાનના ડ્રાઉફ્રુટના ૧૬૦ ટ્રકને પ્રવેશવા દઈ પાકિસ્તાનને મોટો ફટકો આપ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, શુક્રવારે અટારી ખાતે કેટલાક ટ્રકોને માલ ઉતારવાની મંજૂરી આપતા પહેલા પાકિસ્તાને વાઘા બાજુથી ટ્રકોની અવરજવર માટે થોડા સમય માટે મંજૂરી અટકાવી દીધી હતી. એક દિવસ પહેલા પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે ૨૩ એપ્રિલે અટારી-વાઘા સરહદ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. ભૂતકાળમાં પાકિસ્તાને તે સરહદ દ્વારા અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે એકતરફી વેપારની મંજૂરી આપી હતી,

(અનુ. આઠમા પાને)

### પાકિસ્તાનથી વાયા ગલ્ફ 'નાપાક' વસ્તુઓ ઘુસી ન જાય તેને લઈ ભારત એલર્ટ

ભારત યુએઈ અને ઈરાન તેમજ અન્ય ગલ્ફ દેશો ઉપરાંત કેટલાક ટ્રાન્સશિપમેન્ટ હબથી થતી આયાત પર નજર રાખી રહ્યું છે જેથી ખાતરી કરી શકાય કે પાકિસ્તાનથી કોઈ માલ આ માર્ગો દ્વારા પરોક્ષ રીતે દેશમાં પ્રવેશી ન જાય. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારતે અગાઉ પાકિસ્તાનથી દેશમાં આવતી ખજૂર અંગે યુએઈ સાથે ચિંતા વ્યક્ત કર્યા બાદ આયાતી વસ્તુઓના લેબલ અને આ દેશોમાંથી આવતી વસ્તુઓના મૂળ ધોરણોની કડક ચકાસણી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે આ ભારત-યુએઈ વ્યાપક આર્થિક ભાગીદારી કરારનો દુરુપયોગ છે. ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા

(અનુ. આઠમા પાને)

### ડ્રેનેજ-સેફટીને લઈ નિયમો બનશે?!!!

# વધુ એક ગેસ ગળતરની ઘટનાઃ સેફ્ટીક ટેન્ક સાફ કરતા ત્રણ શ્રમિકોના મોત

### મૃતકો પાસે સુરક્ષા સાધનો ન હોવાથી કોન્ટ્રાક્ટર અને ફેક્ટરી ઓપરેટર સામે એફઆઈઆર નોંધવાની પ્રક્રિયા હાથ ધરાઈ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ગટર અને સેપ્ટિક ટાંકીની સફાઈ દરમિયાન શ્રમિકોના મૃત્યુના કિસ્સાઓ દુર્ભાગ્યે વારંવાર સામે આવે છે. ઝેરી ગેસ, ઓક્સિજનનો અભાવ અને સુરક્ષા સાધનોના ઉપયોગ જેવી મૂળભૂત જરૂરિયાતો પ્રત્યેની બેદરકારી અને નિયમોના અભાવે અનેક નિર્દોષ માનવ જિંદગીઓ જોખમમાં મુકાય છે અને કરુણ અંત પામે છે. તાજેતરમાં આવી બનેલી ગમખ્વાર ઘટનાઓએ આ ગંભીર મુદ્દા પર ફરી એકવાર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ ચિંતાજનક પરિસ્થિતિને જોતાં, શું હવે ડ્રેનેજ અને

(અનુ. આઠમા પાને)


ન્યુ રીનોવેટેડ A/c. લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૬૧ થી ૬૬






# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

રેડીમેડ ગાર્મેન્ટસ, જનરલ ફેબ્રીક તેમજ કોસ્મેટીક એકમના જાતક તથા હર્બલ તથા ફાર્માસ્યુટીકલ્સ એકમ સાથે જોડાયેલ તમામ જાતકો માટે આ આખું અઠવાડિયું દોડ ધામ વાળુ તથા આંશિક રૂપે પ્રતિકૂળ નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક તથા વ્યાપાર -વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ સામાન્ય તેમજ ખર્ચાળ નીવડશે. છૂટક વ્યાપાર તથા ફેરી કરતા વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ સામાન્ય રહેશે. સગા, મિત્રો, સ્નેહી સાથે અણબનાવના સંયોગ. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ આનંદમયી રહેશે. ૨૩ તથા ૨૪ મે સરેરાશ રહેશે.(પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

ખાનગી એવમ સરકારી શૈક્ષણિક એકમ સાથે જોડાયેલ તમામ જાતકો માટે આ સપ્તાહ ચઢાવ ઉતાર વાળું તથા સરેરાશ રહે તેવી શક્યતા. કોઈ પણ ક્ષેત્રના સેલેબ્રીટી જાતક માટે આ સપ્તાહ સાવ સાનુકૂળ અથવા મધ્યમ નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ ફાયદાકારક નીવડશે. વ્યાપાર-વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયક તથા નિરાંત વાળું નીવડશે. કુટુંબ-પરિવાર દ્વારા સાથ સહકાર મળવાના સંયોગો. ગૃહિણીઓ, મહિલા કર્મીઓ નિવૃત્ત તથા વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. ૧૯ મે સામાન્ય રહેશે.

## મિથુન — ક,છ,ઘ

આ સપ્તાહ દરમિયાન અનેક નવાં કામકાજ મળવાના સંયોગો. સાથો સાથ આગલા વર્ષના જૂના, અધૂરા રહી ગયેલા કામકાજને વેગ મળવાના સંયોગો. તેમજ સરકારી કામકાજ નિર્વિઘ્ને પૂરા થવાની શક્યતા. નાના મશીનરીઝ ઉદ્યોગના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ. વ્યાપાર વાણિજ્ય જાતકો માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. વ્યવસાય એવમ સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયી રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મિત્રો દ્વારા સાથ સહકાર મળવાની સંભાવના. ગૃહિણીઓ, નિવૃત્ત તથા વિદ્યાર્થીઓ માટે લાભકારી સપ્તાહ. ૧૯ તથા ૨૦ મે સામાન્ય રહેશે.

## કર્ક — ડ,હ

આ સપ્તાહ દરમિયાન આકસ્મિક લાભ મળવાના અનેક સંયોગો બને છે. મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. લીગલ શેર બજારના જાતકો આ સપ્તાહ સરવાળે અતિ લાભકર્તા નીવડશે. અન્ય, ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ, દોડધામ વાળુ એવમ લાભકારી પણ રહેશે. નાના તથા છૂટક વ્યાપારીઓ માટે લાભકારી સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે, સાથે અવૈધ વહીવટ વ્યવહારથી ખાસ સંભાળ લેવી. મહિલા કર્મીઓ, ગૃહિણીઓ, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ અર્ધ લાભદાયક જણાશે. ૧૯ તથા ૨૦ મે સાધારણ નીવડશે.

## સિંહ — મ,ટ

કલર્સ તેમજ કેમિકલ્સના ઔદ્યોગિક તેમજ વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ચા, કોફી તથા શીતલ પેયના એકમના જાતકો માટે આ સપ્તાહ દોડધામ વાળું તેમજ આકસ્મિક ધન-લાભ વાળું રહેશે. આ સિવાય અન્ય, મધ્યમ કદ તથા નાના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વાણિજયના તમામ એકમના જાતક તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ હળવું ફાયદાકારક નીવડશે. ખાનગી ક્ષેત્રના તથા સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે છતાં અવૈધ વહીવટથી વિશેષ કાળજી રાખવી. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૨૩ તથા ૨૪ મે સાધારણ નીવડશે.

## કન્યા — પ,ઠ,ણ

હોમિયોપેથી ઔષધિ/ ફાર્મસી, આયુર્વેદીક ફાર્મસી તથા હર્બલ ઔષધિઓ, હર્બલ પ્રોડકટના ઉત્પાદક, વિક્રેતા જાતક માટે આ સપ્તાહ હળવા સંઘર્ષ વાળું તથા હળવું પ્રતિકૂળ પણ નીવડશે. સ્યુડો ફિલોસોફર્સ, દંભી બૌદ્ધિકો--વિચારકો માટે આ સપ્તાહ અતિ પ્રતિકૂળ નીવડે તેવા સંયોગો. મોટા કે હેવી મશીનરીઝ ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ આ સપ્તાહ પણ હળવું હળવું લાભદાયક નીવડશે. કુટુંબ તરફથી સાથ સહકાર મળી શકે તેવા સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થીવર્ગ માટે આ સપ્તાહ પણ સાનુકૂળ અથવા મધ્યમ જણાશે. ૨૦ મે સામાન્ય નીવડશે.

## તુલા — ર,ત

જાહેર ક્ષેત્રની પ્રસિદ્ધ વ્યક્તિ એવમ સેલેબ્રીટી જાતકો માટે આ સપ્તાહ લાભકારી જણાશે. આ સપ્તાહે કોમોડીટી, શેર બજાર, અવૈધ સટ્ટા/જુગાર થી ખાસ સંભાળવું, અન્યથા મોટી ખોટના સંયોગો. શીપીંગ તેમજ તેને સંબંધિત તમામ એકમના જાતકો માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. રંગ, રસાયણના ઉત્પાદકો ત્થા વિક્રેતાઓ માટે આ સપ્તાહ સામાન્ય રહેશે. ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર વણિજ એકમ તથા સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. મધ્યમ વર્ગના જાતકો માટે લાભદાયી સપ્તાહ. મહિલાકર્મી, છાત્રો તથા ગૃહિણી, નિવૃત્ત માટે લાભદાયી સપ્તાહ. ૨૨ મે સાધારણ રહેશે.

## વૃશ્ચિક — ન,ય

આ સપ્તાહ દરમિયાન કોમોડીટી, શેર બજાર, અવૈધ સટ્ટા/જુગાર થી ખાસ સંભાળવું, અન્યથા મોટી નુકસાની થઈ શકે તેવા સંયોગો. રંગ તથા રસાયણના ઉત્પાદકો તથા વિક્રેતાઓ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સેલેબ્રીટી જાતકો તથા જાહેર ક્ષેત્રની વ્યક્તિઓ માટે આ સપ્તાહ પ્રતિકૂળ રહેશે. ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર વણિજ એકમ તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયી રહેશે. સરકારી કર્મચારીઓ એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભકર્તા નીવડશે. મધ્યમ વર્ગના જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે. મહિલા કર્મીઓ, ગૃહિણીઓ, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે. ૨૩ તથા ૨૪ મે સામાન્ય જણાશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

અવૈધ કહી શકાય તેવા તમામ પ્રકારના વહીવટ, વ્યવહાર કામકાજ તથા તેવા સંબંધોથી વિશેષ કાળજી રાખવી લાભદાયી નીવડશે. જૂના વેર તથા દ્વેષો, કલેશોમાં થી મુક્ત થવાના સંયોગો. ધંધા વ્યવસાયમાં અનેક નવી નવી તકો, અનેક નવા અવસરો સામેથી આવવાની શક્યતા. ઔદ્યોગિક એકમના એવમ વ્યાપાર વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પુષ્કળ ફાયદાકારક નીવડશે. કુટુંબ પરિવાર તરફથી સાથ સહકાર મળવાના સંયોગો. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી તેમજ વિદ્યાર્થી માટે આ સપ્તાહ ફાયદાકારક નીવડશે. ૨૦ મે અર્ધ લાભદાયક નીવડશે.

## મકર — ખ,જ

આ સપ્તાહ દરમિયાન પણ દોડધામ થવાની સંભાવના સાથે આર્થિક લાભ એવમ નવી તકો મળે તેવી સંભાવના એવમ સંયોગ. જૂના કે પડતર કામકાજનો નીવેડો આવી જવાની સંભાવના. પેપર, સ્ટેશનરીઝ, પ્રિંટીંગ પ્રેસ, ઓફસેટ, સંબંધિત ઔદ્યોગિક એવમ વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ પુષ્કળ લાભદાયક નીવડશે. તમામ ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર- વાણિજ્ય એકમના જાતકો માટે લાભકારી સપ્તાહ. સરકારી કર્મચારીઓ એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ હળવુ લાભદાયી નીવડશે. પરિવારમાં રહેલા મતભેદ દૂર થઈ જવાની સંભાવના. ગૃહિણી, મહિલા કર્મી તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક રહેશે. ૨૦ તથા ૨૩ મે સરેરાશ રહેશે.

## કુંભ — ગ,શ,ષ

ખાદ્ય પ્રવાહી ઉત્પાદન એકમના જાતકો તથા ફાર્મા-કેમિકલ્સ એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે. આ સપ્તાહે પરિવાર તરફથી સાથ સહકાર મળવાના સંયોગો તથા આકસ્મિક ધન લાભના સંયોગો. ઈમીટેશન તથા રીયલ જવેલરીઝના ઔદ્યોગિક તથા વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક તથા વ્યાપાર વાણિજ્ય જાતકો માટે આ સપ્તાહ પણ ભાગદોડ વાળું જણાશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવાં સંઘર્ષ વાળુ પરંતુ લાભકારી નીવડશે. નિવૃત્ત, ગૃહિણીઓ, મહિલા કર્મચારી-કર્મીઓ તથા છાત્રો માટે લાભદાયી સપ્તાહ. ૧૯ મે સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

## મીન — દ,ચ,ઝ,થ

હોટેલ, રેસ્તોરાં તેમજ ડ્રાય ફૂડ એવમ પેકીંગ ફૂડ પ્રોડકટસના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતક તથા ફેબ્રીક તથા હર્બલ પ્રોડકટના એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ ફાયદાકારક નીવડશે. નાના તથા છૂટક વ્યાપારીઓ માટે આ સપ્તાહે હળવી દોડધામ રહેશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત અને ભાગદોડ વાળું નીવડશે. પરિવારમાં સુખ શાંતિ યથાવત રહેશે. મહિલા કર્મી માટે આ સપ્તાહ બહુ લાભદાયી રહેશે. નિવૃત્ત, ગૃહિણીઓ, મહિલા કર્મીઓ, વિદ્યાર્થી માટે આ સપ્તાહ યથાવત રહેશે. કેવળ ૨૩ મે મધ્યમ નીવડશે.(પન્નોતિનો ઉપાય અભ્યંગ સ્નાન)

---

### આજે વિશ્વ દૂરસંચાર અને માહિતી સમાજ દિવસ

# વિશ્વમાં ૮૦૦ કરોડ લોકો ઈન્ટરનેટના વપરાશકર્તા જેમા ૧૨૦ કરોડ ભારતના !

**ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયનની સ્થાપના ૧૮૬૫ માં થઈ હતી, આજે તેની ૧૬૦મી વર્ષગાંઠ છેઃ ૧૯૯૫માં ટ્રાઈની સ્થાપના કરવામાં આવી હતીઃ ૧૯૯૫માં પેજર સેવા શરૂ થઈ એ જ ગાળામાં મોબાઈલ સેવાનો પણ પ્રારંભ થયો હતોઃ ૨૦૦૩માં ઈનકમિંગ સેવા ફ્રી થઈ હતી, ૨૦૦૮માં 3G અને ૨૦૧૨માં 4G નેટવર્કનું આગમન થયું હતું**

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે વર્લ્ડ ટેલિકોમ્યુનીકેશન એન્ડ ઈન્ફર્મેશન ડે છે, જેની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહું છે, ત્યારે વૈજ્ઞાનિકોની અથાગ મહેનત બાદ આપણે હાલની શ્રેષ્ઠ સુવિધા ભોગવી રહ્યા છીએ. કોમ્યુનિકેશન ક્ષેત્રે આવેલી ક્રાંતિ આજે 5G પ્લેટફોર્મ સુધી પહોંચી ગઈ છે. સમગ્ર વિશ્વના ૮૦૦ કરોડ લોકો ઈન્ટરનેટ નો ઉપયોગ કરે છે જેમાં ભારતના ૧૨૦ કરોડ લોકો ઉપયોગ કરી રહ્યા છે વિશ્વના અર્થતંત્રને વેગ આપવા છ દેશોએ ફાઈજીનું પેટન્ટ રજીસ્ટર કરાવેલ છે જેમાં ભારત પણ એક દેશ છે, આવનારી આ સુવિધાથી અર્થતંત્રને એક ટ્રિલિયન ડોલરનો વેગ મળશે. આજે પણ વિશ્વમાં અઢિયાબદ્ધ લોકો સુધી આપણે કનેક્ટ થયા નથી જેમાં મોટાભાગની મહિલાઓ અને છોકરીઓ છે. આ વર્ષની ઉજવણી થીમ ‘‘ડિજિટલ પરિવર્તનમાં જાતિ સમાનતા‘‘ છે, જેનો હેતુ ડિજિટલ યુગમાં મહિલાઓને છોકરીઓનો સમાવેશ કરવો. જેન્ડર ઈક્વાલિટી ઈન ડિજિટલ ઈન્ફોર્મેશન સંદર્ભે ડિજિટલ લિંગ વિભાજન બંધ કરવાથી બધા માટે તક પૂરી પાડે છે. આપણા દેશનું ટેલિકોમ ક્ષેત્ર ૧.૨ અબજ લોકોને જોડે છે આગામી દિવસોમાં ૫લ કવરેજ પણ વિસ્તરણ થશે દેશનું ૯૯.૬ પર્સન્ટેજ વસ્તીને નેટવર્ક કનેક્ટિવિટી ધરાવે છે



ઈન્ટરનેશનલ ટેલીકોમ્યુનિકેશન યુનિયન (ITU)ની ૧૮૬૫માં સ્થાપના કરવામાં આવી હતી આજે તેમને ૧૬૦ વર્ષ પૂર્ણ કરેલ છે. ૧૮૫થી ૧૮૮૨ના ગાળામાં ટેલિગ્રામ નેટવર્કની સ્થાપના થયા બાદ કલકત્તામાં પ્રથમ ટેલિફોન એક્સચેન્જનું પ્રારંભ થયો હતો. ૧૮૭૪ માં સ્વીઝરલેન્ડમાં સંચાર ક્રાંતિની શરૂઆત થઈ હતી. ૧૯૬૯ થી ટપાલ દિવસ પણ ઉજવાય છે, આપણા દેશમાં પણ પોસ્ટ સેવા બે સદી વટાવી ચૂકેલ છે. પ્રારંભે સંદેશા વ્યવહારમાં કબૂતરનો ઉપયોગ થતો, ત્યારબાદ ટપાલ સેવા અને તાર સેવાનો ઉદય થયો હતો. વિશ્વ દૂર સંચાર અને માહિતી સમાજ દિવસનો ઈતિહાસ જોઈએ હતો ૧૮૬૫ થી ૧૮૯૦ સુધી આંતરરાષ્ટ્રીય સહયોગ અને સંદેશા વ્યવહાર માટેનો પાયો નખાયો હતો, ૧૯૦૦ થી ૧૯૩૦ માં નવીનતા અને તકનીકી ધોરણનો વિકાસ થયો હતો, ૧૯૪૦ થી ૧૯૬૦ માં વિશ્વને જોડવું અને અવકાશમાં પહોંચવું તે સંદર્ભની વિકાસયાત્રા હતી, ૧૯૭૦ થી ૮૦ ના દાયકામાં નવા વૈશ્વિક નેટવર્કને પ્રોત્સાહન મળ્યું હતું અને ૧૯૯૦ થી ૨૦૧૦ સુધી સમાવેશ ડિજિટલ સમાજને આકાર આપવામાં આવ્યો હતો. હવે આજે અઈ ટેકનોલોજીનો યુગ શરૂ થયો છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગથી શિક્ષણ અને આરોગ્ય સેવામાં નોંધપાત્ર સુધારો જોવા મળે છે. ૧૯૯૫ માં ૨૦૦૦ સેવા શરૂ થયા બાદ એ જ ગાળામાં મોબાઈલ સેવાનો પણ આરંભ થયો હતો ૨૦૦૩ માં ઈન્કમિંગ ફ્રી સેવા શરૂ થયા બાદ માત્ર પાંચ જ વર્ષમાં ૩જી સેવા અને ૨૦૧૨ માં 4G યુગ પ્રારંભ થયો હતો આપણા દેશમાં ટ્રાયની સ્થાપના ૧૯૯૭ માં કરવામાં આવી હતી ૨૫ વર્ષમાં ટેલીફોન ની સેવા બાદ આજે લોકોના ખિસ્સા સુધી નેટવર્ક પહોંચી ગયુ છે.




સંદેશા વ્યવહારની હરણ ફાળ પ્રગતિ સાથે વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફર્મેશનનો ઉપયોગ સમાજ અને અર્થ વ્યવસ્થામાં ઉપયોગ તેમજ વિવિધ સમસ્યાને દૂર કરી જાગૃતિ લાવવાનો પ્રયાસ છે ૧૯૬૯ થી ઉજવાતા આ દિવસની વિકાસ યાત્રામાં દોરડા વગરનું વિશ્વ સાથે જોડાણ અને આંગણીના ટેરવે માહીતી ઉપલબ્ધ બની છે. સમગ્ર વિશ્વમાં ૧૭ મે ૧૮૬૫ ના દિવસે પેરિસમાં પ્રથમ ઈન્ટરનેશનલ કન્વેન્શન પર હસ્તાક્ષર કરાયા બાદમાં વિશ્વ દૂર સંચારના ઝડપી પ્રગતિ થવા લાગી, સંદેશા પહોચાડવા પદયાત્રા, ઘોડા, કબુતરોનો ઉપયોગ થતો. બદલાતા યુગે ટપાલ, તાર, જેવી વિવિધ સુવિધા ઉમેરાયને બાદમાં વાયર વાળા ટેલીફોન પણ આવ્યા હતા. આજે ૨૧ મી સદીમાં ઈન્ફરમેશન ટેકનોલોજીનો વિકાસ ઝડપી બનતા સંદેશા વ્યવહારની આપણે ખુબ જ ઝડપી બની છે. ટેલી કોમ્પયુનિકેશન અને માહીતી સંચારનો અત્યારે વિશ્વને એકબીજા સાથે સેકન્ડે સેકન્ડ જોડીને રાખે છે. ૧૯૬૯ થી ઉજવાતા આ દિવસનું મહત્વ નિરાળું છે. કોરોના કાળ દરમ્યાન આજ તકનીકને કારણે માહીતીના આદાન પ્રદાન થી લાખો લોકોના જીવન બચ્યા છે. આજે ઈન્ટરનેટ, મોબાઈલ, સોસીયલ મીડિયાને કારણે ઘણી સમસ્યાઓ પણ સમાજ ભોગવી રહ્યો છે. સાયબર ક્રાઈમ અને હેકીંગ જેવી ઘણી યાદીના વિશ્વ ભોગવી રહ્યું છે. ત્યારે તેના અંકુશ બાબતે વિવિધ શોધ સંશોધનોને પ્રોત્સાહન આપવાનો પણ આ દિવસ છે.

સંચાર તકનિકોનો ઉપયોગ સમાજ અને અર્થવ્યવસ્થામાં તેમજ ડિજિટલને બ્રિજ બનાવવામાં કેમ ઉપયોગ કરવો તે વિચારવું પડશે. આ અંગેની જાગૃતિ સમાજમાં લાવવાની તાતી જરૂરીયાત છે. આજે વિશ્વ દૂરસંચાર દિવસ સાથે વિશ્વ માહીતી સમાજ દિવસ પણ ગણી શકાય છે. ઈન્ટરનેટને માન્યતા પ્રાપ્ત થયા બાદ ૨૦૦૫ થી સંયુક્ત રાષ્ટ્રે વિશ્વ માહીતી સમાજ દિવસ ઘોષિત કર્યો હતો. માહીતી સમાજ દિવસ વૃધ્ધ વ્યકિતઓ માટે તંદુરસ્ત વૃધ્ધાવસ્થા માટે ડીજીટલ તકનીકો સહેલાયથી ઉપલબ્ધ બને તેવા પ્રયાસો સક્રિય કરવા જરુરી છે. સંદેશા આપલે માં પોસ્ટ અને ટેલીફોન વિભાગે વર્ષોથી લોકોને એકબીજા સાથે જોડી રાખ્યા છે. ટેલીફોન, પેજર બાદ મોબાઈલ આવતા આજે તેમાં ફાઈવ જી યુગ આવી જતા લોકોના આંગળીના ટેરવે વૈશ્વિક માહીતી ઉપલબ્ધ છે.

## અબતક પંચાગ

**તા.૧૮-૫-૨૦૨૫ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** વૈશાખ વદ છઠ,છઠની વૃધ્ધિ તિથિ
**નક્ષત્ર** ઉતરાષાઢા
**યોગ** શુભ **કરણઃ** ગર
**સુર્યોદય** ૬.૦૭ **સુર્યાસ્તઃ** ૭.૨૦
**ચંદ્ર રાશી** ધન શનીવારે રાત્રે ૧૨.૦૩થી મકર
**રાશિ અક્ષર** ભ.ફ.ધ/ખ.જ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ૮ |
| ૭ | | | ૨ | | | ૪ | ૬ | |
| ૪ | ૧ | | | | ૩ | | | |
| | | | | ૭ | | | | |
| | ૨ | ૧ | ૮ | | | | ૭ | |
| | | | | ૬ | | ૫ | | ૨ |
| | | | | | | | ૮ | |
| | | ૨ | | | ૯ | | ૩ | ૧ |
| | | ૪ | ૬ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૦૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૮ | ૨ | ૩ | ૯ | ૧ | ૭ | ૪ |
| ૭ | ૨ | ૪ | ૧ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ |
| ૧ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૬ | ૫ |
| ૫ | ૭ | ૨ | ૬ | ૯ | ૩ | ૮ | ૪ | ૧ |
| ૪ | ૮ | ૬ | ૫ | ૧ | ૨ | ૩ | ૯ | ૭ |
| ૯ | ૧ | ૩ | ૮ | ૭ | ૪ | ૫ | ૨ | ૬ |
| ૨ | ૬ | ૧ | ૩ | ૪ | ૮ | ૭ | ૫ | ૯ |
| ૩ | ૪ | ૭ | ૯ | ૨ | ૫ | ૬ | ૧ | ૮ |
| ૮ | ૯ | ૫ | ૭ | ૬ | ૧ | ૪ | ૩ | ૨ |

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૫-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ચાય પે ચર્ચા (ટેલિકોમ્યુનિકેશન)
૧૨:૩૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાઘી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પાણી પુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (હદ કરો છો હસુભાઈ)
૦૬:૦૦ થી ૦૨:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)

**તારીખ ૧૮-૦૫-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાજુ ગાંઠિયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સુજોક થેરાપી)
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (કાકાની કમાણી પાડોસણ માં સમાણી)
૦૬:૦૦ થી ૦૧:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)

**તારીખ ૧૯-૦૫-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટિવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૮.૫.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ વદ છઠ, ઉત્તરાષાઢા નક્ષત્ર, શુભ યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) : રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.
**વૃષભ (બ,વ,ઉ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.
**મિથુન (ક,છ,ઘ)** : મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.
**કર્ક (ડ,હ)** : ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**સિંહ (મ,ટ)** : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
**કન્યા (પ,ઠ,ણ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.
**તુલા (ર,ત)** : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદમાં પસાર કરી શકો.
**વૃશ્ચિક (ન,ય)** : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.
**મકર (ખ,જ)** : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.
**કુંભ (ગ,સ,શ)** : ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.
**મીન (દ,ચ,ઝ,થ)** : નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

## શ્રી વિદ્યા ઉપાસના અને શ્રીયંત્ર



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

શ્રી વિદ્યા ઉપાસકો પોતાના શરીરમાં શ્રીયંત્ર અથવા શ્રીચક્રની કલ્પના કરે છે. એટલે, સાધકનું શરીર પોતે જ શ્રીચક્ર સમાન બની જાય છે. આ રીતે વિદ્યા ઉપાસકનું શરીર યંત્રરૂપ બની જાય છે. શાસ્ત્ર અનુસાર આપણું શરીર એટલે કે પિંડ બ્રહ્માંડની જ પ્રતિકૃતિ છે અને એટલે જ સમગ્ર સુક્ષમ અને સ્થૂળ શરીરને સમજવાથી તેના સાતે શરીર અને સાત ચક્ર સમજવાથી બ્રહ્માંડના રહસ્યો સમજી શકાય છે. અગાઉ લખ્યા મુજબ શ્રી ચક્ર એ યુનિવર્સનો જ કોડ છે એટલે કે બ્રહ્માંડના રહસ્યોની જ ચાવી છે અને બ્રહ્માંડનો જ નકશો છે જેમાં દરેક લોક અને દરેક કાળ નિહિત છે. સ્વયં એક શ્રીચક્ર છીએ એ વિભાવના આ સાધનામાં ખુબ મહત્વની છે, પ્રકૃતિના તમામ વિભાગો શ્રીચક્રને જ પ્રસ્તુત કરે છે પણ જયારે આપણે આપણી જાતને જ શ્રીચક્ર તરીકે લઈએ ત્યારે આ ભાવ આપણી અંદર આત્મિક રીતે બેસે છે અને તેના દરેક પાસાને આપણે અનુભવી શકીએ છીએ જેમ કે શ્રીયંત્ર ઉપાસનામાં, શરીરના વિવિધ અંગો શ્રીયંત્રના વિવિધ ભાગો તરીકે જોવામાં આવે છે બ્રહ્મરંધ્ર એ બિંદુચક્ર છે તો મસ્તિષ્ક એ ત્રિકોણ છે લલાટ અષ્ટકોણ છે આ રીતની વિભાવના શ્રીસાધનામાં જરૂરી બને છે જો કે એમાં મુખ્ય રીતે આપણો ભાવ છે જેમાં બ્રહ્મા, ઈન્દ્ર, નવગ્રહ, ૨૭ નક્ષત્ર, ૧૨ રાશિઓ, વાસુકિ અને અન્ય સર્વ, યક્ષ, રાક્ષસ, ગંધર્વ, કિન્નર, દિગ્ગજ, ઉચ્ચૈઃશ્રવા, શસ્ત્રો, પર્વતો, સમુદ્રો, નદીઓ, શહેરો અને રાષ્ટ્ર બધું શ્રીયંત્રમાં સમાયેલ છે.જેમાં મધ્યમાં બિંદુ પરમ તત્વનું પ્રતીક અને ત્રિકોણ શિવ શક્તિ નિર્દર્શિત કરે છે જયારે આઠ અંદરની પાંખડીઓ, સોળ બહારની પાંખડીઓ વિવિધ શક્તિઓના પ્રતીક છે. પાંખડીઓ પૃથ્વીલોકનો કોડ બને છે અને અહીંની જીવંતતા દર્શાવે છે!!!


## આજે વિશ્વ હાઈપર ટેન્શન દિવસ

# યુવાધન બ્લડ પ્રેશરને ઈગ્નોર ન કરે આ સાયલન્ટ કિલર રોગ છે !

## દવા ઉપરાંત લાઈફ સ્ટાઈલ મોડીફીકેશન, ડાયટ પ્લાન, ફિઝિકલ એક્ટિવિટી અને હોમ બી.પી. મોનિટરિંગ જરૂરી

**અબતક, રાજકોટ**

ઘણાં રોગ એવા હોય છે કે જે શરીરમાં પ્રવેશી જાય તે પછી પણ ઘણા કિસ્સાઓમાં દર્દીને ખ્યાલ પણ નથી રહેતો, કેમકે શરૂઆતમાં તેમના કોઈ બાહ્ય લક્ષણો દેખાતા નથી. હાઈ બ્લડપ્રેશર એક આવી જ બીમારી છે.




લોકોમાં હાઈ બ્લડપ્રેશર વિશે જાગૃતિ લાવવા, હાઈ બ્લડપ્રેશરને રોકવા તેમજ તેની તપાસને પ્રોત્સાહન આપવા વિશ્વમાં દર વર્ષે ૧૭ મે ના રોજ "વિશ્વ હાઈપર ટેન્શન દિવસ" ઉજવવામાં આવે છે. જેની વર્ષ ૨૦૨૫ ની થીમ છે "તમારા બ્લડપ્રેશરને સચોટ રીતે માપો, તેને નિયંત્રિત કરો, લાંબુ જીવો."

એઈમ્સ હોસ્પિટલ રાજકોટનાં ડિપાર્ટમેન્ટ ઓફ મેડિસિનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.કોમલ કુમાર જાંગીડે હાઈપર ટેન્શનથી બચવા શું કરવું? તપાસ, નિદાન, નિયમિતતા, ખાનપાન, ફિઝિકલ એક્ટિવિટી વગેરે અંગે જરૂરી સૂચનો કર્યા હતા.

ડો.કોમલકુમારએ કહ્યું કે, શહેરી વિસ્તારમાં ૬૦ વર્ષ સુધીના દર ત્રીજી વ્યકિતને બી.પી. છે, જ્યારે ગ્રામીણ વિસ્તારમાં દર ચોથા કે પાંચમાં વ્યક્તિમાં બી.પી.ની સમસ્યા જોવા મળે છે. ૩૫ વર્ષના તંદુરસ્ત યુવાનોએ પણ વર્ષમાં એક વખત બી.પી. તપાસવું જોઈએ, અને જો પરિવારમાં કોઈને બી.પી. હોય તો ૩૦ વર્ષની વયથી જ નિયમિત તપાસણી કરાવવી જોઈએ. કેમકે બી.પી. સાયલન્ટ કિલર છે. ૧૪૦,૧૫૦ કે ૧૬૦ સુધી બી.પી.માં કોઈ ખ્યાલ નથી રહેતો પણ ધીમે ધીમે આગળ વધે અને શરીરનાં અંગોને નુકસાન કરે છે. ૧૮૦ આસપાસ બી.પી.માં દર્દીને પાછળની બાજુ માથું દુખવું, ચક્કર આવવા, જોવામાં તકલીફ, છાતીમાં દુખાવો કે ગભરાહટ, પરસેવો આવવો વગેરે જેવા લક્ષણ જોવા મળે, જો આમ થાય તો તુરંત દવાખાને જવું જોઈએ.

બી.પી.ની ટ્રીટમેન્ટ ફક્ત દવા નથી, ખાનપાન અને લાઈફ સ્ટાઈલ ખૂબ જ અગત્યનું છે.

દરેક વ્યકિતએ જમવામાં પરંપરાગત ભોજનનો ઉપયોગ કરવો જોઈએ. લાઈફ સ્ટાઈલ મોડીફીકેશન, ડેશ ડાયટ, ફિઝિકલ એક્ટિવિટી અને હોમ બી.પી. મોનિટરિંગ ખૂબ જ અગત્યનું છે. નમક, અથાણાં, પાપડ, ફાસ્ટફૂડ, તેલ વગેરે શક્ય હોય ત્યાં સુધી ખૂબ જ ઓછું લેવું જોઈએ. ડેશ (Dash) ડાયટ પ્લાનનો અમલ કરવો જોઈએ.

ડોક્ટર કોમલકુમારે વધુમાં કહ્યું કે, આપણે સદીઓથી જે ખાવાનું ખાઈએ છીએ, જેનાથી આપણું શરીર બંધાયું છે. તે પરંપરાગત ખોરાક જ શક્ય હોય ત્યાં સુધી લેવો જોઈએ. જો બી.પી.ને ઈગ્નોર કરવામાં આવે તો હાર્ટ એટેક, કિડની ફેલ થવી કે બ્રેઈન સ્ટોક વગેરે બીમારીને નિમંત્રણ આપવા બરાબર છે. બી.પી.ને ઈગ્નોર ન કરવું, જેમને બી.પી. હોય તે પણ નોર્મલ લાઈફ જીવી શકે છે. માટે બી.પી. આવે તો ડરવું નહીં તેને મેનેજ કરી શકાય છે. ડોક્ટર પાસે રેગ્યુલર તપાસની સાથે સાથે ઘરે સાધન ખરીદી હોમ બી.પી. મોનિટરિંગ કરવું જરૂરી છે. ઉપરાંત નિયમિત કસરત તેમજ દરરોજ ૪૫ મિનિટ ચાલવું, યોગાસન કરવા તેમજ ડોકટરની સલાહ મુજબ નિયમિત ચેકઅપ અને દવા ખૂબ જ જરૂરી છે તેમ જણાવ્યું હતું.

# ઉનાના મહાકાલી ફાર્મ હાઉસમાં મગરના આંટાફેરાથી લોકો ભયગ્રસ્ત

## વન વિભાગ દ્વારા મહા મહેનતે પાંજરે પુરી મગરનું રેસ્કર્યુ કરાતા લોકો ભયમુક્ત



**અબતક, ઉના**

ઊના શહેરની સીમમા અંજાર કોઠારી જતા રોડ ઉપર ઊનાના ચંદુભાઈ એલ. જાની ની મહાકાલી ફાર્મ હાઉસમાં આજે મોડી રાત્રે રહેણાક મકાનના ફળિયામા એક વિશાળ કાય પાંચ ફૂટનો મગર આવી ગયો હતો ત્યાં રહેતા બાબુ ભાઈ જોઈ જતા આજુ બાજુના વાડીમાં રહેતા લોકોને જાણ કરતા આવી ગયા હતા અને ઊનાના વન વિભાગની કચેરીના અધિકારીને જાણ કરતા તુરંત રાત્રે બે વાગ્યે પાંજરું અને રેસ્ક્યુ ટીમ સાથે આવી એક કલાકની મહામહેનતે પાંજરે પૂરી વન વિભાગની જસાધાર ગીર કચેરીએ લઈ જઈ લોકોને ભય મુક્ત કર્યા હતા.

## પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ ⇌ લાલકુઆં વચ્ચે વિશેષ ટ્રેન દોડાવવામાં આવશે

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૫૦૪૬ | રાજકોટ – લાલકુઆં | ૧૯.૦૫.૨૦૨૫ થી ૩૦.૦૬.૨૦૨૫ | ૨૨:૩૦ કલાકે (સોમવાર) | ૦૪:૦૫ કલાકે (બુધવાર) |
| ૦૫૦૪૫ | લાલકુઆં – રાજકોટ | ૧૮.૦૫.૨૦૨૫ થી ૨૯.૦૬.૨૦૨૫ | ૧૩:૧૦ કલાકે (રવિવાર) | ૧૮:૧૦ કલાકે (બીજા દિવસે) |

વિરામઃ વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાર ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટાણ, મેર્તા રોડ, ડેગાણા, મકરાણા, કુચામન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાઉન, બરેલી, બરેલી સિટી, ઈજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશન બંને દિશાઓમાં દોડશે.

રચનાઃ ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર, એસી ૩-ટાયર અને સ્લીપર ક્લાસ કોચીસ.

સમય, વિરામ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.


ટ્રેન નંબર ૦૫૦૪૬ માટે બુકિંગ ૧૭.૦૫.૨૫થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો







## તંત્રી લેખ

# મુસિબતના માવઠાં

કુદરત જાણે જગતાતથી રૂઠી હોય તેવું લાગી રહ્યું છે. મે માસમાં મુસિબતના માવઠા વરસી રહ્યા છે. કેસર કેરી સહિત તમામ ઉનાળુ પાકનો નિકંદન નિકળી ગયું છે. ખેડૂતો પાસે આકાશ સામે મોંઢુ માંડીને બેસવા સિવાય કોઈ જ વિકલ્પ રહ્યો નથી. ખેતરોમાં તૈયાર થયેલા પાકોને માવઠાએ મુરઝાવી દીધા છે.

હજુ પાંચ દિવસ કમોસમી વરસાદની આગાહી હોય માનવ કુદરતની કરામત સામે લાચાર બની ગયો છે. સંપૂર્ણપણે આકાશ પર નિર્ભર રહેતા ખેડૂતને વર્ષમાં અનેકવાર મુસિબતનો સામનો કરવો પડે છે. ચોમાસાની સિઝનમાં જ્યારે મેઘકૃપાની જરૂરિયાત હોય ત્યારે મેઘો વરસતો નથી અને જ્યારે વરસાદની કોઈ જ જરૂરિયાત કે શક્યતા ન હોય ત્યારે માવઠા વરસી મુસિબત સર્જી દે છે.

હાલ મે માસમાં સામાન્ય રીતે આકાશમાંથી અગ્નિવર્ષા થવી જોઈએ પરંતુ મોસમનો બેવડો મિજાજ જોવા મળી રહ્યો છે. બપોર સુધી આકાશ આગ ઓકે છે અને બપોર બાદ આકાશમાંથી જળવર્ષા થાય છે. મોસમના આવા બેવડા મિજાજનો સૌથી વધુ ફટકો જગતના તાતને પડી રહ્યો છે.

છેલ્લા એક સપ્તાહથી રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસી રહ્યો હોવાના કારણે કેરી સહિતના મોટાભાગના ઉનાળુ પાકનો સત્યનાશ નિકળી ગયો છે. ગમે ત્યારે આકાશમાં કાળા વાદળો ચડી આવે છે અને મુસિબત વરસાવવા માંડે છે.

હેપ્પી ડેઈઝ આર હિયર અગેઈન : શેર બજાર

# બોર્ડર પર ટેન્શન ખતમ થતા શાંતિ સ્થાપતા શેરબજાર ફરી ખીલી ઊઠ્યું

## ટેરિફ વોરને લઈને પણ ડોનાલ્ડ ટ્રમ્પ કુણા પડ્યા :પ્રાઈમરી માર્કેટમાં પણ આઈ.પી.ઓ આવવાના શરૂ થયા

**અબતક રાજકોટ**

શેરબજારમાં હેપ્પી ડેઈઝ આર હિયર અગેઈન જેવુ વાતાવરણ જોવા મળી રહ્યું છે.ઘણા દિવસો,બલ્કે મહિનાઓથી બજારમાં મંદીનું વાતાવરણ હતું.વિદેશી રોકાણકારો શેરો વેચી રહ્યા હતા.અધૂરામાં પૂરું ટેરીફ વોરનું પણ ભૂત જાગ્યું હતું ,અને છેલ્લે-છેલ્લે ભારત પાકિસ્તાન બોર્ડર પર તંગ દિલ્હી વધતા શેર બજાર તૂટતું જતું હતું. ત્યાર પછી થયેલી એર સ્ટ્રાઈકને લઈને શેરબજાર સુધરે તેવી કોઈ શક્યતાઓ નહોતી દેખાતી.

પરંતુ પરિસ્થિતિ હવે બદલાઈ ગઈ છે. બોર્ડર પર ટેન્શન નથી. સીઝ ફાયર નો અમલ ચાલુ છે.ડોનાલ્ડ ટ્રમ્પ પણ ટેરીફ વોરને લઈને બધા દેશો સાથે વાટા ઘાટો કરી રહ્યા છે.ટેરીફ વોર ધીમી પડી ગઈ છે. મંદ પડી ગઈ છે. બાકી હતું તો વિદેશી રોકાણકારો પણ ભારતીય શેર બજારમાં ખરીદી કરવા લાગ્યા છે. પરિસ્થિતિ પ્રતિકૂળ માંથી સાનુકૂળ બની છે.

પ્રાઈમરી માર્કેટમાં પણ સળવળાટ થઈ રહ્યો છે.આઈ.પી.ઓ આવવા લાગતા પ્રાઈમરી માર્કેટના ઓપરેટરો પણ સક્રિય બન્યા છે.એટલે એવું કહી શકાય કે હેપ્પી ડેઈઝ આર હિયર અગેઈન. જો શેર બજારમાં હવે નેગેટિવ ન્યુઝ નહીં આવે તો પોઝિટિવ તો ઘણા ન્યૂઝ અગાઉ આવી જ ગયા છે.જેમ કે વ્યાજ દરોમાં ઘણો ઘટાડો થઈ ગયો છે.



ઉપરાંત જી.એસ.ટી કલેકશન રેકોર્ડ સ્તર પર પહોંચ્યું છે. ધંધા-રોજગારમાં સુધારો જોવાઈ રહ્યો છે.કંપનીઓના પરિણામો પણ એટલા ખરાબ નથી આવ્યા.કારણકે એડવાન્સ ટેક્સ કલેક્શન પણ વધ્યું છે. ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પણ કર મુક્ત થતા લોકો રૂપિયા ખર્ચી શકશે.આમ, જો કોઈ નકારાત્મક સમાચારો નહીં આવે તો સારા સમાચાર કે જે શેર બજાર ની તેજી માટે પૂરતા છે તે તો અગાઉથી જ આવી ચૂક્યા છે

હવે ચોમાસા ઉપર થોડો બજારનો મદાર રહેશે. કારણ કે આપણો દેશ કૃષિ પ્રધાન છે .ચોમાસું જો સારું જાય તો શેરબજારની તેજીને વેગ મળે એટલે શેર બજાર માટે અને આપણા અર્થતંત્ર માટે પણ ચોમાસુ મહત્વનો ભાગ ભજવશે,અને જો સારું ચોમાસું જાય તો સેન્સેક્ષ કદાચ નવો હાઈ પણ બનાવી શકે છે.

હવે જોવાનું ફક્ત એક જ છે કે ટ્રમ્પ સાહેબ જે નિવેદનો આપી રહ્યા છે તેમાં સંયમ જાળવે કેમકે હમણાં જ એણે એવું ટ્વિટ કરેલું છે કે જેમાં એપલ ના સી.ઈ.ઓ ટીમ કુક ને કહ્યું છે કે તેઓ એપલનું મેન્યુફેક્ચરિંગ ભારતમાં ન કરે. ટ્રમ્પ ના આવા નિવેદનોની નેગેટિવ અસર પડતી હોય છે.બીજી બાજુ તેમણે એવું પણ કહ્યું છે કે ભારત ઝીરો ટેરિફ થી અમારી સાથે બિઝનેસ કરવા તૈયાર છે. આવા નિવેદનો અને તે પણ ક્યારેક ઘણા વિચિત્ર નિવેદનોની ઘણી પ્રતિકૂળ અસર પડતી હોય છે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર શેર બજારમાં છેલ્લા ત્રણ-ચાર ટ્રેડિંગ સેશન થી વોલ્યુમ માં ઉછાળો જોવા મળ્યો છે. સ્મોલ કેપ - મીડ કેપ માં તેજી જોવા મળી રહી છે. રોકાણકારોને હવે રોકાણ કરવામાં બીક નથી લાગતી. કારણકે બોર્ડર પર શાંતિ છે. ટ્રમ્પ સાહેબ પણ ટેરીફ વોરને લઈને થોડા શાંતિથી નિર્ણયો લઈ રહ્યા છે.પ્રાઈમરી માર્કેટમાં અસંખ્ય આઈ.પી.ઓ પાઈપલાઈન માં છે અને આવવાની તૈયારીમાં છે.આ વીક માં જ બે ઓ.એફ.એસ પણ બજારમાં આવી ગયા છે અને શેરોમાં ફ્લોર પ્રાઈસ થી ઊંચા ભાવની બીડ થઈ છે.સક્સેસફૂલી પાસ થઈ ગયા છે અને આવનારા અઠવાડિયે બે મેઈન બોર્ડ આઈ.પી.ઓ અને એસ.એમ.ઈ આઈ.પી.ઓ પણ ઘણા આવી રહ્યા છે. બજારમાં સાનુકૂળ વાતાવરણ જોવા મળી રહ્યું છે.રોકાણકારોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# જસદણમાં ચોમેર 'ઓપરેશન સિંદુર'ની સફળતા ગુંજ: સેનાને બિરદાવવા નીકળી તિરંગા યાત્રા

## હિન્દુ- મુસ્લીમ આગેવાનો સહિતના મહાનુભાવો જોડાઈને દેશભકિતના રંગે રંગાયા

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

ભારતીય સેનાના ઓપરેશન સિંદૂરની અભૂતપૂર્વ અને ઐતિહાસિક સફળતાની ઉજવણી કરવા જસદણમાં એક ભવ્ય તિરંગા યાત્રા યોજાય જેમાં હજ્જારો જસદણવાસીઓ જોડાય દેશપ્રેમ વહાવ્યો હતો ઓપરેશન સિંદૂર બાદ દેશભરમાં સેનાના જવાનોને બિરદાવવા માટે તિરંગા યાત્રા યોજાય રહી છે તે અંતર્ગત જસદણના વીંછિયા રોડ પરથી જુના બસસ્ટેન્ડ પર આવેલ ડો. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાને ફુલહાર બાદ આ તિરંગા યાત્રાનું સમાપન થયું હતું આ અંગે જસદણ શહેર



ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે જમ્મુ કાશ્મીરના પહેલગામમા પ્રવાસીઓ પર થયેલ હુમલાની ઘટના બાદ ઓપરેશન સિંદૂર મારફત ભારતીય સેનાએ નાલાયક પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે ભારતીય સેનાના આ ભવ્ય પરાક્રમને બિરદાવવા જસદણમાં તિરંગા યાત્રા યોજાય જેમાં જસદણ ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા જસદણ નગરપાલિકાના પ્રમુખ અને સભ્યો સંગઠનના હોદ્દેદારો કાર્યકરો આ ઉપરાંત દેશ ભક્તિની ભાવના ધરાવતાં હિન્દુ મુસ્લિમ નાગરિકો સહિત આ તિરંગા યાત્રામાં જોડાય દેશ ભક્તિનો જબરો માહોલ બનાવ્યો હતો વિજયભાઈ રાઠોડએ વધુમાં જણાવ્યું હતું કે આ તિરંગા યાત્રાનો મૂળભૂત હેતુ એ હતો કે ભારતીય સેનાનો આ થકી હોસલો વધે દેશના કાર્યક્રમમાં લોકો સ્વયંભુ જોડાયા જે અંગે વિજયભાઈએ જાહેર આભાર પણ વ્યક્ત કર્યો હતો.

# યોગ ભગાવે રોગ: જૂનાગઢ જિલ્લામાં ૨૦૦ સ્થળોએ નિ:શુલ્ક યોગ શિબિરનો ધમધમાટ

## કમરના દુ:ખાવા, ઘૂંટીના દુ:ખાવા, પેટાના દુ:ખાવાની રાહત માટે તેમજ આરોગ્યવર્ધક જીવનશૈલી માટે યોગ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

નાગરિકોને નિ:શુલ્ક યોગ અભ્યાસનો લાભ મળી શકે તે માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જૂનાગઢ જિલ્લામાં ૨૦૦ થી વધુ જગ્યાએ યોગ શિબિર કાર્યરત છે. આ તમામ સ્થળોએ યોગ નિષ્ણાંત સેવા આપી રહ્યા છે, સાથો સાથ નાગરિકોને આરોગ્યપ્રદ જીવનશૈલી માટે પણ પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.જેમાં શહેરની વાત કરીએ તો, જૂનાગઢ શહેરમાં ૧૬૦ જેટલા યોગ કલાસ શરૂ છે. જૂનાગઢ શહેરમાં ટીંબાવાડી, ઝાંઝરડા રોડ, જોશીપરા, દોલતપરા ,ખલીલપુર રોડ, કૃષિ યુનિ. સહિતના



વિસ્તારોમાં યોગ ચાલી રહ્યા છે. કેટલીક જગ્યાએ સવારે અને સાંજે એમ બે વખત એક એક કલાકના યોગ વર્ગ હોય છે. આ ઉપરાંત ભેંસાણ, વંથલી, માળીયાહાટીના, મેંદરડા, વિસાવદર, માણાવદર અને જૂનાગઢ તાલુકામાં પણ યોગ કલાસ કાર્યરત છે.

જૂનાગઢ જિલ્લામાં યોગના વ્યાપ વધી રહયો છે. આ અંગે જિલ્લા કોર્ડીનેટર ચેતનાબેન ગજેરાએ જણાવ્યું હતું કે, જૂનાગઢ જિલ્લામાં યોગ પ્રત્યે નાગરિકોમાં સભાનતા વધી રહી છે. લોકો યોગ પ્રત્યે જાગૃત થયા છે. કાયમી ફક્ત એક કલાક યોગ માટે ફાળવવાથી લોકોના હજારો રૂપિયાની બચત થઈ રહી છે. યોગ થકી કમરનો દુખાવો, ઘૂંટીનો દુખાવો, પેટનો દુખાવો, ઉપરાંત ચાનું વ્યસન, નકારાત્મક વિચારોથી પણ મુક્તિ મળી છે.

# ઉપલેટામાં કાલે મુસ્લીમ સમાજની સામાજીક સંસ્થાઓ દ્વારા રકતદાન કેમ્પ

## કે.જી. એન ગ્રુપ અને કિંગ સ્ટાર ગ્રુપ દ્વારા રકતદાન કરવા અપીલ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાની મુસ્લીમ સમાજના સામાજીક અને સેવાભાવી સંસ્થાના ઉપક્રમે આવતી કાલે સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી લોહાણા મહાજનવાડી સતીમાની ડેરી ઉપલેટામાં કે.જી. એન ગ્રુપ અને કિંગ સ્ટાર ગ્રુપ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.આ રકતદાન કેમ્પની માહીતી



આપતા આયોજકોએ જણાવેલ કે ઓપરેશન સિંદુર અંતર્ગત મા ભોમની રક્ષા કાજે ઘવાયેલા નવજવાનો તેમજ પીર સૈયદ અબા મુઝમ્મીલ બાપુના જન્મ દિવસે શહેરમાં એકતા અને દેશ પ્રેમની એક કાયમી મશાલ બની રહે તેના માટે મેગા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં શહેરના સામાજીક, રાજકીય પક્ષો તેમજ વિવિધ સમાજ શ્રેષ્ઠીઓ મુસ્લીમ સમાજના આગેવાનો હાજર રહેશે.

# રાજકોટથી લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે: આજથી બુકિંગ શરૂ

**અબતક, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટથી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર ૦૫૦૪૬/૦૫૦૪૫ રાજકોટ-લાલકુઆં વીકલી સ્પેશિયલ (૧૪ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ રાજકોટથી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૪.૦૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૧૯ મે, ૨૦૨૫ થી ૩૦ જૂન,૨૦૨૫સુધી ચાલશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી ૧૩.૧૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૧૮ મે, ૨૦૨૫થી ૨૯ જૂન, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાયું, બરેલી, બરેલી સિટી, ઈજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશન પર રોકાશે.આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકંડ એસી, થર્ડ એસી અને સ્લીપર કલાસના કોચ હશે.ટ્રેન નંબર ૦૫૦૪૬નું બુકિંગ ૧૭ મે, ૨૦૨૫થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# હિંમતનગર: સૈન્યના શોર્યને બિરદાવતી તિરંગા યાત્રામાં બહોળી સંખ્યામાં શહેરીજનો જોડાયા

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરમાં ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપે જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવી હતી. આ યાત્રા



હિંમતનગરના વૈશાલી ગ્રાઉન્ડ ખાતેથી શરૂ થઈ મહાવીર નગર તેમજ હિંમતનગરના વિવિધ વિસ્તારોમાં થઈ ટાવર ચોક સુધી યોજાઈ હતી. શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરાયેલી કાર્યવાહીને બિરદાવવા, ઓપરેશન સિંદૂરની સફળતાના ભાગરૂપે યોજાયેલી આ તિરંગા યાત્રામાં દેશભક્તિનો માહોલ ઠેર-ઠેર જોવા મળ્યો હતો.

આ યાત્રામાં લોકસભા સાંસદ શોભનાબેન બારૈયા, રાજ્યસભા સાંસદ રમીલાબેન બારા, હિંમતનગર ધારાસભ્ય વી.ડી ઝાલા, ઈડર ધારાસભ્ય રમણલાલ વોરા, પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા અગ્રણી કનુભાઈ પટેલ, ગજેન્દ્રભાઈ સકસેના, કૌશલ્યા કુંવરબા પરમાર, સહકારી આગેવાન મહેશભાઈ પટેલ, જેઠાભાઈ પટેલ, શાંતિ ગીરી મહારાજ, જે. ડી પટેલ સહિત વિવિધ સંગઠનના પ્રદેશ તેમજ જિલ્લાના પદાધિકારીઓ, વિવિધ મોરચાના અને સંગઠનના હોદ્દેદારો તેમજ સમગ્ર સાબરકાંઠાના આગેવાનો હિંમતનગરના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છ: અખિલ ભારતીય ક્રિડા ભારતીના પદાધિકારીઓની કરાય નિમણુંક

## અધ્યક્ષપદે કેસરા પીંડોરીયા, ઉપાધ્યક્ષપદે દિનેશ ડાકી કુલ દિપસિંહ જાડેજા અને ડો. વિપુલ મોદીની વરણી



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

અખિલ ભારતીય કીડા ભારતીની કચ્છ વિભાગની મહત્વપૂર્ણ બેઠક સંઘ કાર્યાલય કાશીનાથ ભવન ખાતે મળી હતી. આ બેઠકમાં અખિલ ભારતીય ક્રીડા ભારતી વ્યવસ્થાપક મિલિંદ ડાંગેજીગ તથા રમેશભાઈ પ્રજાપતિ (મંત્રી - ગુજરાત પ્રાંત કીડા ભારતી), તેમજ અશોકભાઈ ગાંધી (મંત્રી - સૌરાષ્ટ્ર પ્રાંત કીડા ભારતી) ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.આ બેઠકમાં કચ્છ વિભાગના નવનિયુક્ત પદાધિકારીઓ તરીકે કેસરાભાઈ પીંડોરીયાને અધ્યક્ષ તરીકે અને દિનેશ એલ. ડાકી, કુલદીપસિંહ જાડેજા, ડો. વિપુલભાઈ મોદીને ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. મંત્રી તરીકે શૈલેષભાઈ માળી, સહમંત્રી તરીકે વિપુલભાઈ ઓઝા અને કિશોરભાઈ કે. નટની પ્રચાર પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ઉપરાંત, જીનલબેન ખેતાણી અને ચેતનાબેન જોશીની માતૃશકિત પ્રમુખ તરીકેની જવાબદારી નક્કી કરવામાં આવી હતી.ડો. વી.એમ. ચૌધરીને કીડા ભારતી કચ્છના વાલી તેમજ સૌરાષ્ટ્ર પ્રાંત કીડા ભારતીના કાર્યકારીણી સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ઉપરાંત શાંતિલાલ પટેલ , પ્રવિણસિંહ પઢેરીયા, કુલદીપસિંહ ચાવડા, ખેંગાર જોગી, સચિન વાગડીયા સહિતના કારોબારી સભ્યો ની વરણી કરવામાં આવી હતી આ બેઠક દ્વારા કચ્છ વિસ્તારમાં કીડા ભારતીની પ્રવૃત્તિઓને વધુ ગતિશીલ અને શ્રેષ્ઠ બનાવવાના ઉદ્દેશ્યથી આયોજિત આયોજન તેમજ સંકલ્પોની ચર્ચા કરવામાં આવી હતી.

# ધોરાજી: સિંધી સમાજના યુવા અગ્રણી અજય પારવાળીનો જન્મદિવસ



ધોરાજીના સિંધી સમાજના યુવા અગ્રણી અને ભૂતપૂર્વ ભાજપના મંત્રીના પુત્ર અજય પારવાણીનો આજે જન્મદિવસ છે. જન્મદિવસ નિમિત્તે સગા સંબંધીઓ સ્નેહ મિત્રો દ્વારા અજયને તેમના મોબાઈલ નં.૯૬૮૭૨૮૪૨૮૯ પર શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે. તેમના મિત્રો રવિ, અશ્વિન, ભૌતિક, દિવ્યેશ, ધવલ, દીપ તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# મુસ્લિમ સમાજનું ગૌરવ

**અબતક, અબ્બાજાન નકવી, કોડીનાર**



ઈસ્લામિક પ્રેજેન્ટસ ગદીરી પર્લસ.ની.સ્પીચ માં ઈસ્લામિક સુરશહ ઈંગલિશ માં બોલી પ્રથમ નંબર લાવતી (૮)આઠ વરસ ની દીકરી સૈયદશ અરસિયા ફાતેમા જે નાઝીમઅબ્બાસ સુજાતહુંસૈન.બુખારી (મહુવા વાલા)ની દીકરી અને ફાતેમા ફાઉન્ડેશન ના પ્રેસિડેન સૈયદાફાતેમા. ના નવાસી તેમજ મહંમદમહેંદી સિપતે હસન નકવી (મહુવાવાલા)ના ભાણેજ ને દેશ. વિદેશ.થી.મુબારકબાદી ની વરસા થઈ રહી છે.

# ગીરગઢડા તાલુકાના મધ્યાહ્ન ભોજન કેન્દ્રોમાં સંચાલકની ભરતી કરાશે

## તા.૩૧મી મે સુધી અરજદારો અરજી કરી શકશે

**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ગીર સોમનાથ જિલ્લામાં ગીર ગઢડા તાલુકાની મહોબતપરા પ્રા.શાળા, સણોસરી પ્રા.શાળા અને કંસારીયા પ્રા.શાળામાં મધ્યાહ્ન ભોજન કેન્દ્રોમાં સંચાલકની નિમણૂક કરાશે.શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ગમે ત્યારે વગર નોટીસે છૂટા કરવાની શરતે અને હંગામી ધોરણે વ્યવસ્થાપક (સંચાલક-કમ-કૂક)ની જગ્યા પર નિમણૂક માટે રસ ધરાવતા અરજદારોએ ગીર ગઢડા, મામલતદાર કચેરી ખાતે તા. ૩૧/૦૫/૨૦૨૫ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.અરજીનો નમૂનો ગીર ગઢડા, મામલતદાર કચેરીની પી.એમ.પોષણ યોજના શાખા માંથી મળશે. અરજીમાં



તમામ વિગતો તથા જે શાળા/કેન્દ્ર માટે અરજી કરેલી છે. તે સ્પષ્ટ કરવાની રહેશે. અરજી સાથે જોડવાના થતા તમામ પ્રકારના પ્રમાણપત્રોની ખરી નકલ જોડવાની રહેશે. અધૂરી વિગતોવાળી તથા નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.સ્થાનીક સ્ત્રી ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. જો સ્થાનિક વ્યક્તિ ન મળે તો નજીકના ગામની વ્યક્તિ અથવા વિધવા અને ત્યક્તા મહિલાને અગ્રતા આપવામાં આવશે. ઉમેદવારની પસંદગી અનુભવ અને શૈક્ષણિક લાયકાતના આધારે જોગવાઈઓને આધીન કરવામાં આવશે. પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે. એમ ગીર ગઢડા, મામલતદારની એક યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ આવતો રૂ ૧.૦૪ કરોડનો વિદેશી દારૂ ભરેલો ટ્રક નવસારીથી ઝડપાયો

## ગોવાથી ૮૭૪૮ દારૂની બોટલ ભરીને આવતા રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ, બે શખ્સોની શોધખોળ: રૂ.૧.૩૦ કરોડનો મુદ્દામાલ કબ્જે

### નવસારી એલસીબીએ વોચ ગોઠવી પૂંઠાના બોક્સમાંથી ૭૨૯ પેટી શરાબ કબ્જે કર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ આવતો રૂ. ૧.૦૪ કરોડનો વિદેશી દારૂ ભરેલો ટ્રક નવસારીથી ઝડપાયો છે. નવસારી એલસીબી ટીમે બાતમીના આધારે ગોઠવેલી વોચ દરમિયાન શંકાસ્પદ ટ્રકને અટકાવી જડતી કરતા પૂઠાના બોક્સમાં છુપાવેલો ૭૨૯ પેટી શરાબ મળી આવ્યો હતો. મામલામાં પોલીસે દારૂની ૮૭૪૮ બોટલ, ટ્રક, રોકડ, મોબાઈલ મળી કુલ રૂ. ૧.૩૦ કરોડનો મુદ્દામાલ કબ્જે ચાલકની ધરપકડ કરી છે.



દારૂ મંગાવનાર અને મોકલનાર સહીતના શખ્સોંની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

નવસારી રૂરલ પોલીસને બાતમી મળી હતી કે એક કન્ટેનર ટ્રકમાં ગોવાથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી નેશનલ હાઈવે નં.૪૮ ઉપર વલસાડથી ચીખલી વાયા નવસારી થઈ સુરત તરફ જનાર છે. જે બાતમીના આધારે નવસારી અષ્ટ્રાગામની હદમાં નેશનલ હાઈવે નંબર ૪૮ મુંબઈ થી અમદાવાદ જતા રોડ ઉપર વોચ ગોઠવી કન્ટેનર ટ્રકને ઝડપી પાડયો હતો. પોલીસે તેમાં તપાસ કરતા ૭૨૯ પૂઠાના બોક્સમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૮૭૪૮ બોટલ જેની કિંમત ૧,૦૪,૯૭,૬૦૦ મળી આવી હતી. જેથી પોલીસે દારૂનો જથ્થો, કન્ટેનર, એક મોબાઈલ તેમજ આરોપીની અંગઝડતીમાંથી મળી આવેલા રોકડા રૂપિયા ૧૯૦૦ સહીત કુલ ૧,૩૦,૪૦, ૫૦૦ રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો.

આ ઘટનામાં પોલીસે રાજસ્થાનના વતની ડુંગરસિહ પ્રતાપસિંહ ચૌહાણ (ઉ.૪૬) નામના ટ્રક ચાલક ઝડપી પાડ્યો છે. જયારે આ ઘટનામાં સુરેન્દ્ર હજારીસિંગ રાજપૂત અને સતુભાઈ ઉર્ફે બાપુ ઉર્ફે બુઢોને વોન્ટેડ જાહેર કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય બાબત છે કે, પોલીસે ચાલકની પૂછપરછ કરતા દારૂનો જથ્થો રાજકોટ લઈને આવવાનો હતો તેવું જણાવ્યું હતું.

# લીંબડી નજીક હોટલમાં નશીલા પદાર્થનો કાળા કારોબાર ચાલતો હોવાનો પર્દાફાશ

### એસ.ઓ.જી.એ દરોડો પાડી ૧૪.૫૯ કિલો પોષ ડોડવા અને મોબાઈલ સહિત કુલ રૂા.૪૮,૭૮૫નો મુદ્દામાલ સાથે ઢાબા સંચાલકની ધરપકડ: એમ.પી.ના શખ્સની શોધખોળ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલ અનેક હોટલોમાં ગેરકાયદે અસામાજીક પ્રવૃત્તિઓ થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે જેમાં અગાઉ પણ પોલીસ દ્વારા હાઈવે પર આવેલ હોટલોમાંથી ગેરકાયદેસર બાયોડિઝલ, કેમીકલ, અફીણ, ગાંજો સહિતની પ્રતિબંધીત વસ્તુઓઝડપી લીધી છે ત્યારે વધુ એક વખત સુરેન્દ્રનગર એસઓજી ટીમે પેટ્રોલીંગ દરમ્યાન હાઈવે પર આવેલ એક હોટલમાંથી પોશ ડોડવાના જથ્થા સાથે હોટલ માલીકને ઝડપી લીધો હતો. આ



અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ એસઓજી પોલીસે અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું જે દરમ્યાન બાતમીના આધારે લીંબડી-રાજકોટ હાઈવે પર જાખણ ગામના પાટીયા પાસે આવેલ રાજસ્થાની પંજાબી પવન ઢાબામાં રેઈડ કરી હતી જે દરમ્યાન ઢાબાના માલીક બલવિરસિંહ રતનસિંહ રાવત મુળ રહે.રાજસ્થાનવાળાને ગેરકાયદેસર પોશ ડોડવાનો જથ્થો ૧૪.૫૯ કિલો કિંમત રૂા.૪૩,૭૮૫ તેમજ મોબાઈલ ફોન કિંમત રૂા. ૫,૦૦૦ મળી કુલ રૂા. ૪૮,૭૮૫ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો અને લીંબડી પોલીસ મથકે નાર્કોટીક્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ઝડપાયેલ આરોપીની વધુ પુછપરછ કરતા મધ્યપ્રદેશ ખાતે રહેતા ફતેહસિંહ ખેમરાજે પોશ ડોડવાનો જથ્થો આપ્યો હોવાની કબુલાત કરી હતી. આથી પોલીસે તેની વિરૂધ્ધ પણ ગુન્હો નોંધી કાર્યવાહી કરી છે. નેશનલ હાઈવે પર આવેલ એક ઢાબામાં પોશ ડોડવાનો જથ્થો સંગ્રહ કર્યો હોવાછતાં સ્થાનીક પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નહોતી ત્યારે એસઓજી ટીમે સ્થાનીક પોલીસને અંધારામાં રાખી પોશ ડોડવા સાથે એક શખ્સને ઝડપી લેતા સ્થાનીક પોલીસની કામગીરી સામે ફરી શંકા ઉભી થઈ છે.

# ધ્રાંગધ્રા: પાંચ અબોલ જીવને કતલખાને જતા બચાવીલેતા જીવદયા પ્રેમી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા જીવદયા પ્રેમીને મળેલ બાતમી આધારે કચ્છ અમદાવાદ હાઈવે પર ધ્રાંગધ્રા ગુરુકુળ ચોકડી રોડ ઉપર પાચ પાડા ભરી ને જતી એક પીકઅપ બોલેરો ને જીવદયા પ્રેમી નાં કાર્યકરો એ રોકીને બોલેરો ગાડી ઝડપી પાડી હતી અને ધ્રાંગધ્રા તાલુકા પોલીસ હવાલે કરી હતી. છેલ્લા ઘણા સમયથી કચ્છ, મોરબી થી અમદાવાદ અને ધ્રાંગધ્રા પંથકના ખાસ કરીને રણકાંઠા અને છેવડાના ગામમાં થી અબોલ પશુઓ ની તસકરી થતી આવી છે જેમાં ધ્રાંગધ્રા ગૌ રક્ષકો લાંબા સમયથી પોતાની તમામ શક્તિઓ લગાડી અબોલ જીવોને કતલખાને પહોંચાડતા કાળા લોહીયાળ ધંધા ને ડામવા પ્રયત્નો કરતાં રહ્યા છે ત્યારે જીવદયા પ્રેમીના





કાર્યકર્તાઓને ને મળેલ બાતમી આધારે કચ્છ અમદાવાદ હાઈવે પર ગુરુકુળ ચોકડી પાસે ધ્રાંગધ્રા પાચ પાડા ભરી ને જતી એક પીકઅપ બોલેરો ને કાર્યકરો એ રોકીને પલાસી લેતા તેમાંથી પાંચ પાડા ગેરકાયદેસર રીતે ભરીને કતલખાને લઈ જતા હતા જેને ઝડપીને ધ્રાંગધ્રા તાલુકા પોલીસ હવાલે કરી હતી જો કે કાર્યકરો દ્રારા પકડવામાં આવેલ બોલેરો આ પહેલા પણ પશુ તસ્કરી કરતી હાથે લાગી ચુકી છે ત્યારે હાલ પાચ જીવોને કતલખાને લઈ જતાં પાંચ પાડા અને બોલેરો પીકપ ગાડી પોલીસના હવાલે કરીને ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર જોખમી સ્ટંટ સાથે ટુ વ્હીલર્સ ચલાવનાર યુવકને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

### છુટ્ટા હાથે ટુ વ્હીલર ચલાવી પોતાનો અને વાહન ચાલકોના જીવ જોખમમાં મુકતો વીડિયો વાયરલ કરતા પોલીસે કરી કાર્યવાહી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં બાઈક પર તેમજ ટુ વ્હીલર પર જોખમી સ્ટંટ કરી તેનો વિડિયો કે રીલ બનાવી સોશ્યલ મીડીયામાં અપલોડ કરવાનો ક્રેઝ વધી ગયો હોય તેમ લાગી રહ્યું છે ત્યારે સુરેન્દ્રનગર એ-ડિવીઝન પોલીસે સોશ્યલ મીડીયામાં જોખમી સ્ટંટ સાથેનો વિડિયો અપલોડ કરનાર યુવકને ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સોશ્યલ મીડીયામાં ઈન્સ્ટાગ્રામના આઈડી પર એક યુવક સુરેન્દ્રનગરના સરદારસિંહ રાણા (મોરબીનો પુલ)



પર બને હાથ છુટા રાખી ટુ-વ્હીલર પુરઝડપે ચલાવતો તેમજ પોતાનો અને આસપાસથી પસાર થઈ રહેલા અન્ય વાહન ચાલકોનો જીવ પણ જોખમમાં મુકતો હોય તેવો વિડિયો (રીલ) પોતાના આઈડી પર અપલોડ કરી હતી જે રીલ અન્ય સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં એ-ડિવીઝન પોલીસે આ વાયરલ વિડિયોના આધારે તપાસ હાથધરી હતી અને વધુ તપાસ કરતા જોખમી સ્ટંટ કરતો યુવક અસલમ ઉર્ફે અસલો સાઉદીન જામ મીયાણા ઉ.વ.૨૭, રહે.સુધારા પ્લોટ રતનપરવાળો હોવાનું જણાઈ આવતા તેને ઝડપી પાડી એ-ડિવીઝન પોલીસ મથકે લાવી કાયદાનું ભાન કરાવ્યું હતું અને યુવક પાસે માફી મંગાવી તે અંગેનો વિડિયો પણ બનાવી પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણના કમળાપુરથી તમંચા સાથે ઝાલાવાડનો હિરેન ડણીયા ઝડપાયો

### સીન સપાટા કરવા હથિયાર સાથે રાખ્યાની રાજકોટ રૂરલ એસઓજી સમક્ષ કબુલાત: હથિયારના સોદાગર અંગે પૂછપરછનો દોર



**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય એસઓજીની ટીમે જસદણના કમળાપુર પાસેથી સુરેન્દ્રનગરના શખસને દેશી તમંચા સાથે ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની પુછતાછ કરતા તેણે આ હથિયાર શોખ માટે સાથે રાખ્યું હોવાનું જણાવ્યું હતું. આરોપી આ હથિયાર કોની પાસેથી લાવ્યો હતો તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.

જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ દ્રારા ગેરકાયદેસર હથિયાર રાખી હેરાફેરી કે, વેચાણ કરતા શખસો ઉપર વોચ રાખી તેને ઝડપી લેવા સૂચના આપવામાં આવી હોય જેને લઈ રાજકોટ ગ્રામ્ય એસઓજીના પીઆઇ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.નો સ્ટાફ ભાડલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હતો.દરમિયાન હેડ.કોન્સ શિવરાજભાઈ ખાચર, વિજયભાઈ વેગડ,મયુરભાઈ વિરડા તથા કોન્સ વિપુલભાઈ ગોહીલને બાતમી મળી હતી કે, હિરેન ડણીયા (રહે. સુરેન્દ્રનગર) નામનો શખસ ચોટીલા કમળાપુર રોડ, કમળાપુર,જય સોમનાથ પેટ્રોલ પંપની સામે રોડ ઉપર ઉભો છે અને તેના પેન્ટના નેફામાં હથીયાર છે. તે ભાડલા ગામ ખાતે જવાનો છે.

આ બાતમીના આધારે એસઓજીની ટીમે અહીં પહોંચી જય સોમનાથ પેટ્રોલ પંપની સામે રોડ ઉપર એક શખસ શંકાસ્પદ હાલતમાં ઉભો હોય તેની પુછતાછ કરતા તેનું નામ હિરેનભાઈ જગદીશભાઈ ડણીયા(ઉ.વ ૩૯ રહે. સુરેન્દ્રનગર, વેલનાથ સોસાયટી, દશામાના મંદીર પાસે) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની અંગજડતી લેતા તેની પાસેથી દેશી બનાવટનો તમંચો મળી આવ્યો હતો.જેથી પોલીસે આરોપી પાસેથી રૂ. ૩ હજારની કિંમતનો આ તમંચો કબજે કરી આરોપી સામે ભાડલા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આરોપી મજુરી કામ કરે છે. હથિયાર બાબતે પુછતા તેણે શોખ માટે હથિયાર સાથે રાખ્યું હોવાની કબુલાત આપી હતી. આરોપી હથિયાર કોની પાસેથી લાવ્યો હતો તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.આરોપી સામે અગાઉ પણ હથિયારાધારનો એક કેસ થયો હોવાની પોલીસને વાત મળતા આ અંગે પોલીસ ખરાઈ કરી રહી છે. આ કામગીરીમાં રાજકોટ રૂરલ એસઓજીના પીઆઇ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.બી.મિશ્રા તથા હેડ કોન્સ. શિવરાજભાઈ ખાચર, વિજયભાઈ વેગડ,મયુરભાઈ વિરડા તથા વિરરાજભાઈ ધાધલ તથા કોન્સ. વિપુલભાઈ ગોહીલ, વિજયગીરી ગૌસ્વામી તથા ચીરાગભાઈ કોઠીવાર સાથે રહ્યા હતાં.

# પારડીમાં કારખાનેદારને રૂમમાં પુરી તસ્કરો રૂ.૨ લાખની રોકડ ઉઠાવી ફરાર

### બારી તોડી મકાનમાં પ્રવેશ્યા, કબાટનો લોક તોડી રોકડ અને ચાંદીના રાણી સિક્કા ઉઠાવી લીધા

### શાપર પોલીસે ગુનો નોંધી સીસીટીવીના આધારે તસ્કરોની શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

રાજકોટના પારડી ગામમાં રહેતાં કારખાનેદારના રૂમમાં ત્રાટકેલા તસ્કરોએ કારખાનેદાર જે રૂમમાં સૂતાં હતાં તેને લોક કરી મકાનમાં હાથફેરો કર્યો હતો અને ૨ લાખની રોકડ સહિતના મુદામાલની ચોરી કરી નાસી છૂટતાં શાપર પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે રાજકોટના પારડી ગામે શ્રીજી વાટીકા સોસાયટીમાં રહેતાં જીગ્નેશભાઈ ગણેશભાઈ ભુવા, (ઉ.વ. ૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પારડી નજીક શીતળા મંદીર પાસે જે.બી. મશીન ટુલ્સ નામે કારખાનું ચલાવી વેપાર કરે છે. ગઈ કાલ તા. ૧૫ ના રાત્રીના બારેક વાગ્યાની આસપાસ તેઓ ઘરના બધા સભ્યો પોતાના રૂમમાં સુઇ ગયેલ અને માતા વિજયાબેન તથા પિતા દરરોજ સવારે સાડા ચાર વાગ્યે શાપર આનંદી આશ્રમે સેવા પુજા માટે જતા હોય છે, જે ગઈકાલે પણ સવારે આનંદી આશ્રમે ઓસરીના દરવાજામાં તાડું મારીને ગયેલ હતાં. ફરીયાદીના પત્ની સવારે પાંચેક વાગ્યે જાગેલ અને તેઓને જગાડીને કહેલ કે, આપણો રૂમ બહારથી કોઈએ બંધ કરી દીધેલ છે. જેથી તેઓએ સામે રહેતા કાકા જામતભાઈ ભુવાને ફોન કરી આ બાબતે વાત કરતાં તેમણે બહાર નીકળી જોયેલ અને કહેલ તમારી ઓસરીની બારી તુટેલી છે જેથી ચોરી થયાની શંકા જતા જેથી ઓસરીની ચાવી પિતા પાસે હતી. કાકાનો દિકરો આશીષ માતા પિતાને તેડી આવેલ અને ઓસરીનું તાડુ ખોલી બાદમાં તેઓના રૂમના દરવાજા ખોલતા બહાર આવેલ હતાં.

બાદમાં ઘરમાં જોતા ઓસરીની બારી તુટેલી અને મારા માતા પિતાનો રૂમ ખુલ્લો હતો. જેમા જોતા પતરાનો કબાટનો લોક તથા અંદરની તીજોરીની લોક તૂટેલો હતો. તીજોરીમાં રાખેલ રોકડ રૂ. ૨ લાખ અને જુના વારસાગત ચાંદીના રાણી સીક્કા જોવામાં આવેલ નહી, જેથી કોઈ અજાણ્યા શખ્સો ઘરની ઓસરીની બારી તોડી રૂમના કબાટનું લોકર તોડી તેમા રાખેલ રોકડ રૂ.૨ લાખ અને તથા જુના ચાંદીના સીકા ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી શાપર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ આદરી હતી.

# ધ્રાંગધ્રા: છરી સાથે બિપીન પરમાર પકડાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા સીટી પોલીસ મોચીવાડ નજીક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય તેવા સમયે એક ઈસમ શંકાસ્પદ હાલતમાં મોચીવાડ પાસે રસ્તા નજીકથી નીકળતા તેને અટકાવી અંગ ઝડતી કરતા તેની પાસેથી એક છરી મળી આવી હતી જેથી પોલીસે તુરંત શખ્સની અટકાયત કરી પૂછપરછ કરતાં પોતે બીપીનભાઈ હરખાભાઈ પરમાર રહે. ધ્રાંગધ્રા વાળો હોવાનું જણાવતા ઈસમને ઝડપી પાડી તેના વિરૂદ્ધ સુરેન્દ્રનગર જિલ્લા મેજીસ્ટર જાહેરનામાનો ભંગ બદલ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજસીતાપુર ગામે રહેણાંક વિસ્તારમાં આગ ભભુકતા દોડધામ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રાજસીતાપુર ગામની તળાવની પાળ નજીક રહેણાંક વિસ્તાર પાસે અચાનક આગ લાગી હતી જોતજોતામાં આગ વિકરાળ બનતા ગ્રામજનોએ આગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આગ ઓલવવી મુશ્કેલ લાગતા ગામના સરપંચે



તાત્કાલિક ધ્રાંગધ્રા ફાયર વિભાગને જાણ કરતા સ્ટાફે ઘટના સ્થળે પહોંચી આગ કાબુમાં લીધી હતી આમ સમયસર આગ કાબુમાં આવી જતા આજુબાજુના રહેણાંક વિસ્તારમાં મોટી દુર્ઘટન અટકી હતી અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# બાબરાના અમરાપરા ગામે જુગારનો દરોડો

### સાત શખ્સોની ધરપકડ કરી ૧૫૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, બાબરા**

બાબરાના અમરાપરા ના મફત પ્લોટ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતી સાત મહિલાની ૧૫૮૦૦ નો મુદ્દા માલ કબજે કરી ધોરણ સમી કાર્યવાહી કરી છે વધુ વિગત મુજબ બાબરા ના અમરાપર ગામે રહેતા જયાબેન હરેશભાઈ ૧૦ સુખ વાડીયા ના ઘર નજીક જાહેરમાં જુગાર રમતો હોવાની પોલીસને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડ પાડી જુગાર રમતા જયાબેન દસુકવાડિયા, રસીલાબેન અરવિંદ ડોલશિયા, ઉદરબેન મનસુખ ડાભી, આસાબેન લાખાભાઈ ચાવડા, મોનિકાબેન અજય ઉંદરગઢીયા, મનિષાબેન કાળુ સુકવાવા અને સોનલબેન લાલજી ચાવડા ની ધરપકડ કરી જુગારના પટમાંથી ૧૫ ૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ: પ્રેમ સંબંધ રાખવાની ના પાડતી મહિલા પર હુમલો

### પૂર્વ પ્રેમિકાએ તેના મિત્રની મદદથી ચાર સંતાનની માતાને છરી ઝીંકી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢમાં પ્રેમ સંબંધ રાખવાની ના પાડતા ચાર સંતાનની માતા ઉપર તેના પૂર્વ પ્રેમી અને અજાણ્યા શખ્સે છરીના ત્રણ ઘા ઝીંકી દઈ, મહિલાની હત્યાની કોશિશ કરી હોવાની ઘટના પોલીસ દફતર એ નોંધાઈ છે.

જૂનાગઢના મધુરમ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં ત્રણ દીકરી અને એક દીકરા સાથે રહેતી ૪૦ વર્ષીય મહિલા સાપર વેરાવળ ખાતે તેના પરિવાર સાથે ખાનગી કંપનીમાં કામ કરતી હતી. તે દરમિયાન મહિલાને ભાવનગરના અશ્વિન સોલંકી સાથે ઓળખાણ થઈ હતી અને બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. જે અંગેની મહિલાના પતિને જાણ થતાં, પતિ સાથે મહિલા જુનાગઢ રહેવા આવી હતી, છતાં પણ આ મહિલાને તેના પૂર્વ પ્રેમી અશ્વિન સોલંકી સંબંધ રાખવા માટે ફોન કરતો હતો અને દબાણ કરતો હતો.

દરમિયાન આ મહિલા છાસ લેવા માટે બહાર નીકળી હતી, ત્યારે પાછળથી અશ્વિન સોલંકી અને એક અજાણ્યો શખ્સ બાઈક ઉપર આવ્યા હતા અને અજાણ્યા શખ્સે છરીનો એક ઘા મહિલાને મારી દીધો હતો અને આજે તને પતાવી દેવાની છે જીવતી ન રહેવી જોઈએ, તેમ કહી અજાણ્યા શખ્સે ઉપરા ઉપર બે છરીના ઘા મહિલાને મારી દેતા મહિલા લોહી લુહાણ થઈ ગઈ હતી અને ત્યાંથી જીવ બચાવી નાસી ઘર પાસે પહોંચી જતા બંને શખ્સો નાસી ગયા હતા અને મહિલાને શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જે અંગેની સી ડિવિઝન પોલીસમાં ફરિયાદ થતાં પીઆઈ વિ.જે. સાવજે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ: નિવૃત્ત શિક્ષકના ઘરમાંથી રૂ.૮.૩૫ લાખનો હાથ ફેરો કરનાર ઘરઘાટીની ધરપકડ

### ક્રાઈમ બ્રાંચે નોકરાણીને ઉઠાવી લઈ રૂ.૫.૩૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના નિવૃત્ત શિક્ષકના ઘરમાંથી થયેલ રૂ. ૮.૩૫ લાખના સોનાની ચોરીનો ભેદ જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી નાખ્યો છે. અને આ ચોરીમાં ઘરની નોકરાણીએ જ હાથફેરો કર્યો હોવાનું તપાસમાં ખુલતા પોલીસે નોકરાણીની અટક કરી રૂ. ૫.૩૬ લાખનો મુદામાલ કબજે લીધો હતો. જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર રહેતા ૭૦ વર્ષીય નિવૃત્ત શિક્ષક મનસુખભાઈ માણાવદરિયાને તેની દીકરીએ સાચવવા આપેલા રૂ. ૮.૩૫ લાખના સોનાના દાગીનાની ઘરમાંથી ચોરી થયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ હતી અને આ ચોરી તેની નોકરાણીએ કરી હોવાની નિવૃત્ત શિક્ષકે શંકા વ્યક્ત કરી હતી. આ ચોરીની ફરિયાદ થતાં બી ડિવિઝન લેડી પી.એસ.આઈ. એસ.એ. સાંગાણીએ તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન એલસીબી. પીઆઈ. જે.જે પટેલના માર્ગદર્શનમાં પી.એસ.આઈ. ડી.કે. સરવૈયાએ શકદાર મહિલા સલમાબેન અબુની પૂછપરછ કરતા મહિલાએ નિવૃત્ત શિક્ષકના ઘરમાંથી ચોરી કર્યાની કબુલાત કરી હતી. ત્યારે ક્રાઈમ બ્રાન્ચે મહિલા પાસેથી રૂ. ૫.૩૬ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો અને આ મહિલાને વધુ તપાસ માટે બી ડિવિઝન પોલીસને સુપ્રત કરી હતી.

# ગરદનની જટીલ સર્જરી કરી ‘નવજીવન’ આપતી આયુષ હોસ્પિટલ

## ૩૦ વર્ષિય યુવાનના ગરદનના મણકાની ગાદીનું સફળ ઓપરેશન કર્યુ

**અબતક, ઋષી મહેતા**

મોરબીની આયુષ હોસ્પિટલના ન્યુરો વિભાગના ડો. પ્રતિક પટેલ દ્વારા જટિલ ઓપરેશન સફળતાપૂર્વક કરી હતી. જેમાં કચ્છના રાપર તાલુકાનો યુવક, કે જે ખેતરમાં પડી જવાને કારણે ગરદનના મણકાની ગાદી ખસી જતા, તેને હાથ-પગ ધ્રુજવા, દુઃખાવો અને સોજાની સમસ્યા સર્જાઈ હતી,



કચ્છ જીલ્લાના રાપર તાલુકાના રહેવાસી ૩૦ વર્ષનો યુવાન ખેતરમાં કામ દરમ્યાન પડી ગયો હતો. આ દુર્ઘટનાની અસરથી તેમને શરીરમાં અનેક તકલીફો શરૂ થઈ હતી, જેમ કે પગ અને હાથ ધ્રુજવા, હાથમાં ખાલી ચડવી, અને ગરદનમાં સતત દુઃખાવો રહેતો હતો. સ્થાનિકમાં સારવાર લીધા છતાં કોઈ ખાસ રાહત ન મળતાં તેઓ મોરબીની આયુષ હોસ્પિટલ ખાતે આવ્યા હતા.

આ સ્થિતિમાં આયુષ હોસ્પિટલના ન્યૂરો સર્જન ડો. પ્રતિક પટેલે દર્દીની જટિલ સર્જરી કરી હતી. ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું અને થોડા જ દિવસોમાં દર્દીને દુઃખાવામાં રાહત અનુભવાઈ રહી છે. જે બાદ દર્દી અને તેમના પરિવારે આયુષ હોસ્પિટલના તમામ ડોકટરો અને સ્ટાફનો દિલથી આભાર માન્યો હતો તથા હોસ્પિટલમાં મળેલી સારવારને ખૂબ જ અસરકારક અને સંતોષકારક ગણાવી હતી.

# જનસુવિધા વધારવા પ્રતિબધ્ધતા વ્યકત કરતા કલેકટર કે.બી. ઝવેરી

## પીવાના પાણી, ખાડા બુરવા પેચવર્ક સહિતના કામોની સમીક્ષા કરાયઃ પેન્ડીંગ કાર્યો પૂર્ણ કરવા તાકીદ

**અબતક,ઋષી મહેતા**





મોરબીમાં જીલ્લા કલેકટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાતામાં અને જીલ્લાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં જીલ્લા સંકલન સહ ફરીયાદ સમિતિની બેઠક જીલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જીલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગના આંતરિક પ્રશ્નો તથા જન સુવિધાઓ સંબંધિત જીલ્લાના વિવિધ પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવી હતી. જીલ્લાના તમામ ગામડાઓમાં પૂરતા પ્રમાણમાં નિયમિત પાણી વિતરણ કરવામાં આવે તથા ચોમાસા પૂર્વે રસ્તાઓ પરના ખાડા બુરી પેચવર્ક કરવામાં આવે તે સહિતના મુદ્દે પ્રજાલક્ષી અભિગમ દાખવી કામગીરી કરવા વિવિધ વિભાગોને સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત જીલ્લા સંકલન સમિતિના વિવિધ પત્રકો તથા સ્વાગત પોર્ટલ અને પી.જી. પોર્ટલ પરની પેન્ડિંગ અરજીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમા જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેઘી, મોરબી-માળિયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, ટંકારા-પડધરી ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિ, નિવાસી અધિક કલેકટર એસ.જે. ખાચર, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફીસરો તથા વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી અને પાટણમાં ત્રણ ગુનામાં વોન્ટેડ બુટલેગર ઝપાયો

**અબતક, ઋષી મહેતા**



મોરબી પેરોલ ફર્લો સ્કવોડ અને ક્રાઈમ બ્રાંચ ટીમને ખાનગીરાહે હકિકત મળેલ કે મોરબી બી ડિવિઝન અને તાલુકા પોલીસ મથક તથા પાટણ જીલ્લા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળના ગુનાનો આરોપી આરોપી જમાંરામ ઉર્ફે જગારામ જેઠારામ પ્રજાપતી રહે.રાજસ્થાન વાળો હાલે મોરબી રવિરાજ ચોકડી પાસે હોવાની ચોકકસ હકિકત મળેલ હોય જેથી મળેલ હકીકત આધારે તપાસ કરતા, આરોપી જમારામ ઉર્ફે જગમારામ જેઠારામ પ્રજાપતી ઉવ.૩૨ રહે. ગામ તેજીયાવાસ તા. ગુડામાલાણી જી. બાડમેર રાજસ્થાનવાળો ત્યાં મળી આવતા ઉપરોકત ગુનામાં હસ્તગત કરી મોરબી તાલુકા પોલીસ મથક ખાતે સોપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

# માળીયા(મી): ટ્રકમાં માટીની આડમાં બિયરના ૧૧૨ ટીન સાથે ચાલકની અટક

**અબતક, ઋષિ મહેતા**




મોરબીમાં રાજસ્થાનથી માટીની આડમાં વિદેશી દારૂ ઘુસાડવાના મનસૂબા ઉપર મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમે પાણી ફેરવી દીધું હતું, જેમાં રાજસ્થાનથી ટ્રક-ટ્રેઈલરમાં સફેદ માટી નીચે છુપાવીને લઈ આવતા કિંગફિશર બિયરના ૧૧૨ ટીન સાથે ટ્રક ટ્રેઈલર ચાલકની અટકાયત કરવામાં આવી છે, મોરબી-માળીયા(મી) હાઈવે ઉપર મરક્યુના સીરામીક સામે ઉભેલ ટ્રક ટ્રેઈલરમાં માટીની આડમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરેલ છે, જેથી તુરંત ઉપરોક્ત સ્થળે ટીમ સાથે દરોડો પાડતા, ટ્રક ટ્રેઈલર રજી.નં. આરજે-૨૧-જીડી-૦૯૩૦ ની તલાસી લેવામાં આવી હતી, જેમાં સફેદ માટી ભરેલ હોય જે માટી હટાવીને જોતા, તેમાંથી કિંગફિશર બિયરના ૧૧૨ ટીન કિ.રૂ. ૧૨,૯૯૨/-મળી આવ્યા હતા, જેથી ટ્રક ટ્રેઈલર ચાલક આરોપી રાજેન્દ્ર કાનારામભાઈ બાંગળા ઉવ.૩૬ રહે.બીટન તા.મેડતા જી.નાગોર રાજસ્થાન વાળની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પોલીસે બિયરના ટીનની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતો ટ્રક-ટ્રેઈલર કિ.રૂ.૩૦ લાખ, એક મોબાઈલ કિ.રૂ.૫,૦૦૦/-સહિત કુલ રૂ.૩૦,૧૭,૯૯૨/-નો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લ્યો બોલો... વાંકાનેર નગરપાલિકાની સાધારણ સભા માત્ર ૨ મિનિટમાં પૂર્ણ

## વિપક્ષના ૧૧ મુદાઓની અરજી મામલે પ્રાદેશીક કમિશનરે નગરપાલિકાના અધિકારી-પદાધિકારીઓને નોટીસ ફટકારી

**અબતક,લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર નગરપાલિકાની સાધારણ સભા યોજાઈ હોય, જેમાં બહુમતીના જોરે સત્તાધિશો દ્વારા માત્ર બે મિનિટમાં કોઈપણ પ્રકારની રજુઆતો સાંભળ્યા કે જનરલક્ષી મુદ્દાઓની ચર્ચાઓ કર્યા વગર સાધારણ સભા સમેટી લેવામાં આવી હોય, જેની સામે વિપક્ષના સદસ્યોએ પ્રાદેશિક કમિશનર સમક્ષ ૧૧ મુદ્દાઓ સાથે નગરપાલિકા અધિનિયમ-૨૫૮ હેઠળ સાધારણ સભા રદ કરવાની માંગ સાથે અરજી કરી હોય, તેનો ઉતર ન મળતા પ્રાદેશિક કમિશનર દ્વારા વાંકાનેર નગરપાલિકાના ચિફ ઓફિસર, પ્રમુખ તથા ઉપપ્રમુખને નોટિસ ફટકારી કલમ-૨૫૮ હેઠળ સાધારણ સભા રદ કરવાની કાર્યવાહી કેમ ન કરવામાં આવે ? તે મુદ્દે લેખિતમાં જવાબો માંગવામાં આવ્યા છે.

જેના માટે આગામી તા. ૨૦ મે ના રોજ પ્રાદેશિક કમીશ્નર સમક્ષ સુનવણી હાથ ધરવામાં આવશે.

# ઓરડીમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાયી

**અબતક, ઋષિ મહેતા**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે શોભેશ્વર રોડ અવેળાની બાજુમાં બુટલેગર રમેશ ઉર્ફે ધારો ગોપાલભાઈ ટીડાણીની કબ્જાવાળી ઓરડીમાં દરોડો પાડ્યો હતો, ત્યારે પોલીસે ઓરડીમાં દેશી દારૂ બનાવવવાની ચાલુ ભઠ્ઠી ઝડપી લીધી હતી, જેમાં પોલીસે સ્થળ ઉપરથી ગરમ દેશી દારૂ ૫ લીટર, ગરમ આથો ૩૦ લીટર તેમજ પત્રનું બકળિયું, ચૂલો, ગેસનો બાટલો સહિતની સાધન સામગ્રી સહિત કુલ કિ.રૂ.૪,૨૦૦/-નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો, પોલીસના દરોડા દરમિયાન આરોપી રમેશભાઈ ઉર્ફે ધારો ગોપાલભાઈ ટીડાણી રહે.મોરબી-૨ ત્રાજપર એસ્સાર પેટ્રોલ પંપ પાછળ વાળો સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# મકનસર ગામ નજીક રામદેવ ઢાબામાંથી મેફેડ્રોન પાઉડર સાથે હોટલ માલીક ઝબ્બે

## એસઓજીએ દરોડો પાડી ૮૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યોઃ રાજસ્થાની શખ્સની શોધખોળ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં દેશી-વિદેશી દારૂ સાથે વનસ્પતિજન્ય ગાંજો, અફીણ બાદ માદક પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સ પાઉડરનું પણ ગેરકાયદેસર વેચાણ થવા લાગ્યું છે, જેમાં મકનસર નજીક રામદેવ ઢાબા નામની હોટલમાં તાલુકા પોલીસ અને એસઓજી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે રેઈડ કરતા, મેફેડ્રોન ડ્રગ્સનો ૬ ગ્રામ પાઉડર મળી આવ્યો હતો, જેની કિ.રૂ.૬૦ હજાર હોય, આ સાથે આરોપી હોટલ-માલીકની ધરપકડ કરવામાં આવી છે,

જ્યારે માદક ડ્રગ્સ આપનાર સપ્લાયરનું નામ ખુલતા, પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકા પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળી કે મકનસર ગામની સીમમાં રામદેવ ઢાબા નામની હોટલમાં હોટલ માલીક દ્વારા મેફેડ્રોન ડ્રગ્સનું છૂટક વેચાણ કરતો હોય, જેથી તાલુકા તથા એસસોજી પોલીસ ટીમ દ્વારા ઉપરોક્ત રામદેવ ઢાબા નામની હોટલમાં રેઈડ કરી હતી, ત્યારે હોટલમાં ટેબલના ખાનામાંથી કોલેજ બેગમાંથી મેફેડ્રોન ડ્રગ્સનો ૬ ગ્રામ જટલો પાઉડર મળી આવ્યો હતો, આ સાથે જ આરોપી કાનારામ બાબુલાલ ડારા ઉવ.૨૬ રહે. હાલ મકનસર ધર્મમંગલ સોસાયટી મૂળ રહે.બીશ્નોઈ કિ ઢાણી દાંતીવાડા જી.જોધપુર રાજસ્થાન વાળાની અટક કરવામાં આવી હતી, પોલીસે આરોપી પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ ૬ ગ્રામ કિ.રૂ. ૬૦,૦૦૦/-, બે મોબાઈલ ૨૦,૦૦૦/- રોકડા રૂ.૩,૯૪૦/- તથા ડિજિટલ વજન કાંટો સહિત ૮૪,૫૪૦/-નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

દરોડા દરમિયાન પકડાયેલ આરોપી કાનારામ ડારાની પ્રથમીમ પૂછતાછમાં આ એમ.ડી.ડ્રગ્સ તેના મિત્ર રમેશભાઈ બીશ્નોઈ રહે. રાજસ્થાન બીલાડા, થાના કાપેડા જી.જોધપુર વાળા પાસેથી લઈ આવ્યાનું જણાવ્યું હતું, જેથી પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ નાર્કોટિક્સ અધિનિયમ હેઠળ ગુનો નોંધી હાજર નહિ મળી આવેલ આરોપીને પકડી લેવા તપાસની તજવીજ શરૂ કરી છે.

# ટંકારામાં યોગ ટીમના સમર કેમ્પને બહોળો પ્રતિસાદ

## સમર કેમ્પના પ્રારંભ સાથે જ ૯૨ જેટલાં બાળકો જોડાયા



**અબતક, જયેશ ભટ્ટાસણા, ટંકારા**

બાળકોના શારીરિક માનસિક સ્વાસ્થ્યની સાથે સર્વાંગિક વિકાસ અને સંસ્કારનુ સિંચન યોગના માધ્યમથી સમગ્ર ગુજરાતમાં ૨૫૦થી વધુ સ્થળો પર થશે. ‘‘યોગ સાથે ઉલ્લાસ બાળ મનનો વિકાસ‘‘ નિશુલ્ક સમર યોગ ટ્રેનિંગનું ગાયત્રીનગર પ્રાથમિક શાળા, ટંકારા ખાતે આયોજન કરાયું છે.

આ શિબિરમાં ૭ વર્ષથી ૧૫ વર્ષ સુધીના પ્રથમ ૧૦૦ બાળકો ભાગ લઈ શકશે. સમર કેમ્પમાં ભાગ લેવાથી શારીરિક અને માનસિક વિકાસમાં વૃદ્ધિ, એકાગ્રતામાં વધારો, ઉત્તમ સંસ્કારનુ સિંચન, મોબાઈલના એડીકટેશનથી દુર કરવા આઉટડોર રમતો તરફ પ્રાધાન્યતા, ટીમ વર્ક (લીડરશીપના ગુણો) તેમજ સર્જનાત્મક શકિત કૌશલ્ય વગેરે જેવા ફાયદાઓ થશે. આજે ૯૨ જેટલા બાળકોએ સમર કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પનું સંચાલન કંચન સારેસા, ડિમ્પલ સારેસા અને મીરા હિંશુ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આ કેમ્પમાં અતિથિ વિશેષ તરીકે ભાજપના અગ્રણી નેતા દિનેશભાઈ વાધરિયા, સંગઠનના રૂપસિંહ ઝાલા, આર્ય જગતના દેવકુમાર પડસુંબિયા, એડવોકેટ નોટરી સંજય ભાગીયા ઉપસ્થિત રહ્યા હતા.

# મહેન્દ્રનગરના રહીશોની સમસ્યાઓથી ‘રૂબરૂ’ થતાં મ્યુનીસિપલ કમિશનર

## જીલ્લા પંચાયતના સભ્ય જાનકીબેન કૈલાની રજૂઆત થકી મનપા તુરંત એકશન મોડમાં આવી

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા પંચાયતના સદસ્ય જાનકીબેન જીજ્ઞેશભાઈ કૈલાએ મહેન્દ્રનગર વિસ્તારમાં પડતી સમસ્યાઓ અંગે કમિશ્નર સ્વપિનલ ખરેને લેખિત રજૂઆત કરી હતી. આ રજૂઆતના પગલે કમિશ્નર તથા ડેપ્યુટી કમિશનર દ્વારા મહેન્દ્રનગરની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોની હાજરીમાં વિસ્તારોની સમસ્યાઓની સમીક્ષા કરીને વહેલી તકે નિવારણ માટે ખાતરી આપી આશ્વાસન આપવામાં આવ્યું હતું.

મોરબીના મહેન્દ્રનગર વસાહતમાં રહેનારા રહીશો લાંબા સમયથી અનેક પ્રાથમિક સુવિધા ન મળવાની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ બાબતે મોરબી જીલ્લા પંચાયતના સદસ્ય જાનકીબેન જીજ્ઞેશભાઈ કૈલાએ મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપિનલ ખરેને લેખિતમાં રજૂઆત કરી હતી.

ઉપરોક્ત આગેવાનોની હાજરીમાં વિસ્તારોની સમસ્યાઓનું કમિશ્નરે નિરીક્ષણ તથા સમીક્ષા કરી અને તમામ મુશ્કેલીઓનું વહેલી તકે નિવારણ કરવામાં આવશે તેવુ આશ્વાસન આપ્યું હતું. જાનકીબેન કૈલાની અસરકારક રજૂઆત અને પ્રશાસનના સકારાત્મક પ્રતિસાદ બદલ કમિશ્નર ખરેનો આભાર માનવામાં આવ્યો હતો. મહેન્દ્રનગરના રહીશો દ્વારા પણ આશા વ્યક્ત કરવામાં આવી કે આ કાર્યવાહીથી તેમના વિસ્તારની સમસ્યાઓનો ઝડપી ઉકેલ આવશે.

# કલેકટર કચેરી ખાતે કરાર આધારિત કાયદા સલાહકારની નિમણૂંક કરાશે

## યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૩૧ મે સુધીમાં અરજી કરી શકશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી કલેકટર કચેરી ખાતે ૧૧ માસ માટે કરાર આધારિત કાયદા સલાહકારની ૧ જગ્યા (૬૦,૦૦૦ ના માસિક ફિકસ પગાર સાથે) ઊભી કરવામાં આવી છે. આ જગ્યા તારીખ ૦૧/૦૨/૨૦૨૫ થી વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે. જે જગ્યા ઉપર સરકાર દ્વારા ઠરાવેલ બોલીઓ અને શરતો મુજબ નિમણૂક કરવા નિયત લાયકાત ધરાવતા અનુભવી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. અરજદારની ઉંમર આ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખના રોજ ૫૦ વર્ષથી વધુ હોવી જોઈશે નહીં. આ અંગેના અરજી પત્રકનો નમુનો લાયકાત તથા અનુભવ અંગે મહેસુલ વિભાગના ઠરાવથી નક્કી કરેલ પરિશિષ્ટ-૧, પરિશિષ્ટ-૨ તથા પરિશિષ્ટ-૩ મોરબી કલેક્ટર કચેરીની વેબસાઈટ https://morbi.gujarat.gov.in તથા https://morbi.nic.in પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે.

રૂબરૂ મુલાકાત અને અનુભવના આધારે તૈયાર કરેલ પસંદગી યાદી મુજબના ઉમેદવારોએ ભાષા સજ્જતા અંગેનું ઠરાવમાં દર્શાવેલ પરિશિષ્ટ-૩ (૧) ડી ની જોગવાઈ મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અરજદારે સંપૂર્ણ વિગતે ભરેલી અરજી સાથે લાયકાત તથા અનુભવના આધારોની પ્રમાણિત નકલો ઉપરાંત ફી પેટે કલેકટર મોરબીના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ (નોન રીફંડેબલ) રજૂ કરવાનો રહેશે. આ અરજી સીલબંધ કવરમાં કલેક્ટર કચેરી ,જિલ્લા સેવાસદન, શોભેશ્વર રોડ, મોરબી-૩૬૩૬૪૨ ની રજીસ્ટ્રી શાખામાં તારીખ ૩૧/૦૫/૨૦૨૫ ના સાંજના ૦૬:૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે આર.પી.એ.ડી. અથવા રૂબરૂ મોકલી આપવાની રહેશે. અધુરી વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં. સંબંધિત ઉમેદવારોને જ્યારે રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે સ્વખર્ચે તમામ અસલ પ્રમાણપત્રો અને નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે તેવું મોરબી કલેક્ટર અને જીલ્લા મેજિસ્ટ્રેટની કચેરીની યાદીમાં જણાવ્યું છે.

# રોંગ સાઈડમાં ચાલતા ભારે વાહનો વિરુદ્ધ ચેકીંગ ડ્રાઈવઃ ૧૮ વાહન ચાલકો સામે કાર્યવાહી

## ૫૭ હજારનો દંડ વસુલાયોઃ ૧૬ વાહન ડિટેઈન કર્યા

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લામાં હાઈવે ઉપર રોંગ સાઈડ ચાલતા ભારે વાહન વિરૂધ્ધ જીલ્લા પોલીસ દ્વારા ત્રણ દિવસીય ચેકિંગ ડ્રાઈવ અંતર્ગત માલસમાનને તાળપત્રી ન લગાવેલ, નંબર પ્લેટ ન હોય તેમજ ટ્રાફિક નિયમોનું પાલન ન કરતા વાહનના ચાલકો પાસેથી ૫૭ હજાર દંડ વસુલવામાં આવ્યો હતો.



દરમ્યાન જીલ્લાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં રોંગ સાઈડ ચાલતા વાહનો તથા વાહનમાં માલ-સામાન ભરેલ હોય અને તાલપત્રી લગાવેલ ન હોય તથા નંબર પ્લેટ વગરના વાહનો વિરૂધ્ધ કડક કાર્યવાહી તેમજ ટ્રાફિક ભંગ કરતા વાહનોના તેવા વાહનો ચાલકો સામે કડક કાર્યવાહી કરવા અંગેની ડ્રાઈવ રાખવામાં આવેલ અને આ ડ્રાઈવ દરમ્યાન કુલ ૮૦૨ વાહનોનું સઘન ચેકિંગ કરી ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો વિરૂધ્ધ મોરબી જીલ્લા પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ડ્રાઈવમાં હાઈવે ઉપર ૧૮ ભારે વાહનો રોંગ સાઈડમાં ચાલતા વાહનો ચાલકો સામે કુલ રૂ-૫૭૦૦૦/- દંડ વસુલ કરવામાં આવેલ આ સિવાય નંબર પ્લેટ વગરના ૧૫ વાહન ચાલકો સામે કેસ કરવામાં આવેલ, વાહનમાં માલ-સામાન ભરેલ હોય અને તાલપત્રી લગાવેલ ન હોય તેવા વાહન ચાલકો સામે કુલ ૨૧ કરવામાં આવેલ તથા રોગ સાઈડ/ વધુ ગતીથી ચલાવતા વાહનો વિરૂધ્ધ કલમ-૨૮૧ મુજબ કુલ-૨૦ ગુના રજીસ્ટર કરવામાં આવેલ, અડચણ રૂપ પાર્ક કરેલ વાહનો વિરુદ્ધ કુલ-૩૩ ગુના તેમજ એમવી એક્ટ હેઠળ ૧૬ જેટલા વાહન ડિટેઈન કરવાની કામગીરી હાથ ધરી હતી.

### લોકોની સલામતી માટે ટ્રાફીકનું પાલન કરાવાશેઃ એસ.પી.

ટ્રાફિક નિયમોનોનુ પાલન કરાવવા માટે તેમજ લોકોની સલામતી અને જીલ્લામાં શાંતીનો માહોલ જળવાઈ રહે તેમજ ટ્રાફિક વ્યવસ્થા અને ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા તેમજ શહેરમાં ભારે વાહનો, વન-વે રોડ, એક-બેકી પાર્કિંગ વ્યવસ્થા તેમજ સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવતા જાહેરનામાઓનુ લોકો પાલન કરે તેવી જીલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ઉંચી માંડલ ગામે ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં પંખે લટકી શ્રમિકનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના ઉંચી મંડળ ગામે ઓરિનૂડા સીરામીકની મજૂર કોલોનીમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના મૈનપૂર જિલ્લાના નગલાકુવા ગામનો રહેવાસી અજીતભાઈ રાજપાલસીંહ યાદવ ઉવ.૨૨ એ કોઈ અગમ્ય કારણોસર પોતાની રૂમમાં પંખે મફલર બાંધી ગળેફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મોરબી તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ. મોતની નોંધ કરી આપઘાત કરવા પાછળના કારનો સહિતની તપાસ શરૂ કરી છે.

# જૂનાગઢ: પ્રેમસંબંધના મામલે યુવતીના ભાઈ અને તેના મિત્રનું અપહરણ

## હાલ વિદેશ રહેતી યુવતીએ વાતચીત ન કરતા યુવકે ખર્ચેલા ૩ લાખ મેળવવા આચર્યું કૃત્ય

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગ્રીસ દેશ ખાતે નોકરી કરતી જુનાગઢની યુવતી સાથે અગાઉ સંબંધ ધરાવતા અને છેલ્લા છ મહિનાથી યુવતી સાથે વાતચીત ન થતા, જુનાગઢના શખ્સે યુવતીના ભાઈ તથા તેના મિત્રોનું અપહરણ કરી લઈ જઈ, માર મારી, યુવતી પાછળ ખર્ચેલા રૂ. ત્રણ લાખ આપવાની માંગણી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આ ફરિયાદ અંગે તપાસ આદરી છે

પોલીસ માંથી પ્રાપ્ત વિગતો અનુસાર, જૂનાગઢના મધુરમ વિસ્તારમાં રહેતા પ્રિયાંશુભાઈ રમેશભાઈ રાઠોડની ગ્રીસ દેશ ખાતે નોકરી કરતી બહેન કિંજલ સાથે જુનાગઢના સાગર પ્રવિણભાઈ સોલંકીને અગાઉ સબંધ હોય અને કિંજલબેન સાથે છેલ્લા છ મહીનાથી આરોપી સાગર સોલંકીને કોન્ટેક્ટ કે વાતચીત થતી ન હોય જેથી તેની સાથે વાતચીત કરવા સારૂ, આરોપી સાગર કાર લઈ ફરીયાદીની સોસાયટીમાં જઈ, ફરીયાદી પ્રિયાંશુભાઈ તથા ફરીયાદીના મીત્ર અમીત ચૌહાણ બન્ને મોટર સાયકલ લઈ જતા હોય તેની આગળ આરોપીએ ફોરવ્હીલ રાખી, ગાળો આપી, માર મારી, ફરીયાદી.પ્રિયાંશુભાઈની ઉપર ધારીયા વડે હુમલો કરતા સાહેદ જયેશએ તેને પકડી લીધેલ હતા, બાદમાં પ્રિયાંશુભાઈ તથા પ્રિયાંશુભાઈના મીત્ર અમીત ચૌહાણનુ અપહરણ કરી તથા તેની સાથે આવેલ જયેશને પણ તેની સાથે ફોરવ્હીલમાં ધરારથી બેસાડી ત્રણેયને અલગ અલગ જગ્યાએ લઈ જઈ, ફરીયાદીને લાકડીઓ વડે માર મારી, ફરીયાદીની બહેન કિંજલ સાથે વિડીયો કોલમાં વાત કરી, તેને પણ ગાળો આપી અને બગસરાથી જેતપુર વચ્ચે રસ્તામાં ફરીયાદીનો મોટારોલા કંપનીનો તથા સાહેદ અમીતનો ફોન ચાલુ ગાડીમાં બહાર ફેકી દઈ અને સાહેદ અમીત તથા જયેશને જુનાગઢ ખામધ્રોળ ચોકડીએ ઉતારી દઈ, ફરીયાદી. પ્રિયાંશુભાઈને ફરીથી પાદરીયા ગામ પાસે આવેલ વાડીએ લઈ જઈ, ત્યાં હાજર વ્યક્તિના ફોનમાંથી પ્રિયાંશુભાઈના મમ્મીના મોબાઈલ ફોનમાં વોટ્સએપમાં વિડીયો કોલ કરી, ફરીયાદી પ્રિયાંશુભાઈને જીવતો જોતો હોય તો પોતે ફરીયાદીની બહેન કિંજલ પાછળ જે રૂપીયા ત્રણ લાખનો ખર્ચ કરેલ છે. તે તેને આપવા માટે અને જો રૂપીયા નહી આપે તો ફરીયાદીને જીવતો નહી છોડી અને મારી નાખવાની ધમકી આપતા, ફરીયાદી પ્રિયાંશુભાઈ એ તેને રૂપીયા આપવાની ખાત્રી આપતા, આરોપી સાગર સોલંકી એ ફરીયાદી પ્રિયાંશુભાઈને તેના કબ્જામાંથી છોડી મુકી, નાશી ગયા હોવાની સાગર પ્રવિણભાઈ સોલંકી સામે પ્રિયાંશુભાઈ રમેશભાઈ રાઠોડ એ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# જેતપુરમાં મહિલા પર ચારિત્ર્યના ખોટા આક્ષેપ કરી બિહારી શખ્સોનો હુમલો

## ગણેશનગરની શાકભાજીની ધંધાર્થી મહિલાએ ભયના કારણે પાડોસીને લઈ સમાધાન કરવાં જતાં ફરીવાર આરોપીએ મારમાર્યો : ચાર સામે ગુનો

**અબતક, રાજકોટ**

જેતપુરના ગણેશનગરમાં શાકભાજીની ધંધાર્થી મહિલા પર ચારિત્ર્યના ખોટા આક્ષેપ કરી બિહારી શખ્સોએ હુમલો કરતાં જેતપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જેતપુરના ગણેશનગરમાં રહેતાં સંતરાબેન નંદકિશોરભાઈ રવીદાસ (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે જેન્દારખાન ઉર્ફે ભુરા માસ્તર જાનીસારખાન, જાનીસારખાન, રેહાનખાન જાનીસારખાન અને રેસાદખાન જાનીસારખાનનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ શાકભાજી વેચી પરીવારનુ ગુજરાન ચલાવે છે. ગઈ કાલે સાંજના આશરે આઠેક વાગ્યે રેલ્વે ફાટક પાસે ખુલ્લામાં નીચે બેસીને તેઓ શાકભાજી વેચતી હતી. ત્યારે જેતપુર અંબીકા પ્રોસેસ સાડીના કારખાનામાં રહેતો જેન્દારખાન ઉર્ફે ભુરા માસ્તર તેઓની પાસે આવેલ અને કહેવા લાગેલ કે, મને તુ બકાલુ આપ અને તુ બહુ ખરાબ કામ કરે છો તેમ કહેતા તેને કહેલ કે, તારા ઘરે કોઈ ઓરત હોય તો તુ એને કહે તે ખરાબકામ કરે છે.

જેથી જેન્દારખાન ઉર્ફે ભુરા માસ્તર ઉગ્ર બની ગયેલ અને ગાળો આપી હાથ પકડીને મરડેલ અને બે ફડાકા ઝીંકી કહેવા લાગેલ કે, આજે તો તને જાનથી મારી નાંખવી છે,.

તેમ કહી મારવા દોડતા તેણી દોડીને ત્યાથી ભાગી ગયેલ અને ત્યારબાદ ઓળખીતા મીન્ટાબેન ઉર્ફે મીતલબેન સહિતનાને ફોન કરીને બોલાવેલ અને તેણી એકલી રહે છે અને તેને પહોંચી ન શકુ જેથી સમાધાન કરી લેવુ છે, જેથી તેઓને સાથે લઈ અંબીકા પ્રોસેસ નામના સાડીના કારખાના પાસે ગયેલ ત્યારે ત્યા આરોપી ઉભેલ હોય અને તેઓએ મહિલા તેમજ તેમની સાથેના લોકોને પકડી સીટ અને લાકડીથી બેફામ મારમાર્યો હતો. બાદમાં ફરિયાદી સહિતના લોકો ત્યાંથી જીવ બચાવીને ત્યાથી દોડીને ભાગી ગયેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી આરોપી બિહારી શખ્સોનો શોધખોળ આદરી હતી.

# જૂનાગઢ: એન.આર.આઈ. દંપતી સાથે કરી રૂ.૯ લાખની ઠગાઈ

## હજમાં મોકલવાના નામે એલખેર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ભાગીદાર સામે નોંધાતો છેતરપિંડીનો ગુનો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

અમેરિકાનું નાગરિત્વ ધરાવતા દંપતી પાસેથી હજમા મોકલવાના નામે રૂ. ૯ લાખ પડાવી, જુનાગઢના ટ્રાવેલ્સના સંચાલકોએ ઓફિસ બંધ કરી, છેતરપિંડી આંચરી, ભાગી જતા, જૂનાગઢના બે શખ્સ સામે જુનાગઢ સી ડિવિઝન પોલીસમા ફરિયાદ નોંધાય છે.

જુનાગઢ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મોડાસાના સલમાન હારુનભાઈ લોખંડવાલા એ જુનાગઢની અલખેર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક અલ્તાફ મુન્સી અને તેના પાર્ટનર સુફિયાન સામે ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદી સલમાનભાઈના કુટુંબીક ફુવા અને ફઈબા અમેરિકાનુ નાગરિત્વ ધરાવે છે

અને તેનું વતન ગુજરાત છે. તેથી તેઓ અહીં આવ્યા હતા અને તેને હજ ઉમરાહ કરવા માટે સાઉદી અરબના મકા મદીના ખાતે જવાનું હોય તેથી જુનાગઢના અલખેર ટ્રાવેલ્સના સંચાલકોનો સંપર્ક કર્યો હતો અને નક્કી થતાં સંચાલકોને રૂ. ૯ લાખ આપ્યા હતા. પરંતુ આ રકમ લીધા બાદ ટ્રાવેલ્સના સંચાલકોએ અમેરિકા નું નાગરિત્વ ધરાવતા દંપતિને હજમાં ન મોકલી અને ફોન તથા ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયેલ છે.

મોડાસાના સલમાનના હારુનભાઈ લોખંડવાલાની ફરિયાદ લઈ સી ડિવિઝન પોલીસે જુનાગઢના અલખેર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક અલ્તાફ મુન્સી અને સુફિયાન સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આદીપુર: માથાભારે દિનેશ રાજપૂતને જિલ્લામાંથી પડીપાર કરાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુર પોલીસ દ્વારા ગુનાહીત પ્રવ્રુતિ આચરતા ઈસમો ઉપર રોક લગાવવા જરૂરી અટકાયતી પગલા લેવા સારૂ અવાર નવાર શરીર સબંધી તથા પ્રોહીબીશનના ગુનાઓ આચરતા આદીપુરના માથાભારે ઈસમ દિનેશ ગોવિંદજી રાજપુત વિરુધ્ધ તેના ગુનાહીત ઈતિહાસ આધારે તડીપાર દરખાસ્ત મંજુર થવા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ-અંજાર તરફ મોકલી આપવામા આવી હતી જે તડીપાર દરખાસ્ત ફાઈલ ને મંજુર રાખી કચ્છ જીલ્લા તથા કચ્છ જીલ્લાને અડીને આવેલ જીલ્લાઓની હદમાથી હદપાર કરવા હુકમ કરતા આજરોજ દિનેશ ગોવિંદજી રાજપુતને હસ્તગત કરી તડીપાર હુકમની બજવણી કરી તડીપાર કરવામાં આવેલ છે. પોલીસે જણાવ્યું કે આરોપી વિરુદ્ધ આદિપુર પોલીસ મથકે કુલ ૧૧ ગુના નોંધાયેલા હતા.

આ કામગીરી આદિપુર પીઆઈ એમ.સી.વાળા, પીએસઆઈ આર.એમ.ડુવા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ છે.

વાલીઓ માટે ચેતવા જેવા કિસ્સો

# માળીયાહાટીના: અભ્યાસ બાબતે માતા-પિતાએ ઠપકો આપતા પુત્રએ જીવ આપ્યો

## એકના એક વહાલસોયા ૧૪ વર્ષના પુત્રે ભરેલા પગલાથી પરિવારમાં અરેરાટી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

માળીયાહાટીના ગામે માતા પિતાએ બાળકની ચિંતા કરી અભ્યાસ બાબતે ૧૪ વર્ષના પુત્રને ઠપકો આપતા પુત્ર એ ગળાફાંસો ખાઈ લઈ મોતનો માર્ગ અપનાવતા માળિયા હાટીનાના એક પરિવારને વહાલસોયો દીકરો ગુમાવવાનો વારો આવ્યો છે.

જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાથી એક ખૂબ જ દુઃખદ ઘટના સામે આવી છે અને આજના વાલીઓએ પણ આ ઘટનામાંથી શિખ લેવા જેવી બાબત છે કે, બાળકો ઉપર અભ્યાસ બાબતે ખોટું પ્રેસર કરવાને બદલે તેને પ્રોત્સાહિત કરવા જોઈએ. કારણ કે માળીયા હાટીના ગામે બસ સ્ટેશન પાસે કેબીનમાં કટલેરીનો ધંધો કરતા અરવિંદ વીરજીભાઈ ગોરાશા નો ૧૪ વર્ષીય પુત્ર હર્ષ ધોરણ ૯ નો અભ્યાસ પૂર્ણ કરી એસએસસી બોર્ડમાં આવતા, તેના માતા-પિતા દ્વારા અભ્યાસમાં ધ્યાન આપવા ઠપકો આપ્યો હતો, પરંતુ કુમળું માનસ ધરાવતા હર્ષને આ બાબતે લાગી આવતા, હર્ષ એ તેના ઘરે એકલતાનો લાભ લઈ ગળાફાંસો ખાઈ લીધો હતો.

આ અંગેની પરિવાર તથા આજુબાજુના લોકોને જાણ થતાં તાત્કાલિક હર્ષને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યો હતો. પરંતુ ફરજ પરના તબીબે હર્ષને તપાસી મૃત જાહેર કરતા ગોરાશા પરિવાર અને શહેરમાં ગમગીની ફેલાઈ જવા પામી હતી.

૧૪ વર્ષના કિશોરના આપઘાત બાબતે માળીયા હાટીના પી.એસ.આઈ દ્વારા વધુ તપાસ હાથ ધરાય છે, ત્યારે માંગરોળ ડીવાયએસપી કોડીયાતરે આ બનાવની કરુણતા અને ગંભીરતાને ધ્યાને લઈ, આ તકે વાલીઓ પોતાના બાળકો ઉપર અભ્યાસ બાબતે ખોટું પ્રેસર કરવાને બદલે પ્રોત્સાહિત કરે તેવી અપીલ કરી હતી.

ગુજશીટોક હેઠળ

# વ્યાજના દુષણને ડામી દેવા બદલ કરેલી કાર્યવાહીને બિરદાવતા ગૃહરાજય મંત્રી

## કચ્છ પૂર્વના એસ.પી. અને અંજાર પીઆઇ એ.આર.ગોહિલની ટીમને અભિનંદન પાઠવતા હર્ષ સંઘવી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



વ્યાજખોરીના દૂષણને ડામવા બારીક તપાસને અંતે કરેલી આ કડક કાર્યવાહી બદલ કચ્છ પૂર્વના એસ.પી તથા અંજારની સમગ્ર ટીમને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે.

ગુજરાતમાં કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં વ્યાજખોરીની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા અંજાર પોલીસે ઐતિહાસિક કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (જી.સી.ટી.ઓ.સી.) કાયદા અન્વયે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક પગલાં લેવામાં આવ્યાં છે. આ કાર્યવાહીમાં આરોપીઓ દ્વારા વ્યાજખોરી દ્વારા મેળવેલી લગભગ ૬૩.૪૬ લાખ રૂપિયાની મિલ્કત એટલે કે ચાર મકાન, બે પ્લોટ અને એક સ્કોર્પિયો ગાડી સહિતની મિલ્કત જપ્ત કરવામાં આવી છે, જે દેશના ઈતિહાસમાં પ્રથમવાર આ પ્રકારની કાર્યવાહી તરીકે નોંધાઈ છે. વ્યાજખોરીના દૂષણને ડામવા બારીક તપાસને અંતે કરેલી આ કડક કાર્યવાહી બદલ કચ્છ પૂર્વના એસ.પી તથા અંજારના પીઆઇ એ.આર.ગોહિલ અને સમગ્ર ટીમને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીધામ: વોન્ટેડ બુટલેગર રાજસ્થાનથી ઝડપાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ એલ.સી.બી ટીમ નાસતા ફરતા આરોપીઓ શોધવા સતત પ્રયત્નશીલ હતી. દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ગાંધીધામ બી ડીવી. પો.સ્ટે..ના પ્રોહીબીશનનાં ગુના કામેના છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપી હીરારામ ચીમારામ દાનારામ ચૌધરીને રાજસ્થાન રાજ્ય ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેક્ટર એન.એન.ચુડાસમા, પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.જી.પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામા આવેલ છે.

# ગાંજાની હેરાફેરી કરતી બેલડીને પાંચ વર્ષની કેદ ફટકારતી વેરાવળ એનડીપીએસ કોર્ટે

## ગીર સોમનાથ એસઓજી પીઆઈ અરવિંદસિંહ જાડેજાની ટીમે વર્ષ ૨૦૨૩માં તાલાળા-સાસણ રોડ રિક્ષામાંથી ૧૮૦૦ ગ્રામ ગાંજા સાથે આરોપીઓને ઝડપી પાડ્યા'તા

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



ગીર સોમનાથ એસઓજી પીઆઈ અરવિંદસિંહ જાડેજાની ટીમે વર્ષ ૨૦૨૩માં તાલાલા-સાસણ રોડ પરથી રીક્ષામાંથી ૧૮૦૦ ગ્રામ ગાંજા સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી. જે મામલાનો કેસ ચાલી જતાં વેરાવળ એનડીપીએસ કોર્ટે બેલડીને પાંચ વર્ષની કેદ અને રૂ. ૫૦ હજારનો દંડ ફટકાર્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગીર સોમનાથ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના પીઆઈ અરવિંદસિંહ જાડેજા અને તેમની ટીમે ૭ જૂન ૨૦૨૩ના રોજ બાતમીના આધારે કાર્યવાહી કરી હતી. તાલાળા-સાસણ રોડ પર ઈન્ડિયન ઓઈલ પેટ્રોલપંપ પાસેથી પ્યાગો રિક્ષામાંથી આરોપીઓની ધરપકડ કરી હતી.આરોપીઓમાં જૂનાગઢના સલીમ ઉર્ફે મેરુ કાસમ દલ અને તાલાલાના સત્તાર મહમદ દોમાનનો સમાવેશ થાય છે. તાલાલા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

જિલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ કોર્ટમાં દલીલ કરી હતી કે માદક પદાર્થોના કારણે દેશનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે. વળી, આ વેપારથી મળતા નાણાંનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓમાં થાય છે. જજ જે.જે. પંડ્યાએ સાક્ષીઓની જુબાની અને પુરાવાઓને આધારે બંને આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. બાદમાં એનડીપીએસ કોર્ટએ બંને દોષિતોને પાંચ વર્ષની કેદ અને રૂ. ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

# ધોરાજીમાં અવાવરૂ જગ્યાએથી માનવ ભ્રુણ મળી આવ્યાનો ભેદ ઉકેલાયો

## દંપતી, તબીબ સહિત ચાર વિરુદ્ધ ગેરકાયદે ગર્ભપાત કરાવ્યાની નોંધાવી ફરિયાદ

**અબતક ધોરાજી રમણીક ટોપીયા**

શેર માટીની ખોટ પુરવા લોકો પથ્થર એટલા પીર પૂજે છે.. પણ જેને કુદરત સંતાનથી નવાજે... તેને કદર હોતી નથી ધોરાજી અવાવરું વોકળા માં થી મળી આવેલ માનવ ભૂણ ની તપાસ માં ગેરકાયદે ગર્ભપાત કરાવનાર પતિ પત્ની અને તબીબ સામે ઘરના મોભીએ ફરિયાદ દાખલ કરાવી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ધોરાજીના જુના ઉપલેટા રોડ ઉપર આવેલ વોકડામાં ફેંકી દેવાયેલું માનવ ભૂણ મળી આવતા પોલીસે કરેલી તપાસમાં ગેરકાયદે ગર્ભપાતનો મામલો સામે આવ્યો હતો, આ અંગે આદિપુર રહેતા ચંદ્રકાંતભાઈ શાંતિલાલ ગોહેલ એ પુત્ર અમિત ચંદ્રકાંત ગોહેલ, પુત્રવધુ ડેઝી અમિત ગોહેલ ધોરાજી રહેતા વેવાણ સ્મિતાબેન નગીનભાઈ ગોહિલ અને ડોક્ટર સી ટી ફળદુ, ધોરાજી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી ચંદ્રકાંતભાઈ ના પુત્ર અમિત અને પુત્રવધુ ડેઝી ને સંતાનમાં બે બાળકો હોય અને ગર્ભ રહેતા ત્રીજું સંતાન જોતું ન હોવાનું માની ડેઝી ની મા સ્મિતાબેન ગોહેલ એ ધોરાજીના ડોક્ટર સીટી ફળદુ પાસે ગર્ભપાત કરાવી ગેરકાયદેસર રીતે આવનાર બાળક નું જીવન અટકાવી લીધાની પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આદિપુરના ચંદ્રકાંતભાઈ શાંતિલાલ ગોહિલ ની ફરિયાદ પરથી તેના પુત્ર અમિત, પુત્રવધુ ડેઝી વેવાણ સ્મિતાબેન નગીન ગોહિલ અને ગર્ભપાત કરાવનાર ડોક્ટર સીટી ફળદુ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ કરી છે આ અંગે ધોરાજી પોલીસે કલમ ૯૧/૯૪,૩(૫) અન્વયે ગુનો નોંધીતપાસ હાથ ધરી છે.

ભીમ અગિયાર પૂર્વે

# ચલાલા: જાહેરમાં જુગારના પટ મંડાયા

## સાત શખ્સોની ધરપકડ કરી રૂ. ૨૬,૫૩૦ નો મુદામાલ કબ્જે કર્યો



**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

અમરેલી જીલ્લા અધિક્ષકના સંજય ખરાતની સીધી સુચનાના મુજબ જીલ્લાભરમા જુગારના અડાઓ પર રેડ કરી આવા જુગાર અડાઓ નેસ્ત નાબુદ કરવા કડક કાર્યવાહી કરવી..જે અન્વયે ચલાલા પોલીસ સ્ટેશનના જાંબાઝ પી.આઈ વસૈયા અને ટીમ દ્વારા બાતમી ના આધારેચલાલા મા જાહેર મા તીન પતીનો જુગાર રમતા ખેલાડીઓ પર ચલાલા પોલીસ ઓંચીતા ત્રાટકતા જામેલી જુગારની બાજી મા વિક્ષેપ પડ્યો હતો..ચલાલામા દાનેવ સોસાયટીમા આવેલ ગાયત્રીનગરમા બાલ મંદિર ચોકની બાજુમા ધોળા દિવસે તીન પતીનો જુગાર રમતા ઈસમો પર અચાનક ત્રાટકતા જુગાર રમતા ઈસમોમા ગભરાટ સાથે નાચભાગ મચી ગઈ હતી..ચલાલા પોલીસે જુગારના પડ માથી રોકડ રકમ રૂપીયા ૨૬૫૩૦ બે ગંજીપતા સાથે રઘુવીર રામકુભાઈ માંજરીયા,ઉ.વર્ષ ૩૬, ધંધો ખેતી,રહે.દાનેવ સોસાયટી ચલાલા,મનુ કાથડભાઈ ધાધલ,ઉ.વર્ષ ૫૭ ધંધો-મજુરી રહે, દાનેવ સોસાયટી,ચલાલા, પ્રદિપ વાસુરભાઈ માલા,ઉ.વર્ષ ૨૯ ધંધો પ્રાઈવેટ રહે, દાનેવ સોસાયટી,ચલાલા, મનસૂખ પુંજાભાઈ મુછડીયા,ઉ.વર્ષ ૪૫ ધંધો મજુરી,રહે, દાનેવ સોસાયટી,દહિંડાપરા ચલાલા, દિંગત ચંદુભાઈ રાજયગુરૂ-ઉ.વર્ષ ૪૦-ધંધો-ડ્રાઈવર,રહે દાનેવ સોસાયટી,ચલાલા, કનુ રામભાઈ વાળા-ઉ.વર્ષ ૬૦-ધંધો-ખેતીરહે, દાનેવ સોસાયટી ચલાલા અશરફ ગીગાભાઈ કાલીયા ઉ.વર્ષ ૪૪ ધંધો મજુરી,રહે, દાનેવ સોસાયટી ચલાલા સહીત સાત ઈસમો ને ઝબ્બે કરી પોલીસ કસ્ટડી મા લોકપ કરતા જુગાર રમતા ઈસમો ભારે ફડફડાટ ફેલાયો છે...આ પોલીસ કામગીરી ચલાલા પી.આઈ. વસૈયા,હેડ કોન્સ્ટેબલ ભગીરથભાઈ ધાધલ,મહેશભાઈ રાઠોડ, રોનકસીહ સોંલકી,રવિભાઈ બગડા,માધવસિંહ ભાઈ ડાભી,પ્રદ્યુમન સીહ રાઠોડ સહિત ના ઓ કરી વધુ તપાસ કરી રહ્યા છે..ચલાલા પી.આઈ. વસૈયા એ જણાવેલ હતુ કે ચલાલા મા આવા ગંજીપતા થી પૈસા નો રમાતો જુગાર સામે કડક હાથે કામગીરી કરી જુગાર ના અડાઓ ને નેસ્ત નાબુદ કરાશે..

# થાન: ખાખરાવાળી અને નળખંભા ગામેથી કાર્બોસેલનું ગેરકાયદે ખનન ઝડપાયું

## ડમ્પર, ચરખી, ટ્રેક્ટર, કંમ્પ્રેશર, ડીટોનેટર, સેફ્ટી ફ્યુસ સહિત અંદાજે લાખોનો મુદ્દામાલ કબ્જે: ચોટીલા પ્રાંત અધિકારી અને મામલતદારની સંયુક્ત ટીમની કામગીરીથી ભુમાફીયાઓમાં ફફડાટ

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**



થાન તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભુમાફીયાઓ દ્વારા ગેરકાયદે કાર્બોસેલનું ખનન થતું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈ ચોટીલા પ્રાંત અધિકારી તેમજ મામલતદારની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે ત્યારે થાન તાલુકાના ખાખરાવાળી અને નળખંભા ગામે ગેરકાયદે ખનન થતું હોવાની બાતમીના આધારે રેઈડ કરી હતી.

ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી. મકવાણા અને થાન મામલતદારની સંયુક્ત ટીમએ ખાખરાવાળી ગામે દરોડો પાડી જમીનમાંથી કુલ ત્રણ કુવાઓ પૈકી એક કુવા પર અસામાજીક તત્વો દ્વારા ગેરકાયદે ખનન થતું હોવાનું સામે આવ્યું હતું તેમજ સ્થળ પર થી ૧-ડમ્પર, ૩૫ ટન કાર્બોસેલ, ૧-ટ્રેકટર, ૧-કંમ્પ્રેશર, ૧૦૦-નંગ ડીટોનેટર, ૧૦૦ મીટર પાઈપ, ૧-ચરખી, ૨-બકેટ, ૬૦ મીટર સેફટી ફ્યુસ સહિત અંદાજે રૂા.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે નળખંભા ખાનગી માલિકીના સર્વે નં.૧૩૨માં રઘા જીવણ કોળીની માલિકીની જમીનમાં દરોડા પાડતા ત્રણ કુવા જોવા મળેલા જેમાં ગેરકાયદે ખનન ઝડપી પાડી ચરખી, ૩-બકેટ, કંમ્પ્રેસર અને ૧૫ ટન કાર્બોસેલ મળી રૂ.૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ કામગીરીથી ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# જામનગર મુંગણી ગામે પ્રેમ પ્રકરણમાં પ્રૌઢની હત્યામાં નવો ઘટસ્ફોટ: ચાર શખ્સો જેલ હવાલે

## પ્રેમિકાએ પ્રેમીને આપેલો સોનાના હારના રૂપિયાના મામલે માથાકુટમાં યુવકના પિતાનું ઢીમ ઢાળી દીધું

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના મુંગણી ગામમાં પ્રેમ પ્રકરણમાં ગંભીર વળાંક આવ્યો હતો, અને પ્રેમી યુવાનના પિતા ઉપર પ્રેમિકાના પરિવારજનો વગેરેએ છરી વડે ૧૧ જેટલા ઘા ઝીંકી દઈ હત્યા નીપજાવી હતી. જે હત્યા પ્રકરણમાં સિક્કા પોલીસે ચાર આરોપીઓની અટકાયત કરી લીધી હતી જે ચારેય આરોપીઓને જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના મુંગણી ગામમાં રહેતા બલરાજસિંહ ઉર્ફે બલીયો રાજેન્દ્રસિંહ કેર નામના ૨૨ વર્ષના યુવાનને ચંગા ગામના મહેન્દ્રસિંહ પિંગળના ભાઈની પુત્રી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. જે મિત્રતામાં પ્રેમિકાએ પોતાનો સોનાનો હાર બલરાજસિંહ ને આપ્યો હતો, અને તે હાર ઉપર ફરિયાદી યુવાને લોન લીધી હતી. જેમાં ઝઘડો થયો હતો. સોનાનો હાર પરત મેળવી લેવાયો હતો.

પરંતુ તેના ૩૦,૦૦૦ રૂપિયા ચૂકવેલા હતા, જે રૂપિયા પરત લેવા બાબતે ફરીથી ઝઘડો થયો હતો. જે ઝઘડા નું મનદુ:ખ રાખીને મહેન્દ્રસિંહ પિંગળ પોતાના અન્ય ત્રણ સાગરીતો સાથે વનરાજસિંહ કેર ના ઘરે પહોંચી ગયા હતા, જ્યાં તેના પિતા રાજેન્દ્રસિંહ કેર કે જેઓ ફળિયામાં સુતા હતા, જેના ઉપર તમામ શખ્સો એ છરી વડે હુમલો કરી દીધો હતો, અને ઉપરા છાપરી છરી ના ૧૧ જેટલા ઘા મારી દઈ હત્યા નિપજાવી હતી.

જે સમગ્ર મામલે બલરાજસિંહ રાજેન્દ્રસિંહ કેર એ સિક્કા પોલીસ મથકમાં પોતાના પિતા ઉપર જીવલેણ હુમલો કરવા અંગે મહેન્દ્ર સિંહ પિંગળ અને તેના અન્ય ત્રણ સાગરીતો સામે ફરિયાદ નોંધાવી હતી.

જે ફરિયાદના અનુસંધાને સિક્કા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.જે. ચાવડા તેમજ સ્ટાફ ના લાલજીભાઈ રાતડીયા, કમલેશભાઈ કરથિયા સહિતની પોલીસ ટુકડી દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી દઈ ચારેય હત્યારા આરોપીઓ મહેન્દ્રસિંહ હેમતસિંહ પિંગળ, જયપાલસિંહ ચંદુભા પિંગળ, અનિરુદ્ધસિંહ ભરતસિંહ પિંગળ અને મનોજસિંહ ભીમસિંહ કેર ની અટકાયત કરી લીધી હતી, જ્યારે હુમલામાં વપરાયેલી છરી કબજે કરી લેવામાં આવી હતી. ઉપરોક્ત ચારેય આરોપીઓને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવતા અદાલતે ચારેય આરોપીઓને જેલમાં મોકલી દેવા હુકમ ફરમાવ્યો છે.

# કુખ્યાત રજાક સોપારી અને બે સાગરીતો સામે વધુ ત્રણ ટ્રકની છેતરપિંડી અંગેનો ગુનો નોંધાયો

## પોરબંદરના ટ્રાન્સપોર્ટના ધંધાર્થી પાસેથી ત્રણ ટ્રક ભાડે ચલાવવા મેળવી લઈ પરત નહીં આપ્યા: ટગના ધંધાની ૧૫ લાખની રકમ પણ પચાવી પાડી

**અબતક, જામનગર**

જામનગર શહેરના નામચીન અપરાધી રજાક સોપારી કે જેની સામે છેતરપિંડી અંગેનો વધુ એક ગુનો નોંધવામાં આવ્યો છે અને પોરબંદરના ટ્રાન્સપોર્ટ ના વેપારી પાસેથી ભાડામાં ટ્રકો ચલાવવા ના બહાને ત્રણ ટ્રક મેળવી લઈ બારોબાર ગાયબ કરી દીધા, અને ટગના ધંધા માટેની ૧૫ લાખની રકમ મેળવી લીધા બાદ તે રકમ પણ પરત નહીં કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યા ની ફરિયાદ રજાક સોપારી અને તેના બે સાગરીતો સામે પોલીસમાં નોંધાવાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગતે એવી છે કે પોરબંદરના વતની અને ટ્રાન્સપોર્ટ નો વ્યવસાય કરતા ગાંગાભાઈ ઠેબાભાઈ કોડીયાતર નામના ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં કુખ્યાત ગુનેગાર રજાક સોપારી દાઉદભાઈ ચાવડા, અને તેના બે સાગરીતો અમીન નોતીયાર તેમજ રામ ભીમસી નંદાણીયા સામે વિશ્વાસ ઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી ટ્રાન્સપોર્ટના ધંધાર્થી એને આરોપી રજાક સોપારીએ પોતાની પાસે મોટા કોન્ટ્રાક્ટ છે, તેવું પ્રલોભન આપીને દર મહિને ટ્રકના એક લાખ રૂપિયાની ભાડાની લાલચ આપી તેના ટ્રક ભાડેથી મેળવી લીધા હતા.

જે પૈકીના જીજે ૨૫ યૂ ૫૯૩૩, જીજે -૩૬ એક્સ. ૮૧૩૨ ઉપરાંત જીજે ૨૫ એ એ ૯૧ નંબરની સ્કોર્પિયો કાર વગેરે મેળવી લીધા હતા, અને પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી, તેમજ કોઈપણ પ્રકારનું ભાડું પણ આપ્યું ન હતું.

આ ઉપરાંત ફરિયાદી અને આરોપી બંને વચ્ચે ભાગીદારી માટેનો ધંધો શરૂ કર્યો હતો, જેના માટે પણ ૧૫ લાખ રૂપિયા એડવાન્સમાં આપ્યા હતા, તે ૧૫ લાખની રકમ પણ પરત નહીં આપી અથવા તો ધંધામાં કોઈ ભાગીદારી નો હિસ્સો નહીં આપી વિશ્વાસઘત અને છેતરપિંડી કરી હોવાનું જણાવ્યું છે.

જેમાં રજાક સોપારી, તેમજ આમીન નોતીયાર અને રામ ભીમશી નંદાણીયા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આઈપીસી કલમ ૪૦૬,૪૨૦ અને૦૧૧૪ મુજબ છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

હાલ આરોપી જામનગરની જેલમાં હોવાથી તેઓનો ટ્રાન્સફર વોરંટના આધારે કબજો મેળવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# વંથલી : પૂર્વ પ્રમુખે પુત્રીના લગ્ન આરોપીના પુત્ર સાથે થવા નહિ દેતા હુમલો કરાયાનો ખુલાસો

## સિરાજ વાજા સહિત બે શખ્સો સામે વળતી ફરિયાદ પણ નોંધાઈ

**અબતક, દર્શન જોષી, જૂનાગઢ**

વંથલી પાલિકાના પૂર્વ પ્રમુખ પર થયેલા હુમલા મામલે પાલિકાના પૂર્વ પ્રમુખે તેની દીકરીના લગ્ન આરોપીના દીકરા સાથે ન થવા દેવા બાબતના મનદુખે આ હુમલો થયો હોવાનું સામે આવ્યું છે. તે સાથે પૂર્વ પ્રમુખ સહિત બે શખ્સો સામે સામા પક્ષેથી ફરિયાદ નોંધાઈ હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

ગુરુવારે સાંજના સાતેક વાગ્યાના અરસામાં વંથલી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સિરાજ હારુનભાઈ વાજા પોતાની વાડીએ જતા હતા તે સમયે તેના જ વિસ્તારમાં રહેતા ઈકબાલ નૂરમીયા સૈયદ, શાહનવાજ નૂરમીયા સૈયદ અને મુન્નાફ અલીમીયા સૈયદ નામના શખ્સોએ છરી અને કુહાડી વડે હુમલો કરીને સિરાજ વાજાણીની હત્યાનો પ્રયાસ કર્યો હતો. જો કે આ સમયે ઈકબાલે તેની પાસે રહેલી દેશી તમંચામાંથી બે વખત સિરાજ વાજા ઉપર ફાયરિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ બંને વખત મિસ ફાયર થતાં જીવ બચી ગયો હતો. જે અંગે વંથલી પોલીસમાં ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ થયો હતો અને પોલીસે ત્રણ શખ્સોની અટક પણ કરી લીધી હતી.

આ ઘટના અંગે સિરાજ વાજાએ વંથલી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેની દીકરીને બે વર્ષ પહેલા આરોપી ઈકબાલનો દીકરો અહેસાન ઈકબાલ સૈયદ લગ્ન કરવાના ઈરાદે લઈ ગયો હતો અને દીકરી પાસે સિરાજ વાજા સામે પોલીસમાં અરજી કરાવી હતી. જો કે બાદમાં સિરાજ વાજા દીકરીને સમજાવીને ઘરે લાવ્યા હતા. જેથી ઈકબાલના દીકરા અહેસાન સાથે તેની દીકરીના લગ્ન ન થતા ઈકબાલ અવારનવાર સિરાજ વાજાને ધમકીઓ આપતો હતો અને સિરાજ વાજાની રેકી પણ થતી હતી. દરમ્યાન ગુરુવારે સાંજે મોકો મળતા ત્રણેય શખ્સોએ શિરાજ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. દરમિયાન આ ઘટના અંગે વંથલી પોલીસમાંથી મળતી વધુ વિગતો મુજબ વંથલીના શાહનવાજ નુરમીયા મટારીએ સિરાજ વાજા તથા તેની સાથેના મોહસીન કચરા સામે લાકડી વડે માર મારી, ઈજા કર્યાની વંથલી પોલીસમાં ફરિયાદ દાખલ થવા પામેલ છે.

# ૨૦૪૭ સુધીમાં વિવિધ ક્ષેત્રોમાં ૧ ટ્રિલિયન ડોલરનું ઉપાર્જન કરશે ઈન્ડિયન ઓઈલ

## ડેટા સેન્ટર્સ, પરમાણુ ઉર્જા ઉત્પાદન, શિપિંગ, મહત્વપૂર્ણ ખનિજ ખાણકામ અને બેટરી ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં પણ ઈન્ડીન ઓઈલ વેપલો કરવાની તૈયારીમાં

**અબતક, મુંબઈ**

એક સમયે ખોટ ખાતા હાલ સરકારી સંસ્થાનો નફાના ગંજ ખડકી રહ્યા છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ ડેટા સેન્ટર્સ, પરમાણુ ઉર્જા ઉત્પાદન, શિપિંગ, મહત્વપૂર્ણ ખનિજ ખાણકામ અને બેટરી ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં વૈવિધ્યીકરણ કરવાની યોજના બનાવી રહી છે. આવું કરીને આ કંપની ૨૦૪૭ સુધીમાં ૧ ટ્રીલિયન ડોલરનું ઉપાર્જન કરશે.

ભારતના ટોચના રિફાઈનર અને ઈંધણ રિટેલર નાણાકીય વર્ષ ૨૦૨૮ સુધીમાં વાર્ષિક ૧૦૦ મિલિયન મેટ્રિક ટન રિફાઈનિંગ ક્ષમતા અને ૧૩ એમએમટીપીએ પેટ્રોકેમિકલ ક્ષમતાનું લક્ષ્ય રાખે છે. આ પહેલો ૨૦૪૭ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલરની આવક સુધી પહોંચવા અને કાર્યરત રીતે ચોખ્ખી-શૂન્ય ઉત્સર્જન પ્રાપ્ત કરવાની આઈઓસીએલની વ્યૂહરચનાનો એક ભાગ છે. ગયા મહિને બોર્ડ સમક્ષ 'ઈમેજિનિંગ ટુમોરો' પ્રેઝન્ટેશનમાં, વરિષ્ઠ અધિકારીઓએ ૨૦૩૦ સુધી કંપની કયા વિકાસ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે તે અંગે પ્રકાશ પાડ્યો હતો. રાજ્ય માલિકીની કંપનીનો રિફાઈનિંગ ક્ષમતા લક્ષ્ય વર્તમાન ૮૧ એમએમટીપીએ થી ૨૫% નો વધારો દર્શાવે છે. પેટ્રોકેમિકલ ઉત્પાદન ૪.૩ એમએમટીપીએ થી ત્રણ ગણાથી વધુ થશે. કુદરતી ગેસ વિતરણ અને વેપાર વ્યવસાય ૮ એમએમટી થી બમણો થઈને ૧૬.૫ મિલિયન મેટ્રિક ટન થશે. નવા ગ્રીન એનર્જી વ્યવસાયોમાં, કંપની ૩૧ ગીગા વોટ ક્ષમતાનું લક્ષ્ય રાખી રહ્યું છે, જે વર્તમાન ૨૪૭ મેગાવોટ થી તીવ્ર વધારો છે. તે વાર્ષિક ૮૦ કિલો ટન ગ્રીન હાઈડ્રોજન ક્ષમતા અને પાંચ ગીગાવોટ કલાક લિથિયમ-આયન સેલ બેટરી ઉત્પાદનનું લક્ષ્ય પણ ધરાવે છે. એક ઈમેઈલ પ્રતિભાવમાં, કંપનીના ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે કંપનીના 'ભારતની ઊર્જા' ના વિઝનને અનુરૂપ, તે નવા ક્ષેત્રોમાં પ્રવેશ સહિત ઊર્જા વ્યવસાય સંબંધિત તમામ સંભવિત ક્ષેત્રોની શોધ કરી રહી છે. ‘‘નવા અને વૈકલ્પિક ઉર્જા ક્ષેત્રમાં કંપનીના વિસ્તરણમાં નોંધપાત્ર મૂડી ખર્ચનો સમાવેશ થાય છે, જેમાં પ્રોજેક્ટ્સ કંપનીના બેલેન્સ શીટ પર અને ખાસ રચાયેલા સ્પેશિયલ પર્પઝ વ્હીકલ્સ દ્વારા અમલમાં મૂકવામાં આવે છે,‘‘ પ્રવક્તાએ જણાવ્યું હતું. અમલીકરણ અને અમલીકરણના જોખમોને ઘટાડવા માટે,આઈઓસીએલ તમામ ક્ષેત્રોમાં અગ્રણી વ્યૂહાત્મક ભાગીદારો સાથે સહયોગ કરી રહ્યું છે. આ ભાગીદારી માત્ર જોખમ વૈવિધ્યકરણમાં મદદ કરતી નથી પરંતુ વહેંચાયેલ રોકાણ પ્રતિબદ્ધતાઓ દ્વારા ભંડોળ એકત્ર કરવામાં પણ ફાળો આપે છે.‘‘આ પહેલ માટે જરૂરી નોંધપાત્ર મૂડી ખર્ચ આંતરિક સંચય અને દેવાના સંતુલિત મિશ્રણ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે,‘‘ પ્રવક્તાએ મૂડી ખર્ચ યોજનાઓની વિગતો આપ્યા વિના જણાવ્યું હતું.

(પહેલા પાનાનું ચાલું)

### આતંકવાદીઓ...

ઈન્ડોનેશિયાના જકાર્તામાં તેમના છુપાયેલા સ્થાનથી પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ત્યારબાદ એનઆઈએ દ્વારા બંનેને તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

બંને શખ્સોં બે વર્ષથી વધુ સમય સુધી ધરપકડથી બચીને ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. એનઆઈએ સ્પેશિયલ કોર્ટ, મુંબઈ દ્વારા બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યા હતા. એજન્સીએ દરેક શંકાસ્પદને પકડવા માટે માહિતી આપનાર માટે ૩ લાખ રૂપિયાનું ઈનામ ઓફર કર્યું હતું.

તપાસ આ વ્યક્તિઓ અને આઈએસઆઈએસ પુણેના આઠ અન્ય સ્લીપર સેલ સભ્યો સાથે સંકળાયેલા કાવતરા પર કેન્દ્રિત છે, જેઓ હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે. નિવેદનમાં ઈસ્લામિક શાસન સ્થાપિત કરવા માટે હિંસક માધ્યમો દ્વારા ભારતની શાંતિને અસ્થિર કરવાના તેમના કાવતરાની વિગતવાર માહિતી આપવામાં આવી છે.

ધરપકડ કરાયેલા બે આરોપીઓ જેમના પર અગાઉ અન્ય આરોપીઓ સાથે ચાર્જશીટ કરવામાં આવી હતી. તેમણે કથિત રીતે શોધવા પુણેના અબ્દુલ્લા ફૈયાઝ શેખ દ્વારા ભાડે લેવામાં આવેલા ઘરમાં આઈઈડી ભેગા કર્યા હતા. ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન, તેઓએ બોમ્બ બનાવવાની વર્કશોપ ચલાવી હતી અને પરિસરમાં નિયંત્રિત વિસ્ફોટમાં આઈઈડીનું પરીક્ષણ કર્યું હતું.

ભારતમાં આઈએસઆઈએસ પ્રવૃત્તિઓ પર નજર રાખતી એનઆઈએ એ અગાઉ યુએપીએ વિસ્ફોટક પદાર્થો અધિનિયમ, શસ્ત્ર અધિનિયમ અને આઈપીસીની વિવિધ કલમો હેઠળ તમામ ૧૦ આરોપીઓ સામે આરોપો દાખલ કર્યા હતા.

ધરપકડ કરાયેલા વધારાના વ્યક્તિઓમાં મોહમ્મદ ઈમરાન ખાન, મોહમ્મદ યુનુસ સાકી, અબ્દુલ કાદિર પઠાણ, સિમાબ નસિરુદ્દીન કાઝી, ઝુલ્ફીકાર અલી બરોડાવાલા, શામિલ નાચન, આકીફ નાચન અને શાહનવાઝ આલમનો સમાવેશ થાય છે.

### અફઘાની ટ્રકો...

જેનાથી અફઘાન માલ ભારતમાં નિકાસ કરવાની મંજૂરી મળી હતી પરંતુ ભારતથી અફઘાનિસ્તાનમાં કોઈ વિપરીત નિકાસ થતી નહોતી.

૧૫ મેના રોજ ભારત અને તાલિબાન વચ્ચેના પ્રથમ રાજકીય સંવાદમાં વિદેશ મંત્રી એસ જયશંકર અને અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકી વચ્ચે વેપાર સંબંધોનો વિસ્તાર કરવાનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. પાકિસ્તાનમાં પરિવહન સમસ્યાઓને કારણે ઉદ્ભવતા અવરોધો છતાં, ભારત દક્ષિણ એશિયામાં અફઘાન ઉત્પાદનો માટેનું સૌથી મોટું બજાર રહ્યું છે અને વાર્ષિક વેપાર લગભગ ૧ અબજ ડોલરનો છે.

તાજેતરના સમયમાં પાકિસ્તાને ભારતને જમીન સરહદ દ્વારા અફઘાનિસ્તાનમાં માલ મોકલવાની મંજૂરી આપી હતી, જ્યારે ભારતે દુષ્કાળગ્રસ્ત દેશને સહાય તરીકે ૫૦,૦૦૦ ટન ઘઉં મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તાલિબાને પાકિસ્તાન પર પુરવઠા માટે મંજૂરી ન રોકવા દબાણ કર્યું. મુત્તાકીએ ગુરુવારે જયશંકરને ઈરાન અને ચીનની તેમની આગામી મુલાકાત પહેલા ફોન કર્યો હતો, જે હકીકતને ભારત ખૂબ મહત્વ આપે છે. બંને નેતાઓ સંપર્કમાં રહેવા સંમત થયા અને જયશંકરે પહેલગામ હુમલા પછી કાબુલ દ્વારા ભારત સાથે એકતા દાખવવા બદલ અને ભારત અને તાલિબાન વચ્ચે મતભેદ પેદા કરવાના પાકિસ્તાની અધિકારીઓ દ્વારા અનુગામી પ્રયાસોમાં સામેલ ન થવા બદલ મુત્તાકીનો આભાર માન્યો.

એક સૂત્રએ જણાવ્યું હતું કે ભારતના ઓપરેશન સિંદૂર પછીની તંગ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ એક મહત્વપૂર્ણ પગલું હતું. આ વર્ષની શરૂઆતમાં દુબઈમાં વિદેશ સચિવ વિક્રમ મિસ્રીની મુત્તાકી સાથેની મુલાકાત પછી, ભારત અફઘાનિસ્તાનમાં તેના પ્રોજેક્ટ્સ તેમજ અફઘાનિસ્તાનના લોકો માટે વધુ વિકાસ સહયોગ પ્રોજેક્ટ્સ પર કામ ફરી શરૂ કરવા માંગે છે.

કાબુલમાં રાજકીય રીતે સામેલ થવાના ભારતના પગલાથી આ પ્રયાસોને વધુ વેગ મળવાની શક્યતા છે. ‘‘અમે પાકિસ્તાન દ્વારા હાંકી કાઢવામાં આવેલા અફઘાન શરણાર્થીઓ માટે માનવતાવાદી સહાય પર પણ વિચાર કરી રહ્યા છીએ,‘‘ એક સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું. જોકે, ઔપચારિક માન્યતા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયને ખાતરી ન થાય ત્યાં સુધી રાહ જોવી પડશે કે તાલિબાન શાસન સમાવિષ્ટ શાસન પૂરું પાડવા અને મહિલાઓ પરના પ્રતિબંધો હટાવવા માટે ગંભીર છે. ‘‘૨૦૨૧ થી, ભારતે ૫૦,૦૦૦ ટન ઘઉં, ૩૫૦ ટન દવાઓ, ૪૦,૦૦૦ લિટર મેલાથિઓન અને ૨૮ ટન ભૂકંપ રાહત સામગ્રી અફઘાનિસ્તાનને મોકલી છે. અમે અફઘાન વિદ્યાર્થીઓ માટે ૨૦૦૦ ઓનલાઈન શિષ્યવૃત્તિ પણ પૂરી પાડી છે. આ સહાયની અફઘાન પક્ષ દ્વારા પ્રશંસા કરવામાં આવી છે,‘‘ સૂત્રએ જણાવ્યું.

### ભારત એલર્ટ...

આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત થયા બાદ, નવી દિલ્હીએ પાકિસ્તાનથી આવતા માલ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો હતો, જેમાં ત્રીજા દેશો દ્વારા આવતા માલનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાને ભારત સાથેના ત્રીજા દેશો સાથેના તમામ વ્યાપારિક સંબંધો સ્થગિત કરી દીધા છે. ‘‘યુએઈ અને પાકિસ્તાની માલ માટે ટ્રાન્સશિપમેન્ટ હબ જેવા ચોક્કસ દેશોથી થતી આયાતની તપાસ કરવામાં આવી રહી છે,‘‘ એક અધિકારીએ જણાવ્યું હતું. મૂળ નિયમો એ ધોરણો છે જે ઉત્પાદનના રાષ્ટ્રીય સ્રોતને નિર્ધારિત કરે છે અને આમ ડ્યુટી છૂટ આપે છે. નાણાકીય વર્ષ ૨૫ માં યુએઈમાં ભારતની માલસામાન નિકાસ ૩૬.૬૩ બિલિયન ડોલર હતી અને તે દેશમાંથી આયાત ૬૩.૪૨ બિલિયન ડોલર હતી. ભારતે નાણાકીય વર્ષ ૨૫ ના એપ્રિલ-ફેબ્રુઆરી સમયગાળામાં ૨૭૦.૪ મિલિયન ડોલરની ખજૂર આયાત કરી હતી. આમાંથી, ૧૨૩.૮૨ મિલિયન ડોલરની ખજૂર યુએઈમાંથી આવી હતી. ભારતે સમગ્ર નાણાકીય વર્ષ ૨૪ માં ૨૭૭.૨૫ મિલિયન ડોલરની તાજી અને સૂકી ખજૂરની આયાત કરી હતી. જુલાઈ ૨૦૨૪ અને ફેબ્રુઆરી ૨૦૨૫ વચ્ચે યુએઈમાં પાકિસ્તાનની નિકાસ પાછલા વર્ષની સરખામણીમાં ૨૮% વધીને ૧.૨ બિલિયન ડોલર થઈ હતી.

### ગેસ ગળતરની ઘટના...

સેપ્ટિક ટાંકી સફાઈ કામગીરી સાથે સંકળાયેલા શ્રમિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આવી દુર્ઘટનાઓ રોકવા માટે ખાસ ‘‘ડ્રેનેજ-સેફટી‘‘ નિયમો ઘડવામાં આવશે, તે પ્રશ્ન મહત્વપૂર્ણ બન્યો છે.

ત્યારે આવી જ એક ગંભીર ઘટના હાલમાં જ અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં સામે આવી છે, જ્યાં એક કપડાના યુનિટમાં સેપ્ટિક ટાંકીની સફાઈ કરતી વખતે ઝેરી ગેસ ગળતરને કારણે ત્રણ યુવાન શ્રમિકોના કરૂણ મોત થયા હતા. આ ફેક્ટરી છેલ્લા એક વર્ષથી બંધ હતી અને તેને ફરીથી શરૂ કરવાની તૈયારીના ભાગરૂપે સફાઈનું કામ ચાલી રહ્યું હતું. મૃતકોમાં આશરે ૨૦ વર્ષની વયના પ્રકાશ પરમાર, વિશાલ ઠાકોર અને સુનિલ રાઠવાનો સમાવેશ થાય છે.

આ દુર્ઘટના સફાઈ કાર્યના બીજા દિવસે સવારે બની હતી. માહિતી મુજબ, સફાઈ માટે રાખવામાં આવેલા ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા કામદારોને ટાંકીમાં ઉતારવામાં આવ્યા હતા. પોલીસના પ્રાથમિક અહેવાલ મુજબ, સૌપ્રથમ એક કામદાર ટાંકીમાં પ્રવેશ્યો અને ઝેરી ધુમાડાને કારણે બેભાન થઈ ગયો. તેને બચાવવાના પ્રયાસમાં અન્ય બે કામદારો પણ ટાંકીમાં ઉતર્યા હતા, પરંતુ તેઓ પણ ઝેરી ગેસની ચપેટમાં આવી ગયા હતા અને તેમને બચાવી શકાયા ન હતા. ત્રણેયને તાત્કાલિક મણિનગરની એલજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

દાણીલીમડા પોલીસે આ ઘટના અંગે આકસ્મિક મૃત્યુનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સૂત્રો અને પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મૃતક કામદારોને સેપ્ટિક ટાંકી જેવી જોખમી જગ્યાએ કામ કરવા માટે જરૂરી એવા કોઈ પણ પ્રકારના રક્ષણાત્મક સાધનો, જેમ કે માસ્ક, ઓક્સિજન સિલિન્ડર કે સેફટી બેલ્ટ પૂરા પાડવામાં આવ્યા ન હતા. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે ટાંકી લાંબા સમયથી બંધ અને સીલબંધ હોવાથી અંદર ઘાતક ગેસ જમા થયો હોવાની શક્યતા છે. આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ વાય.એ. ગોહિલે પુષ્ટિ કરી હતી કે મૃતકો પાસે સુરક્ષા સાધનો નહોતા અને આ મામલે કોન્ટ્રાક્ટર જિગ્નેશ પુરભિયા અને ફેક્ટરી ઓપરેટર સામે એફઆઈઆર નોંધવાની પ્રક્રિયા ચાલી રહી છે.

પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવીને તેનું વિશ્લેષણ શરૂ કર્યું છે અને કોન્ટ્રાક્ટરની પૂછપરછ પણ કરી રહી છે. તપાસકર્તાઓને સલામતી સૂચનાઓ કે સાધનો વિતરણ સંબંધિત કોઈ રેકોર્ડ મળ્યા નથી, જે બેદરકારી તરફ ઈશારો કરે છે. જો બેદરકારી સાબિત થશે તો ગુનાહિત મનુષ્યવધ જેવી કલમો પણ લાગુ પડી શકે છે, જે ડ્રેનેજ અને સેપ્ટિક ટાંકી સફાઈના જોખમને નિયંત્રિત કરવા માટે કડક નિયમો અને તેના પાલનની તાતી જરૂરિયાતને વધુ એકવાર ઉજાગર કરે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### અમિત શાહ...

મહાનગરપાલિકાના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોનું લોકાર્પણ તથા ખાતમુહુર્ત કરશે સાથોસાથ ગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત કેવીઆઈસી દ્વારા વિવિધ યોજનાઓનાં લાભાર્થીઓને સાધન સહાયનું વિતરણ કરવામાં આવનાર છે. તેમા પણ હાજરી આપશે.

ગુજરાત પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષની નિમણુંકની પ્રક્રિયા હવે આખરી તબકકામાં હોવાનું ચર્ચાય રહ્યું છે. પ્રદેશ પ્રમુખની વરણી સંદર્ભે ગુજરાતની મૂલાકાત દરમિયાન અમિત શાહ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના ભાજપના આગેવાનો સાથે બેઠક યોજાશે. સંભવતઃ આવતા સપ્તાહે નવા પ્રદેશ અધ્યક્ષના નામની જાહેરાત કરી દેવાય તેવી સંભાવના જણાય રહી છે.

રાજય સરકારના મંત્રી મંડળના વિસ્તરણની પણ વાતો છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. ત્યારે અમિતભાઈની ગુજરાત ભાજપ માટે સંગઠન અને સરકાર બંને માટે ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

### સૌરાષ્ટ્રમાં તાપમાન...

તાપમાન ૩૮.૮ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૯.૫ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૮.૪ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૭.૯ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, અને દમણનું તાપમાન ૩૫.૬ ડિગ્રી નોંધાયું હતું.

જયારે કચ્છના ભુજનું તાપમાન ૩૮ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૮.૫ ડિગ્રી, અને કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું.

### જેતપુર...

દેખરેખનું કામ પણ તેઓ કરે છે.

ગઈ તા.૧૪/૦૫ ના તેઓ સાડીના કારખાનામાં કામ કરતાં હતાં ત્યારે સાંજના સમયે આવાસ યોજનામાં રહેતા ભરતભાઈ નાથાલાલ પરમારએ આવી વાત કરેલ કે, આપણા જય મંગળેશ્વર મહાદેવના મંદિરમાં તોડફોડ થયેલ છે, શંકર ભગવાનના પોઠીયા (નંદી)ની પ્રતિમાનું મુખ તોડી નાખેલ છે તેમજ મંદિરની બહાર કાળભૈરવ દાદાની પથ્થરની જે મુર્તિ છે તેને ત્યાંથી કાઢીને બીજી જગ્યાએ રાખી દિધેલ છે, તેમ વાત કરતા તેઓ જય મંગળેશ્વર મહાદેવ મંદિર ખાતે ગયેલ અને જોયુ તો ત્યાં મંદિરમાં જે શંકર ભગવાનના પોઠીયા (નંદી)ની ચીનાઈ માટીની પ્રતિમા હતી તેનું મુખ તોડી નાખેલ હતુ. તેમજ કાળભૈરવ દાદાની પથ્થરની મુર્તિ પણ તેની જગ્યા ઉપર ન હતી. મુર્તિને તેની જગ્યાએથી કાઢીની બાજુમાં દિવાલ સાથે રાખી દિધેલ હતી.

તેમજ મંદિરમાં જે ગૌવ મુખ હોય તે પણ તોડી નાખેલ હતુ. આ વખતે ત્યાં આ મંદિરમાં પુજાપાઠ કરતા સવિતાબેનના દિકરા શૈલેષભાઈ જવેરભાઈ ગોસાઈ આવેલ અને વાત કરેલ કે, આજે સાંજના ચાર વાગ્યાથી સાડા ચાર વાગ્યા સુધી મારા મમ્મી અહીં મંદિરમાં ભોળાનાથની પુજા ઉતારવા (પખાલ) આવેલ હતા. ત્યારે કોઈ તોડફોડ થયેલ ન હતી. જેથી કોઈ અજાણ્યો શખ્સ મંદિરમાં તોડફોડ કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર ઉદ્યોગનગર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

### વિકાસની હરણફાળ...

શકશે અને ગુજરાતના ઊર્જા-સઘન ઔદ્યોગિક ક્ષેત્રોમાં ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળશે.

‘‘આનાથી ખાસ કરીને એવા એકમોને મદદ મળશે જેમની પાસે કેપ્ટિવ સોલાર માટે જગ્યા નથી. ગુજરાત નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં આગળ છે અને અમે ઑફ-પીક અવર્સ દરમિયાન પણ સ્વચ્છ ઉર્જા કાઢવા અને વિતરણ કરવા માટે ગ્રીડ અને સ્ટોરેજ સિસ્ટમ્સ બનાવી રહ્યા છીએ,‘‘ અધિકારીએ જણાવ્યું.


સૌર સલાહકાર જયદીપ માલવિયાએ જણાવ્યું હતું કે, ‘‘ઊર્જા સુરક્ષા મહત્વપૂર્ણ છે. નવીનીકરણીય ઊર્જાની ચોવીસ કલાક ઉપલબ્ધતા ટકાઉપણું લક્ષ્યોને ટેકો આપશે અને ખર્ચને સ્થિર કરશે. સંગ્રહ એ નવીનીકરણીય ઊર્જાનું ભવિષ્ય છે, અને તે અન્ય લોકો માટે એક મોડેલ બની શકે છે.‘‘

એસોચેમ ગુજરાતની નવીનીકરણીય ઉર્જા સમિતિના અધ્યક્ષ કુંજ શાહે જણાવ્યું હતુ કે ગુજરાતમાં નવીનીકરણીય ઉર્જાના વહેલા અપનાવવાથી એક મજબૂત ઈકોસિસ્ટમ બનાવવામાં મદદ મળી. ‘‘પહેલો સોલાર પાર્ક અહીં આવ્યો હતો, અને હવે અમારી પાસે ફોટોવોલ્ટેઈક મોડ્યુલ્સ, કોષો અને વેફર્સ માટે ઉત્પાદન એકમો છે. કુશળ માનવશક્તિ અને ઉદ્યોગ દ્વારા કેપ્ટિવ રીન્યુએબલ એનર્જી ઉપયોગે આ વૃદ્ધિને વેગ આપ્યો છે.‘‘

# દુ:ખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

## રાજકોટ શહેર ભાજપના સહ કાર્યાલયમંત્રી શૈલેષભાઈ દવેના પિતાનું નિધન



**રાજકોટઃ** મુળ વિસાવદર હાલ રાજકોટ નિવાસી રાજગોર બ્રાહ્મણ નરસિંહભાઈ શિવરામભાઈ દવે (ભરાડ) (ઉ.વ.૮૨) તે સુશીલાબેનનાં પતિ, કનુભાઈ દવે, રમેશભાઈ દવે, ચંપાબેન શિલું (વિસાવદર), લાભુબેન સાંકળીયા (બેલા)નાં ભાઈ, હરેશભાઈ દવે ( દીકરાનું ઘર - વૃદ્ધાશ્રમ, ઢોલરા) , શૈલેષભાઈ દવે (સહ કાર્યાલય મંત્રી રાજકોટ શહેર ભાજપ, શ્રીમતી આર. ડી. ગારડી કોલેજ- હરિપર , એડવોકેટ અને નોટરી), મનીષભાઈ દવે , ગીતાબેન અશોકકુમાર ધાંધીયા (રાજકોટ) નાં પિતાનું તારીખ ૧૬ ને શુક્રવારના રોજ અવસાન થયું છે.

## સમ્રાટ પબ્લિસિટીવાળા મનિષભાઈ ચાંગેલાના પિતાશ્રીનું અવસાન



**રાજકોટઃ** બાબુલાલ ટપુભાઈ ચાંગેલા(ઉંમર વર્ષ ૮૪)તે રાજકોટ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી મનીષ બાબુલાલ ચાંગેલાના પિતા, ચિંતન અને પાર્થના દાદાનું તા.૧૭ ના રોજ રાજકોટ ખાતે અવસાન થયું છે.

જેમની સ્મશાનયાત્રા બપોરે ૧:૦૦ વાગે સિલ્વર લાઈન એપાર્ટમેન્ટ રવિ પાર્ક સોસાયટી શેરી નં ૧ શિવમ આઈસક્રીમવાળી શેરી. પ્રેમ મંદિર પાસે કાલાવડ રોડ રાજકોટ થી મોટા મૌવા મવા સ્મશાન ગૃહ ખાતે ગઈ હતી જેમાં બહોળી સંખ્યામાં વિવિધ ક્ષેત્રના આગેવાનો જોડાયા હતા.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

વીણાબેન કેતનભાઈ શેઠ પરિવાર દ્વારા

# ધારીમાં ૭૦ આરાધકોના વર્ષીતપ પારણા-પ્રેરણા ઉત્સવની ત્રિ-દિવસીય ઉજવણી

**વેરાવળ, વડોદરા, મોરબી અને મુંબઈ શહેર સહિતના આરાધકો ધારીમાં ભવ્યાતિભવ્ય ઉજવણીમાં જોડાયા**

**ગોંડલ સંપ્રદાયના સાધ્વી રત્ના સદાનંદી પૂ.સુમતિબાઈ મહાસતિજી આદિ વિશાળ સતિવૃંદની પ્રેરક ઉપસ્થિતી**

**ત્રણ દિવસ ધારીના નગરજનો પોતાના ધંધા રોજગાર બંધ રાખી તપ ધર્મની બેજોડ અનુમોદના ઉત્સવમાં જોડાયા**





**અબતક, રાજકોટ**

ધારીની ધન્ય ધરા છે.કારણકે ધારી અને તેની આજુબાજુના ક્ષેત્રોમાંથી અનેક હળુ કર્મી આત્માઓએ દીક્ષા અંગીકાર જિન શાસનની આન - બાન - શાન વધારેલ છે.ગામ નાનું પણ ભક્તિ ભાવવાળા નગરજનો છે. લગભગ,એક - સવા વર્ષ પહેલાની વાત છે.માતુશ્રી મૃદુલાબેન નવીનભાઈ શેઠ પરિવાર રાષ્ટ્રસંત પૂ.ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ના દર્શને આવેલ. ગુરુદેના ચરણ કમળોમા પોતાના ભાવ વ્યકત કર્યો હતો. ગુરુદેવ ની પ્રેરણાથી ધારી ધર્મ સ્થાનક્નુ નૂતનીકરણ થયું હતું શાતાકારી ઉપાશ્રય થઈ ગયો. પૂજ્ય ગુરુ ભગવંતે સદ્બોધ આપતા કહ્યું કે તપથી અનંતા કર્મોની નિર્જરા થાય છે. જૈન - અજૈન સૌ કોઈ આદીનાથ ઋષભદેવ સહિત અનેક તીર્થંકર પરમાત્માઓએ પ્રરૂપેલ તપની જયોતને જલતી રાખે તે લક્ષે તપોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વીણાબેન કેતનભાઈ શેઠ પરિવાર દ્વારા અહોભાવ સાથે આરાધકોને વિનંતી કરી અને ફળશ્રુતિ રૂપે બે - પાંચ નહીં પરંતુ વિવિધ ક્ષેત્રોમાંથી ૭૦ ઉપરાંત આરાધકો અહોભાવ પૂર્વક જોડાયા છે.૧૬,૧૭ અને ૧૮ ત્રિદિવસીય તપ પારણા - પ્રેરણા ધર્મોત્સવ ધારીની ધન્ય ધરા ઉપર ઉલ્લાસભેર ઉજવાઈ રહ્યો છે

ધારી સંઘમાં અનેરો ધર્મોલ્લાસ વર્તાયે રહ્યો છે. સદાનંદી પરિવારના સુમતિબાઈ મ. સ, સ્મિતાબાઈ મ. સ,અમિતાબાઈ મ. સ. નલીનીબાઈ, મ.સ. જીજ્ઞેશાબાઈ, મ.સ. મનિષાબાઈ મ.સ. સુનંદાબાઈ, મ.સ. નંદાબાઈ, મ. સ. સંજીતાબાઈ મ.સ. અંજિતાબાઈ, મ.સ. ઉપસ્થિત રહ્યા હતા. ભાગ્યશાળી ધારી સંઘ તથા માતુશ્રી મૃદુલાબેન એન શેઠ પરિવાર તરફથી સર્વ ધર્મ પ્રેમીઓને ધારીની પાવન એવમ્ પવિત્ર ભૂમિ ઉપર કાલના પ્રસંગમાં પધારી તપસ્વી આત્માઓને બીરદાવવા અને જિન શાસનની શોભા વધારવા પધારવા ભાવભર્યું આત્મિય આમંત્રણ આપ્યું છે.



અબ તક CHANNEL
શ્રી સ્થાનકવાસી જૈન સંઘના
વર્ષીતપ સમુહ પારણાં મહોત્સવ
કાલે લાઈવ નિહાળો
LIVE
@abtakmedia

# બગસરા એસ.ટી. ડેપોના અણઘડ વહીવટથી મુસાફરો હેરાન

**૨૫ જેટલા નવા કરાર આધારિત ડ્રાઈવર હોવા છતાં નવા રૂટ, ચાલુ કરવાને બદલે રૂટ બંધ કરાતા રોષ: બંધ કરાયેલા રૂટો પુનઃ શરૂ કરવા માંગ**

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા એસટી ડેપો દ્વારા અનેક રૂટો બંધ કરાતા લોકોને પડતી હાલાકીના લીધે મુસાફરોને ચાર ચાર કલાક બસ સ્ટેન્ડમાં બસની રાહે બેસવા મજબૂર બની રહ્યા છે ત્યારે આ અણઘણ વહીવટના લીધે અનેક મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે.

બગસરામાં ડેપો મેનેજર દ્વારા પોતાની મનમાની કરી બેફામ રૂટો બંધ કરી દેવામાં આવે છે જ્યારે પહેલા પૂછવામાં આવતું કે આ રૂટો શું કામ બંધ કરો છો અત્યારે તેમના દ્વારા એવા જવાબ મળતા કે ડ્રાઈવરોની ઘટના લીધે રૂટો બંધ



કરવા મજબૂર છીએ પરંતુ હાલમાં સરકાર દ્વારા છ મહિનાના કરાર આધારિત ૨૫ જેટલા ડ્રાઈવરોની ભરતી કરવામાં આવી હોવા છતાં અનેક રૂટો બંધ કરવામાં આવી રહ્યા છે અને કાયમી ડ્રાઈવરોને રજાઓ મંજૂર કરવામાં આવી રહી છે આવા અણઘણ વહીવટના લીધે મુસાફરોને ભયંકર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

હાલમાં ૨૫ કરતાં વધારે નવા ડ્રાઈવરોની ભરતી કરવામાં આવી છે. તેમ છતાં નવા રૂટો ચાલુ કરવામાં આવવાના બદલે જે કાયમી આવક વાળા રૂટો પણ બંધ કરવામાં ડેપો મેનેજર દ્વારા પાછી પાની કરવામાં આવતી નથી અને ખાનગી વાહનોને પ્રોત્સાહન મળતું હોઈ તેવું પણ લાગી રહ્યું છે. જેના લીધે લોકોને ભયંકર મુશ્કેલીનો સામનો કરવો પડે છે તો આવી પરિસ્થિતિમાં ઉપલા અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે તો અનેક નવા રૂટો ચાલુ પણ થઈ શકે અને જે બંધ કરવામાં આવેલા છે તેવા રૂટો પણ ચાલુ થઈ શકે તેમ છે. જેથી મુસાફરોને પણ સગવડતામાં વધારો થઈ શકે તો વહેલામાં વહેલી તકે બંધ કરેલા રૂટોને ચાલુ કરવામાં આવે તેવી લોકો દ્વારા માંગ ઉઠી છે.

# કાલાવડ: કોઠા ભાડુકીયા ગામ પાસેના ઉંડ-૩ પુલ પર ભારે વાહનો ચલાવવા ઉપર પ્રતિબંધ

**વૈકલ્પીક રૂટ તરીકે કાલાવડ શિશાંગ રાજડા, કોઠભાડુકીયા રોડનો ઉપયોગ કરવાનો રહેશે**


**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), જામનગરના નિયંત્રણ હેઠળના પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, કાલાવડ હસ્તકના બાલંભડી મોટા ભાડુકિયા કોઠા ભાડુકિયા રાજડા શિશાંગ રોડ પર કોઠા ભાડુકિયા ગામ પાસે ઉંડ-૩ સિંચાઈ વિભાગ હસ્તકનો મેજર બ્રીજ (પુલ) આવેલ છે. આ બ્રીજમાં ૯ મીટરના કુલ ૯ (નવ) સ્પાન છે. બ્રીજના એબટમેન્ટ તેમજ પીયરમાં સ્કાઉરીંગ થયેલ જણાય છે. તેમજ આ બ્રીજમાં ક્રેક થયેલ હોવાથી હાલ આ બ્રીજના રીપેરીંગનું કામ ટેન્ડરીંગ પ્રક્રીયા હેઠળ છે. બ્રીજની હાલની સ્થિતિ જોતા આ બ્રીજ પરથી ભારે વાહનોની અવર-જવર કરવી જોખમી છે. આથી આ બ્રીજ પરથી ભારે વાહનોની અવર-જવર રોકવા અંગેનું પ્રતિબંધાત્મક જાહેરનામું અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ બી.એન.ખેર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા મુજબ બાલંભડી મોટા ભડુકિયા કોઠા ભાડુકિયા રાજડા શિશાંગ રોડ પર કોઠા ભાડુકિયા ગામ પાસે ઉંડ-૩ સિંચાઈ વિભાગ હસ્તકનો ૯ સ્પાન ધરાવતો બ્રીજ તથા રસ્તો તમામ પ્રકારના ટ્રક,ડમ્પર, ટેન્કર જેવા માલ વાહક અને ભારે વાહનો માટે અન્ય કોઈ સુચના ન મળે ત્યાં સુધી બંધ કરવામાં આવે છે. જેના વૈકલ્પિક રૂટ તરીકે કાલાવડ - શિશાંગ - રાજડા - કોઠાભા - ડૂકીયા રોડ વાળો રસ્તો ઉપયોગમાં લેવાનો રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (૪૫મો અધિનિયમ), ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

# કોટડાપીઠા આરોગ્ય કેન્દ્ર દ્વારા વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી

**ડેન્ગ્યુને અટકાવવા માટે પત્રિકા વિતરણ, જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું**



**અબતક, બાબરા**

પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધીકારી સાહેબ તેમજ જીલ્લા મેલેરીયા અધીકારી સાહેબની સુચના અને તાલુકા હેલ્થ ઓફીસર ના માર્ગદર્શન મુજબ કોટડાપીઠા ગામે ૧૬ -મે વિશ્વ ડેન્ગ્યું દીવસ ની ઉજવણી કરવામા આવી. ડેન્ગ્યું રોગ અટકાવવા માટે ગુરુશીબીર, પત્રીકા વિતરણ અને રેલી સ્વરુપે જન જાગૃતી અભીયાનનુ પણ આયોજન કરવામા આવેલુ. આ વર્ષ નુ વિશ્વ આરોગ્ય દીન નુ સુત્રચેત કલીન કવર સ્ટેપટુ કેફીટ ડેંગ્યુ ના અનુશંધાને ડેન્ગ્યું રોગ અટકાવવા માટે પાણીના વાસણો ઢાકીને રાખવા અને દર ત્રીજા દિવશે વિછળી અને તપાવી ને પછી પાણી ભરવુ .જુના ટાયર ભંગાર વગેરે નો નાસ કરવો ,સુવામા મછરદાની નો ઉપયોગ કરવો સાંજના સમયે બારી બારણા બંધ રાખવા અને લીમડા નો ધુમાડો કરવો ,તાવ આવે એટળે તુરતજ લોહી ની તપાસ કરાવી પછી જ દવા લેવી વગેરે માહીતી સુપરવાઈજર મેહુલભાઈ ડાંગર દ્વારા આપવામા આવી આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે પ્રા.આકેન્દ્ર- કોટડાપીઠા ની ટીમ દ્વારા ખુબજ જહેમત ઉઠાવવામા આવી હતી તેમ પ્રા.આ.કેન્દ્ર- કોટડાપીઠા ના મેડીકલ ઓફીસરની યાદી જણાવે છે.

# ઈડર: ચિત્રકળામાં અનોખો શોખ ધરાવતી મહિલા તબીબના ‘આર્ટ ગેલેરી શો’નો પ્રારંભ



**કૃષ્ણાબેને કુદરતી દ્રશ્યોના ચિત્રોને કેનવાસમાં કંડારી અનોખી કળા રજુ કરી**

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડરના એક આયુર્વેદિક તબીબનો ચિત્રકળામાં અનોખો શોખ જોવા મળ્યો છે આ અંગે વિગતે વાત કરીએ તો ઈડર શહેરમાં રહેતા કૃષ્ણા હિમાંશુભાઈ વ્યાસ જેઓ આયુર્વેદિક (બી.એ.એમ.એસ)ની પદવી ધરાવે છે અને આ સાથે તેઓ છેલ્લા સાત- આઠ વર્ષથી ચિત્રકળામાં વિવિધ પ્રકારના ચિત્રો દોરવાનો અનોખો શોખ ધરાવે છે તેમણે અથાગ પરિશ્રમ,સમર્પણ અને સ્વનુભવથી ચિત્રકામ શીખી એક નવી ઉંચાઈઓ પર પહોંચ્યા છે ત્યારે તેઓ કુદરતી દ્રશ્યો આવે સ્થાપત્યોને તેમને તેમના કેનવાસમાં કંડારવાનું શરૂ કર્યું જેમાં અમદાવાદની (ગુફા આર્ટ ધ ગેલેરી)માં બીજ પ્રદર્શનમાં તેમને ચારેક જેટલા પ્રદર્શન મૂક્યા હતા જેમના ત્રણ ગ્રુપ શો અને એક શોલો આર્ટ શો કર્યો હતો આ પછી તેમણે જણાવ્યું હતુ કે હવે ઈડર ગઢ પરના વિવિધ દ્રશ્યોની એક સિરીઝ લઈને ઉપસ્થિત થયા છે ત્યારે આ શો રોજ સાંજે ૪ થી ૮ સુધી બધા માટે ખુલ્લો રહેશે.

# વિસાવદરની શેરીઓમાં ગુંજયો દેશપ્રેમ: તિરંગા યાત્રામાં શહેરીજનો ઉમટયાં

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

તાજેતરમાં વિસાવદર ખાતે જમ્મુ કાશ્મીરના પહેલગામ ખાતે થયેલાં આતંકી હુમલા બાદ સમગ્ર દેશમાં આક્રોશની લાગણી વચ્ચે ભારતીય સેનાના શૌર્ય અને બલિદાનને બિરદાવવા તેમજ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશો પાઠવવા વિસાવદર ખાતે તિરંગાયાત્રાનુ આયોજન કરવામાં આવેલ આ યાત્રામા બહોળી સંખ્યામાં શહેરીજનો જોડાયાં હતા.

વિસાવદર શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ચોક ખાતેથી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુષ્પ માળા અર્પણ કરી ભારત માતાના જયઘોષ સાથે ત્રિરંગા યાત્રાનો શુભારંભ કરવામાં આવેલ જે વિસાવદર શહેરના ધારી બાયપાસ રોડ ,સ્વામિનારાયણ ગુરુકુલ રોડ ડોબરીયા પ્લોટ, મેઈન બજાર થઈ જુના બસ સ્ટેશન ખાતે પહોચેલ જયાં ડો. બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા ને



મહાનુભાવોના હસ્તે પુષ્પ માળા અપર્ણ કરી ભારતમાતાના જયઘોષ કરવામાં આવેલ. તિરંગા યાત્રા દરમિયાન જુનાગઢ સાસંદ રાજેશભાઈ ચુડાસમા, જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા, જુનાગઢ જિલ્લા સહકારી બેંક ના ચેરમેન કિરીટભાઈ પટેલ, જિલ્લા ના પ્રભારી દિલીપભાઈ પટેલ, પૂર્વ ધારસભ્ય કનુભાઈ ભાલાળા, હર્ષદભાઈ રિબડીયા, રમણીકભાઈ દુધાત્રા, ઘનશ્યામભાઈ સાવલિયા,સહિત મોટી સંખ્યા માં નગરજનો હાજર રહેલ હતા

# ભુજ સ્મૃતિવન મ્યૂઝિયમ માત્ર ભારત જ નહીં દુનિયાનું ગૌરવ: સંરક્ષણ મંત્રી

**રાજનાથ સિંઘે સ્મૃતિવન મ્યૂઝિયમની મુલાકાત લઈને કચ્છના ભૂકંપમાં જીવ ગુમાવનારા દિવંગતોને ભાવભરી શ્રદ્ધાંજલિ કરી અર્પણ**

**અબતક, રાજકોટ**

કચ્છની મુલાકાતે પધારેલા દેશના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભુજના સ્મૃતિવન મ્યૂઝિયમ એન્ડ મેમોરિયલની મુલાકાત લઈને ભૂકંપના દિવંતગોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અને ભૂકંપના દિવંગતોની યાદમાં નિર્મિત સ્મૃતિવન મેમોરિયલની મુલાકાત દરમિયાન ભારતના સંરક્ષણ મંત્રીએ જીવસૃષ્ટિની ઉત્પતિ, માનવજીવનો ક્રમિક વિકાસ, દુનિયાની ઉત્પત્તિથી માંડીને કુદરતી આપદાઓ, આફતો સામેની ભવિષ્યની તૈયારીઓ વિશેની વિગતો મેળવી હતી. આ ઉપરાંત ઐતિહાસિક હડપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતીના વિવિધ ચાર્ટ, મોડેલ નિહાળીને સંરક્ષણ મંત્રીપ્રભાવિત થયા હતા.

સ્મૃતિવનની મુલાકાત બાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આકાર પામેલું સ્મૃતિવન મ્યૂઝિયમ ભૂકંપના દિવંગતોને આજે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે. સ્મૃતિવન મ્યૂઝિયમ આજે માત્ર દેશ જ નહીં પણ દુનિયા માટે ગૌરવ બન્યું છે. વડાપ્રધાનની દીર્ઘદ્રષ્ટિથી નિર્માણ પામેલા સ્મૃતિવન મ્યૂઝિયમની મુલાકાત જરૂરથી લેવા દરેક દેશવાસીઓને આગ્રહ કરતાં સંરક્ષણ મંત્રીએ ઉમેર્યું હતું કે, કચ્છ અને ગુજરાતના લોકોની





પ્રબળ ઈચ્છા શકિતના દર્શન સ્મૃતિવન મ્યૂઝિયમના માધ્યમથી થાય છે. સંરક્ષણ મંત્રીએ દેશના તમામ નાગરિકોને ગૌરવ સમાન સ્મૃતિવન મ્યૂઝિયમની મુલાકાત લેવા જાહેર અપીલ કરી હતી.

સ્મૃતિવન મ્યૂઝિયમમાં વિશેષ સિમ્યુલેટરની મદદથી ભૂકંપ આવે ત્યારે નિર્માણ થતી પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ સંરક્ષણ મંત્રીએ મેળવ્યો હતો. કચ્છના લોકોની ખુમારી અને ભૂકંપ બાદ વડાપ્રધાનના વિઝનથી કચ્છના સર્વાંગી વિકાસને સંરક્ષણ મંત્રીએ બિરદાવ્યો હતો. ધીરજ, અવિરત હિંમતની માનવકથાઓ તેમજ ભૂકંપની આપદામાં બચી ગયેલા લોકોના સંસ્મરણોની ગાથાઓ વિશે જાણીને કચ્છીજનોના ધૈર્ય અને હિંમતની સંરક્ષણ મંત્રીએ પ્રસંશા કરી હતી.

આ મુલાકાત દરમિયાન ભારતની વાયુસેનાના એર ચીફ માર્શલ અમરપ્રિત સિંહ, સંરક્ષણ મંત્રીના અંગત સચિવ અમિત કિશોરે, કચ્છ મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ, ત્રિકમભાઈ છાંગા, માલતીબેન મહેશ્વરી, અનિરુદ્ધભાઈ દવે, પ્રદ્યુમ્નસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, દેવજીભાઈ વરચંદ, કચ્છ કલેક્ટર આનંદ પટેલ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા, ભુજ પ્રાંત અધિકારી અનિલ જાદવ, ભુજ ગ્રામ્ય મામલતદાર એ.એન.શર્મા, ભુજ શહેર મામલતદાર ડી.કે.રાજપાલ, સ્મૃતિવન મ્યૂઝિયમના ડીરેક્ટર મનોજ પાંડે સહિત જિલ્લા વહીવટીતંત્ર, સંરક્ષણ દળની વિવિધ પાંખોના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# સુરેન્દ્રનગરમાં તાડપત્રી ઢાંકયા વિનાના ડમ્પરો પસાર થતાં હોવાની 'રાવ'

## ઓવરલોડ ડમ્પરોમાંથી પથ્થર સહિત ખનીજો રોડ પર પડતાં વાહન ચાલકોને જીવનું જોખમ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાંથી બેફામ ખનીજ સંપત્તિ ભરેલ ઓવરલોડ ડમ્પરો તાડપત્રી ઢાંકયા વગર પસાર થતા વાહન ચાલકોને અકસ્માતનો ભય રહે છેજે અંગે અગાઉ પણ રજુઆતો કરવા છતાં કોઈ જ ઉકેલ આવ્યો નથી ત્યારે શહેરના જાગૃત નાગરિક અને એડવોકેટ દ્વારા આ અંગે એ-ડિવીઝન પી.આઈને લેખીત રજુઆત કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં આવેલ મોરબીના પુલ પરથી ટી.બી.હોસ્પીટલ રોડ પર કોઈપણ જાતના ડર કે રોકટોક વગર તેમજ એ-ડિવીઝન પોલીસ સ્ટેશન પાસેથી કપચી, રેતી, બ્લેક સ્ટોન ભરેલ ઓવરલોડ ડમ્પરો પસાર થાય છે જેમાં મોટાભાગે તાડપત્રી ઢાંકેલી નહિં હોવાથી ઓવરલોડ ડમ્પરથી પથ્થર સહિત ખનીજ સંપત્તિ નીચે પડવાની પાછળ આવતા વાહનોનો અકસ્માત થવાની તેમજ વાહન ચાલકોને ઈજાઓ પહોંચવાની પણ શક્યતાઓ સેવાઈ રહી છે જે અંગે અગાઉ પણ રજુઆત કરવા છતાં કોઈ જ પગલા લેવામાં આવ્યા નથી ત્યારે વાહન ચાલકોના હિતને ધ્યાને લઈ શહેરી વિસ્તારમાંથી પસાર થતા ડમ્પરો પર નિયમો મુજબ તાડપત્રી ઢાંકવામાં આવે અને ત્યારબાદ જ શહેરી વિસ્તારમાંથી પસાર થવા દેવામાં આવે તેવી પણ માંગ સાથે જાગૃત નાગરિક અને એડવોકેટ પીનલભાઈ રાવલ દ્વારા એ-ડિવીઝન પી.આઈને રજુઆત કરવામાં આવી છે.

# ૭૩ વર્ષીય 'બાહુબલી' શાહની તબિયત લથડતા ૩૧ મે સુધી વચગાળાના જામીન

## ગુજરાત સમાચારના ડિરેક્ટર બાહુબલીભાઈ શાહની ગુરુવારે સાંજે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરાઈ'તી

**અબતક, રાજકોટ**

ગુજરાતના સૌથી જૂના અખબારોમાંથી એક ગુજરાત સમાચાર ચલાવતી કંપનીના ડિરેક્ટર બાહુબલી શાહની ગુરુવારે સાંજે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડ) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બાદમાં ખરાબ સ્વાસ્થ્યના આધારે ૭૩ વર્ષીય બાહુબલીભાઈને વચગાળાના જામીન મળ્યા હતા.

બાહુબલી શાહના મોટા ભાઈ, પ્રકાશક અને ગુજરાત સમાચારના મેનેજિંગ એડિટર શ્રેયાંસભાઈ શાહે શુક્રવારે જણાવ્યું હતું કે આવકવેરા વિભાગ દ્વારા બે દિવસની સતત પૂછપરછ બાદ, ઈડી અધિકારીઓ ગુરુવારે સાંજે બાહુબલી માટે ધરપકડ વોરંટ લઈને આવ્યા હતા.

ઈડીના સૂત્રોએ જણાવ્યું હતું કે બાહુબલીની ૨૦૨૩થી એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી રહેલા મની લોન્ડરિંગના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. આવકવેરા સૂત્રોએ હતું કે મૂળમાં ૨૪ જગ્યાઓ માટે સર્ચ વોરંટ જારી કરવામાં આવ્યા હતા, પછી તેમાં વધારો કરવામાં આવ્યો હતો. કરચોરી માટે ઈડી અને આવકવેરા વિભાગ બંને દ્વારા કંપનીને એકસાથે ટ્રેક કરવામાં આવી રહી હતી. બાહુબલી લોક પ્રકાશન લિમિટેડમાં ડિરેક્ટર છે, જે ગુજરાત સમાચાર તેમજ જીએસટીવી ચલાવે છે.કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ઈડીની કાર્યવાહીની ટીકા કરતા એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે ગુજરાત સમાચારને ચૂપ કરવાનો પ્રયાસ એ ફક્ત એક અખબારનો જ નહીં પરંતુ સમગ્ર લોકશાહીનો અવાજ દબાવવાનું વધુ એક કાવતરું છે. જ્યારે સત્તાને દર્પણ દેખાડચતા અખબારો પર તાળા મારી દેવામાં આવે છે, ત્યારે સમજો કે લોકશાહી જોખમમાં છે. બાહુબલી શાહની ધરપકડ એ ડરની એ જ રાજનીતિનો ભાગ છે જે હવે મોદી સરકારની ઓળખ બની ગઈ છે.સૂત્રોએ જણાવ્યું હતું કે ઈડીનો કેસ ગુજરાત સમાચારના પ્રકાશક લોક પ્રકાશન અને બાહુબલીના કથિત શેર હેરાફેરીનો સંદર્ભ આપે છે. ઈડીના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે આવકવેરાના દરોડામાં પણ કંપની અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓના કામકાજમાં અનેક અનિયમિતતાઓ મળી આવી હતી. તેમણે કહ્યું કે આ જ કારણ છે કે બાહુબલી શાહથી કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી છે. ઈડીનો કેસ ૨૦૦૬માં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા શરૂ કરાયેલી તપાસ અને ૨૦૧૬માં કંપની અને તેના માલિકો સામે કરાયેલી તપાસ પર આધારિત હતો. ૨૦૦૬નો કેસ ૨૦૦૩-૦૫ના એક કૌભાંડ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે જ્યાં આઈડીએફસી લિમિટેડ અને આઈએલ એન્ડ એફએસ લિમિટેડ સહિત વિવિધ કંપનીઓના પ્રારંભિક જાહેર ઓફરિંગનો અનિયમિત રીતે વેપાર કરવામાં આવ્યો હતો.

# નીરજ ચોપરાએ રચ્યો ઈતિહાસઃ પ્રથમ વખત ૯૦ મીટરથી દૂર ભાલો ફેંકી સિલ્વર મેડલ જીત્યો

## જેવલિન થ્રોઅરમાં ૯૦ મીટર પાર કરનાર નીરજ ભારતનો પ્રથમ ખેલાડી, વિશ્વનો ૨૫મો અને એશિયાનો ત્રીજો ખેલાડી




**અબતક, નવી દિલ્હી**

ભારતના સ્ટાર ભાલા ફેંકનાર અને ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ નીરજ ચોપરાએ આખરે તે સિદ્ધિ હાંસલ કરી છે જેની તેઓ અને સમગ્ર ભારત ઘણા સમયથી રાહ જોઈ રહ્યું હતું. નીરજ ચોપરાએ જ્વેલિન થ્રોમાં ૯૦ મીટરના પ્રતિષ્ઠિત આંકડાને સ્પર્શ કરીને ઈતિહાસ રચી દીધો છે. આમ કરનાર તેઓ પ્રથમ ભારતીય ભાલા ફેંકનાર બન્યા છે, જે ભારતીય એથ્લેટિકસ માટે એક ગૌરવપૂર્ણ ક્ષણ છે.

કતરની રાજધાની દોહામાં દોહા ડાયમન્ડ લીગ રમાઈ રહી છે, જેમાં ભારતના સ્ટાર 'જૈવલિન થ્રોઅર' નીરજ ચોપરાએ ૯૦ મીટરથી દૂર ભાલો ફેંકી ઈતિહાસ રચ્યો છે. નીરજ આવું કરનાર પ્રથમ ભારતીય જેવલિન થ્રોઅર બની ગયો છે. બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજે આ વર્ષે પોતાની પહેલી સ્પર્ધામાં ભાગ લઈ દોહા ડાયમંડ લીગ મીટમાં ૯૦.૨૩ મીટરના શાનદાર થ્રો કરી આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. જોકે લીગમાં જૂલિયન વેબરે ૯૧.૦૯ મીટર દૂર ભાલો ફેંકતા નીરજ ચોપડા બીજા ક્રમે આવી ગયો છે. નીરજ ચોપડા જેવલિન થ્રોઅરમાં ૯૦ મીટર પાર કરનાર ભારતનો પ્રથમ ખેલાડી, વિશ્વનો ૨૫મો અને એશિયાનો ત્રીજો ખેલાડી બની ગયો છે. પાકિસ્તાનના ઓલિમ્પિક ચેમ્પિયન અરશદ નદીમ (૯૨.૯૭) અને ચાઈનીઝ તાઈપેઈના ચાઓ-સુન ચેંગ (૯૧.૩૬) એ એકમાત્ર અન્ય એથ્લેટ છે, જેમણે ૯૦ મીટરથી વધુ ભાલો ફેંકનાર ખેલાડી બન્યા છે. જુલિયન વેબરે ૯૧.૦૬ મીટર ભાલા ફેંક્યો છે. તેણે પોતાના અંતિમ થ્રોમાં નીરજ ચોપરાને પાછળ છોડી દીધો છે. જુલિયન વેબર માટે પણ આ કારકિર્દીનું શ્રેષ્ઠ વ્યક્તિગત પ્રદર્શન છે.

# સાહિત્યમાં અનેરૂ પ્રદાન કરનાર જગદગુરૂ રામભદ્રાચાર્ય અને ગીતકાર ગુલઝારને જ્ઞાનપીઠ પુરસ્કારથી નવાજાયા !!!

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ૫૮મો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કરાયો




**અબતક, રાજકોટ**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ચિત્રકૂટમાં તુલસી પીઠના સ્થાપક અને વડા, ૭૫ વર્ષીય રામભદ્રાચાર્ય અને કવિ-ગીતકાર ગુલઝારને સાહિત્યમાં તેમના યોગદાન બદલ ૫૮મો જ્ઞાનપીઠ પુરસ્કાર અર્પણ કર્યો.

રામભદ્રાચાર્ય એક પ્રખ્યાત હિન્દુ આધ્યાત્મિક નેતા, શિક્ષક અને લેખક છે. સંસ્કૃત વિદ્વાનને પ્રશસ્તિપત્ર, રોકડ પુરસ્કાર અને વાગ્દેવી સરસ્વતીમાંની પ્રતિકૃતિ આપવામાં આવી હતી. તેમના પ્રશસ્તિપત્રોમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે તેમણે ૨૪૦ થી વધુ પુસ્તકો અને ચાર મહાકાવ્યો ઉપરાંત અનેક અન્ય સાહિત્યિક રચનાઓ કરી છે. સાહિત્ય ક્ષેત્રે તેમના અમૂલ્ય પ્રદાન બદલ ૨૦૧૫ માં પદ્મ વિભૂષણ એનાયત કરવામાં આવ્યો હતો.

ગુલઝાર અસ્વસ્થ્ય તબિયતના કારણે એવોર્ડ સમારોહમાં હાજરી આપી શક્યા ન હતા. પરંતુ રાષ્ટ્રપતિ મુર્મુએ ૯૦ વર્ષીય વૃદ્ધને અભિનંદન પાઠવ્યા હતા અને તેઓ જલ્દીથી સંપૂર્ણપણે સ્વસ્થ અને સક્રિય બને અને દેશ માટે યોગદાન આપતા રહે તેવી શુભેચ્છા પાઠવી. તેમના યોગદાન વિશે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું, "ગુલઝાર સાહેબે દાયકાઓથી સાહિત્ય સર્જન પ્રત્યેની તેમની નિષ્ઠાને જીવંત રાખી છે. એવું કહી શકાય કે ગુલઝાર સાહેબ એક એવા લેખક છે જેમણે કઠોરતા વચ્ચે કોમળતા સ્થાપિત કરી છે. તેમને ભારતીય સાહિત્ય અને ઉર્દૂ લેખનની દુનિયામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે પુરસ્કાર આપવામાં આવ્યો છે."ગુલઝારને ૨૦૦૨માં સાહિત્ય અકાદમી પુરસ્કાર, ૨૦૦૪માં પદ્મ ભૂષણ અને ૨૦૧૩માં દાદાસાહેબ ફાળકે પુરસ્કાર મળ્યો હતો.હિન્દી લેખક વિનોદ કુમાર શુક્લાનું ૨૦૨૪ માટે ૫૯મા જ્ઞાનપીઠ પુરસ્કાર માટે નામ આપવામાં આવ્યું છે.

# ટેસ્ટ પહેલા જ ટિમ ઈન્ડિયાના દિગ્ગ્જોનો "ટેસ્ટ"




## બીસીસીઆઈએ ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારત-એ ટીમની કરી જાહેરાત, અભિમન્યુ કરશે કપ્તાની

### આઈપીએલનું બની બનેલું ટેબલ વિખાઈ જશે?

ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય સંઘર્ષના કારણે આઈપીએલ ૨૦૨૫ ટુર્નામેન્ટ અધવચ્ચે જ રોકવી પડી હતી. જોકે હવે પરિસ્થિતિ સામાન્ય થવાના કારણે આજથી ફરી ટુર્નામેન્ટ શરુ થઈ રહી છે. જોકે ટીમોમાં વિવિધ ફેરફાર જોવા મળશે. નોંધનીય છે કે થોડા જે દિવસોમાં આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ રમાવવાની છે. જેના કારણે સ્ટાર ખેલાડીઓ પોતાના દેશની જવાબદારી નિભાવવા માટે સ્વદેશ પરત ફર્યા છે. બીજીબાજુ ઈંગ્લેન્ડ પ્રવાસ માટેની ભારતીય એ ટીમની જાહેરાત કરવામાં આવી છે.ભારત-એ ટીમ અને ઈંગ્લેન્ડ લાયન્સ વચ્ચેની આ બે મેચ કેન્ટરબરી અને નોર્થમ્પ્ટનમાં રમાશે. સીરિઝની પહેલી મેચ ૩૦ મે થી ૨ જૂન દરમિયાન કેન્ટરબરીમાં રમાશે અને આઈપીએલ ફાઈનલ ૩ જૂને રમાશે. એવામાં ઈંડિયા એ ટીમમાં ઘણા પ્લેયરો એવા છે કે જે આઈપીએલમાં રમી રહ્યા છે તો શું તે આઈપીએલમાં રમશે કે કેમ? એટલે કે આઈપીએલનું બનીબનેલું ટેબલ વિખાઈ જશે?

### ઈન્ડિયા એ ટીમ

અભિમન્યુ ઈશ્વરન ( કેપ્ટ્ન), યશસ્વી જયસ્વાલ, કરૂણ નાયર, ધ્રુવ જુરેલ (વાઈસ કેપ્ટ્ન) ( વિકેટ કીપર), નીતિશ કુમાર રેડ્ડી, શાર્દુલ ઠાકુર, ઈશાન કિશન (વિકેટ કીપર), માનવ સુથાર, તનુષ કોટિયન, મુકેશ કુમાર, આકાશ દીપ, હર્ષિત રાણા, અંશુલ કંબોજ, ખલીલ અહેમદ, ઋતુરાજ ગાયકવાડ, સરફરાઝ ખાન, તુષાર દેશપાંડે, હર્ષ દુબે

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતની એ ટીમની જાહેરાત કરી છે. કરુણ નાયરને ઘરેલુ ક્રિકેટમાં તેના ઉત્તમ પ્રદર્શન બદલ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભારત એ ટીમ ઈંગ્લેન્ડ પ્રવાસ પર ઈંગ્લેન્ડ લાયન્સ ટીમ સામે બે ફર્સ્ટ-કલાસ મેચ રમવાની છે. ભારતીય ટીમ આ પ્રવાસમાં અભિમન્યુ ઈશ્વરનની કેપ્ટનશીપ હેઠળ રમશે. ભારત-એ ટીમ અને ઈંગ્લેન્ડ લાયન્સ વચ્ચેની આ બે મેચ કેન્ટરબરી અને નોર્થમ્પ્ટનમાં રમાશે. સીરિઝની પહેલી મેચ ૩૦ મે થી ૨ જૂન દરમિયાન કેન્ટરબરીમાં રમાશે, જ્યારે બીજી મેચ ૬ થી ૯ જૂન દરમિયાન નોર્થમ્પ્ટનમાં રમાશે. આ પછી ટીમ ૧૩ થી ૧૬ જૂન દરમિયાન ઈન્ટ્રા સ્કવોડ મેચ રમશે. સૌથી રસપ્રદ વાત એ છે કે કરુણ નાયરને ફરી ટીમ ઈન્ડિયા માટે રમવાની તક મળી છે, તેણે છેલ્લે ૨૦૧૭ માં ભારત માટે ટેસ્ટ મેચ રમી હતી. ઘરેલુ ક્રિકેટમાં વિદર્ભ માટે રમતા ૩૧ વર્ષીય કરુણે વિજય હજારે ટ્રોફીની આઠ મેચમાં પાંચ સદી સાથે ૭૭૯ રન બનાવ્યા હતા. રણજી ટ્રોફીમાં કરુણે નવ મેચમાં ૮૬૩ રન બનાવ્યા હતા. આમ ઘરેલુ ક્રિકેટમાં કરુણના ઉત્તમ પ્રદર્શન બદલ તેને એ ટીમમાં સામેલ કરાયો છે.

**"વ્યસન"ની પણ હદ હોય ?!!!**

# રીલ જોવાની "ઘેલછા"માં પરીક્ષા ન દેવી પડે એટલે હાથ ભાંગ્યો!!!

## નર્સિંગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ માનસિક સ્વાસ્થ્ય હેલ્પલાઈન "ટેલિ માનસ" પર સંપર્ક કરીને મદદ માંગી

**અબતક, રાજકોટ**

આધુનિક સમયમાં મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયાનો ઉપયોગ સામાન્ય છે, પરંતુ સમજ્યા વિચાર્યા વગર જ્યારે તેનો ઉપયોગ કરવામાં આવે તો મોબાઈલ આપડા હાથમાં રહેલો જીવતો બોમ્બ છે. જે આપણા જીવનને બરબાદ કરી દે છે. મોબાઈલમાં દુનિયાભરનું જ્ઞાન રહેલું છે. પરંતુ તેનો આડેધડ અને માત્ર મનોરંજન માટે કલાકોના કલાકો કરતો ઉપયોગ જીવનને અંધારામાં ધકેલી દે છે. મોબાઈલ જોવામાં આજકાલ લોકોને સમયનું પણ ભાન નથી રહેતું. તેમજ માણસની સર્જનાત્મકતા, વિચારશીલતા અને બુદ્ધિને પણ બુઠ્ઠી કરી દે છે. તેનું એક ચોંકાવનારું ઉદાહરણ અમદાવાદમાં સામે આવ્યું છે. અહીં એક નર્સિંગના અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને ઈન્સ્ટાગ્રામ રીલ્સ જોવાની એટલી લત લાગી ગઈ હતી કે પરીક્ષા ટાળવા માટે તેણે પોતાનો હાથ ફ્રેક્ચર કરી દીધો. આ કઈ હદ સુધીની ઘેલછા કહેવાય કે આજના યુવાનોને પોતાના ભવિષ્યની પણ કોઈ ચિંતા નથી.

આ વિદ્યાર્થીની દરરોજ સરેરાશ ૧૨ કલાક જેટલો સમય માત્ર રિલ્સ જોવામાં પસાર કરતી હતી. આ વ્યસનના કારણે તે અભ્યાસ પર ધ્યાન આપી શકતી નહોતી અને જ્યારે પરીક્ષાનો સમય નજીક આવ્યો, ત્યારે તેને પરીક્ષા આપવાની ઈચ્છા ન થઈ. રીલ્સ જોવાનું ચાલુ રાખવા માટે તેણે વારંવાર પોતાના જમણા હાથ પર માર માર્યો, જેના કારણે તેનું હાડકું તૂટી ગયું.

પોતાના આ હિંસક કૃત્યથી વિદ્યાર્થીની એટલી ડરી ગઈ કે તેણે તાત્કાલિક કેન્દ્ર સરકારની માનસિક સ્વાસ્થ્ય હેલ્પલાઈન ટેલિ માનસ (૧૪૪૧૬) પર ફોન કરીને મદદ માંગી. તેના વ્યસનની વિગતો સાંભળીને ટેલિ માનસના અનુભવી કાઉન્સેલરો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. નિષ્ણાતોના મતે, કોવિડ-૧૯ રોગચાળા પછી લોકોના સ્ક્રીન ટાઈમમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે આવા કિસ્સાઓ વધી રહ્યા છે.

ટેલિ માનસના એક કાઉન્સેલરે જણાવ્યું કે વિદ્યાર્થીનીએ કબૂલ્યું હતું કે તેણે લગભગ છ મહિના પહેલાં એકલતા અને કંટાળાને કારણે રીલ્સ જોવાનું શરૂ કર્યું હતું, જે ધીમે ધીમે વ્યસનમાં ફેરવાઈ ગયું. જો કે, ચાર મહિના સુધી ચાલેલા સઘન કાઉન્સેલિંગ બાદ હવે વિદ્યાર્થીનીની સ્થિતિમાં સુધારો આવ્યો છે અને તેણે તાજેતરમાં જ પોતાની ટર્મ પરીક્ષા આપી છે. આ ઘટના મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગ અને સોશિયલ મીડિયાના વ્યસનની ગંભીરતાને ઉજાગર કરે છે. જેથી નિષ્ણાતો વિનંતી કરે છે કે તેઓ ડિજિટલ માધ્યમોનો ઉપયોગ મર્યાદિત રાખે અને જો કોઈને આવી સમસ્યા જણાય તો તાત્કાલિક માનસિક સ્વાસ્થ્ય સલાહકારની મદદ લે.

# અંજારઃ મામૈદેવ બગથળા યાત્રાધામ ખાતે ખડીયાયાત્રાનું રંગેચંગે સમાપન

## છતર અને ખડીયા સાથે નીકળેલી શોભાયાત્રામાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**



હજારો વર્ષો પહેલા દેવ મામૈદેવના આગમવાણી અનુસાર ભારત અને પાકિસ્તાન બે અલગ દેશ થશે અને સંપ્રદાયના ચારેય યાત્રાધામ પાકિસ્તાનમાં આવેલ હોય ભારતમાં રહેતા ધર્મપ્રેમીઓ પાકિસ્તાન જઈને જાત્રા નહીં કરી શકે અને તે જાત્રા મામૈદેવ બગથળા યાત્રાધામ અંજાર મધ્યે થશે, આમ વર્ષોની પરંપરા મુજબ હાલમાં પણ ખડિયા યાત્રાના સરતધારી સંઘમુખી ભાણજીડાડા મતિયા, પૂંજાડાડા ભાગવત, નાગશીડાડા મેગાણદ, રામજીડાડા નાગશીપોત્રા સંઘ છતર અને ખડીયા સાથે શોભાયાત્રા નીકળેલ, ખડીયા ખોલવામાં આવેલ, બારમતી પુજા, શરતધારીઓ તરફથી પ્રસાદ, મુંડનવિધિ સહિત વિવિધ ધાર્મિકવિધિ સાથે ખડીયા યાત્રા સંપન્ન કરવામાં આવેલ.

પ્રસંગે શરતધારી માતંગ ધર્મગુરૂઓનું સમાજ અને યાત્રાધામ સમિતિ વતી સન્માન કરવામાં આવેલ. આજના કાર્યક્રમમાં યાત્રાધામ પર ફુલહારથી શણગાર નાગલપર મહેશ્વરી સમાજના જસાભાઈ દેવરિયા, રમેશભાઈ ધેડા અને ગોવિંદભાઈ માંગલિયા તથા છાશ-પાણીની વ્યવસ્થા રામજીભાઈ હીરાભાઈ ધુવા તરફથી કરવામાં આવેલ, આ પ્રસંગે યાત્રાધામના પુજારી ખીમજીદાદા ધનજીદાદા માતંગ, ધર્મગુરૂ શંભુભાઈ આત્મારામ મારાજ અને કાંતિભાઈ ધોરિયા, જયેશભાઈ જેઠાલાલભાઈ માતંગ, એડવોકેટ કમલેશભાઈ માતંગ, એન. કે. ધોરિયા અને સમાજના પ્રમુખ ખીમજીભાઈ પાલુભાઈ સિંધવ, પૂર્વ પ્રમુખ લાલજીભાઈ કે.મહેશ્વરી, ઉપપ્રમુખ ડાહ્યાલાલભાઈ કે.બડગા, ખમુભાઈ કે. માતંગ, ગોપાલભાઈ કોચરા, યુવા અગ્રણી મયુરભાઈ ખીમજીભાઈ સિંધવ વિગેરેએ વ્યવસ્થા સંભાળેલ.

સંઘ જાત્રા જોડાયેલ અને ધરમશીભાઈ લાલણ ( કચ્છ રાજ તિલાટ ), વણઝારા ચંદુદાદા ભાગવંત, નાગશીદાદા કાનજીદાદા માતંગ, ધરમદાદા જટાશંકર ભાગવંત, રતનદાદા ભાગવંત, જેમલદાદા મતીયા, બાવાભાઈ દેવરિયા, અરવિંદભાઈ સંગરખીયા, અરવિંદભાઈ ઢેરા, નરેશભાઈ બડગા, કેશવજીભાઈ બળગા વિગેરે હજારો યાત્રાળુઓ લાભ લીધો હતો.

# ભાવનગરઃ મેદસ્વિતા મુક્ત અભિયાન અંતર્ગત સમર યોગ કેમ્પનો પ્રારંભ

## સાત સ્થળોએ ૭૦૦ જેટલા બાળકોને સંચાલક અને સહસંચાલકો દ્વારા યોગ પ્રશિક્ષણ અપાશે

**અબતક, આનંદ રાણા સિંહોર**



સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ સેવક શ્રી શીશપાલજી દ્વારા જન જન સુધી યોજનાનો લાભ મળે તેવું આયોજન થયું છે તેના ભાગ રૂપે ભાવનગર જિલ્લામાં અને શહેરમાં ૩૦/૦૫/૨૦૨૫ સુધી ૭ થી ૧૫ વર્ષ ના બાળકો માટે કુલ ૭ સ્થળે સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં બાળક તંદુરસ્ત, તેજસ્વી અને મેદસ્વિતા મુકત બને તેમજ બાળકો માં સંસ્કારોનું સિંચન થાય તે માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના પ્રશિક્ષિત કોચ અને ટ્રેનર દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. શ્રી સંસ્કાર મંડળ ઘોઘા સર્કલ અખાડા કેન્દ્ર નંબર ૧૨૯ ઉપર તેનો શુભારંભ મહાનગર પાલિકા ના મેયર ભરતભાઈ બારડ દ્વારા કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ પ્રાથમિક શાળા રૂવા ગામ ખાતે યોગ પ્રચારક જિજ્ઞેશભાઈ પટેલ, ભરત નગર તેમજ હાદા નગર પ્રાથમિક શાળા ખાતે જિલ્લા કો. ઓર્ડીનેટર હેતલબેન કાછડીયા, બોર તળાવ ખાતે કો ઓર્ડીનેટર હેતલબેન પટેલ અને પાલીતાણા એમ.એમ. કન્યા વિદ્યાલય ખાતે બ્રહ્માકુમારીના પ્રતિનિધિ દ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો. આ સમર યોગ કેમ્પમાં કુલ ૭ સ્થળોએ ૭ થી ૧૫ વર્ષના ૭૦૦ જેટલા બાળકોને ૨૧ સંચાલક અને સહસંચાલકો દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

# મોમાઈનગરમાં ડિમોલીશન: ત્રણ મકાનો પર બુલડોઝર ફરી વળ્યું

## વરસાદ પાણીના નિકાલને અવરોધતા ત્રણ મકાનો તોડી પડાયા

જામનગર મહાનગરપાલિકા દ્વારા આજે સવારે ઓપરેશન ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતુ.

જેમાં વરસાદી પાણીના નિકાલને અવરોધતા ત્રણ મકાનો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા. અંદાજે એકાદ કરોડની જમીન ખૂલ્લી કરાવવામાં આવી હતી.

જામનગર મહાનગર પાલિકા દ્વારા આજે વહેલી સવારથી દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શહેરના મોમાઈનગરમાં તંત્રની ત્રણ જેસીબી સહીતની મશીનરી સાથે ત્રાટકયું હતુ. ત્રણ મકાનોને જમીન દોસ્ત કરી દેવામાં આવ્યા હતા.

વરસાદી પાણીના નિકાલમાં અવરોધમા આવતા દબાણો દુર કરાયા હતા. ચોમાસા શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાના કારણે મુશ્કેલી થતી હોય છે..

આ વખતે વરસાદી પાણી ભરાય તે માટે મહાનગર પાલિકા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આજે હાથ ધરવામાં આવેલા ડિમોલીશનમાં ૨૦૦૦ ફુટની જગ્યા ખુલ્લી કરવામા આવી હતી. જેની અંદાજીત કિંમત રૂ.30 લાખથી વધુ જેવી થવા પામે છે.

જામનગર મહાનગર પાલિકાની ટીમ, ફાયર શાખા, પીજીવીસીએલ તેમજ ગુજરાત ગેસ, અને પોલીસ ડિપાર્ટમેન્ટ ના પૂરતા બંદોબસ્ત થી સમગ્ર ડિમોલીશન કરવામાં આવ્યું









### રહીશોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને

# રંગમતી નદીના પટના દબાણકારોને સ્વૈચ્છાએ દબાણ દૂર કરવા સાત દિવસની મુદત

## બિનઅધિકૃત મકાનોમાં રહીશોએ સામાન સાત દિવસમાં સ્વૈચ્છાએ ખાલી કરવાનો આદેશ

જામનગર શહેરને નવું નજરાણું મળી રહ્યું છે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ઐતિહાસિક રંગમતી નદી ઉપર બની રહ્યો છે તે પ્રોજેકટ બન્યા પછી રંગમતીની કાયાપલટ થઈ જશે, લાલપુર બાયપાસથી વ્હોરાના હજીરા સુધી બંને બાજુથી નદીને ખોદવાની અને ઉંડી કરવાની કામગીરી શરૂ થઈ ગઈ છે ત્યારે આ કામગીરી ઝડપી બને તે માટે રંગમતી નદીના પટ્ટમાં આવેલા દબાણો દૂર કરવા મનપાએ કવાયત હાથ ધરી હતી. ત્યારબાદ જામનગરમાં રંગમતી નદીના પટમાં થયેલા દબાણ અંગે કાલે અસરગ્રસ્તો ને મહાનગરપાલિકા દ્વારા સાંભળવામાં આવ્યા હતા.

જામનગરની રંગમતી નદીના પટમાં ૧૯૦ જેટલા ગેરકાયદે બાંધકામ થયેલા છે હવે રિવર ફ્રન્ટ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી બાંધકામ દૂર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા તમામ બાંધકામ ધરાકોને નોટિસ આપવામાં આવી છે

જામનગર માં રંગમતી નદી ના પટ ના ૧૯૦ જેટલા દબાણકારો ને પોતાના દબાણો સ્વેચ્છાએ દૂર કરવા સાત દિવસ ની મહેતલ આપી ને તે અંગેની અંતિમ નોટિસ જામનગર મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવી છે. જામનગર શહેરના રંગમતી નદી ના વિસ્તાર તેમજ જામનગર મહાનગરપાલિકા ના રે.સર્વે નં. ૨૯૮ ની જગ્યા માં આવેલ બનિયા વિસ્તાર માં અનઅધિકૃત રીતે દબાણકર્તા આસામીઓ ને દબાણો દૂર કરવા માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા ધી. જી.પી.એમ.સી. એક્ટ ની કલમ મુજબ નો આદેશ કરવામાં આવ્યો હતો.આ આદેશ થયા પછી જામનગર મહાનગરપાલિકા દ્વારા રંગમતી નદીના વિસ્તારમાં કરવામાં આવેલ અનઅધિકૃત દબાણ નો કબજો ખાલી કરવા માટે મૌખિક સુચના પણ આપવામાં આવી હતી. ત્યાર પછી રહેણાકમાં રહેતા રહીસો દ્વારા સરસામાન તથા વૈકલ્પિક રહેઠાણમાં જવા માટે સમય આપવા અંગે ની રજૂઆત કરતાં જામનગર મહાનગર પાલિકા ના તંત્ર દ્વારા હાલની પરિસ્થિતિ ધ્યાને લેતાં, ઉક્ત વિસ્તારના દબાણકર્તાઓની વિનંતીને ગ્રાહ્ય રાખી માનવતાના ધોરણે આ બિનઅધિકૃત મકાનોમાં રહેલ પોતાનો સર-સામાન સાત દિવસ માં સ્વેચ્છાએ ખાલી કરવા આથી તમામ સંબંધકર્તાઓને જાણ કરવામાં આવી છે, તેમ જામનગર મહાનગરપાલિકા ના નાયબ કમિશનર દ્વારા જણાવાયું છે.



# ટોકન મેળવીને માછીમારી કરવાની મંજૂરી સાથે સુરક્ષા નિયમોનું પાલન કરવું ફરજિયાત

## રજી. સર્ટિફીકેટ, લાયસન્સ તથા તમામ ખલાસીના અસલ આધારકાર્ડ લઈને જ માછીમારી માટે જવાનુ રહેશે

જામનગર જિલ્લાની મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા દરીયામાં માછીમારી માટે ગયેલ તમામ બોટોને તાત્કાલિક અસરથી પરત બોલાવી લેવા તથા દરિયો ન ખેડવા જણાવેલ હતુ. તથા અન્ય સુચના ન મળે ત્યાં સુધી ટોકન ઈસ્યુ કરવાનુ પણ બંધ કરવામાં આવેલ હતુ. પરંતુ વર્તમાન પરીસ્થિતીને ધ્યાને લઈ અગમચેતીના પગલાં કડકપણે અનુસરવાને આધિન માછીમારી બોટોને માછીમારી કરવા માટે જવા દેવા ટોકન ઈસ્યુ કરવાના ચાલુ કરેલ છે.

માછીમારી બોટોને સંવેદનશીલ ''નો ફીશીંગ ઝોનમાં'' તથા આઈ.એમ.બી.એલ. ઓળંગીને/ આઈ.એમ.બી.એલ. થી ૪૦ નોટિકલ માઈલ સુધીના વિસ્તારોમા માછીમારી કરવા જવું નહી. કોઈપણ બોટોને આ વિસ્તારોમાં માછીમારીની પરવાનગી માટે ટોકન ઈસ્યુ કરવામાં આવતા નથી. ઓનલાઈન ટોકન લઈ માછીમારી માટે જતી ફીશીંગ બોટોએ બોટમાં નિયમ મુજબ કલર કોડ કરવાનો રહેશે. બોટના તમામ દસ્તાવેજ જેવા કે રજી. સર્ટીફીકેટ, લાયસન્સ તથા તમામ ખલાસીના અસલ આધારકાર્ડ લઈને જ માછીમારી માટે જવાનુ રહેશે. માછીમારી બોટો દ્વારા સમૂહમાં માછીમારી કરવાની રહેશે. સંદેશા વ્યવહારના સાધનો ચાલુ રાખવાના રહેશે. જેથી આકસ્મિક પરીસ્થિતીની જાણ થઈ શકે.રાજ્યના દરીયામાં કે દરિયાકાંઠે કોઈ શંકાસ્પદ હિલચાલ જણાય કે કોઈ શંકાસ્પદ અજાણી વ્યક્તિ કે બોટ જણાય તો તેની તાત્કાલીક જાણ નજીકના ઈન્ડીયન નેવી/ પોલીસ સ્ટેશન/કોસ્ટગાર્ડ કે અન્ય કોઈ સુરક્ષા એજન્સીને તથા અત્રેની કચેરીને કરવી. બોટોની ફીશરીઝ ગાર્ડ તથા સુરક્ષા એજન્સીઓ દ્વારા ચકાસણી કરવામાં આવશે. જેમાં સહકાર આપવા તથા ઉપરોક્ત સૂચનાઓનું પાલન કરવા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક જણાવ્યું છે

# વીરલ બાગ વિસ્તારમાં ફ્લેટનાં એ .સી માં શોર્ટ સર્કિટ થવાથી આગ ભભૂકી: સદનસીબે જાનહાની ટળી

જામનગરમાં વિરલ બાગ નજીક મહાવિર એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોરમાં એક ભાડૂતી ફ્લેટમાં એર કન્ડિશન મશીનમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી.

એર કન્ડિશન મશીનનું બહારના ભાગનું આઉટર સળગવા લાગ્યું હતું, અને ધીમે ધીમે આગ ની જ્વાળા દેખાવા લાગી હતી. જેથી એપાર્ટમેન્ટ ના રહેવાસીઓમાં દોડધામ થઈ હતી. જે આગના બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરાતાં ફાયર શાખાની ટુકડી તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, અને પાણીનો મારો ચલાવી આગને તુરતજ કાબુમાં લઈ લીધી હતી, જેથી આગ વધુ પ્રસરતી અટકી હતી, અને સર્વે એ હાશકારો અનુભવ્યો હતો.



# બેડેશ્વર પાસે રાહદારીને ચગદી નાખવાના કેસમાં ટ્રક ચાલકને બે વર્ષની સજા

જામનગરના બેડેશ્વર વિસ્તારમાં સાડા ત્રણ વર્ષ પહેલાં એક રાહદારીને ટ્રક ચાલકે ચગદી નાખ્યા હતા. જે અંગે મૃતકના સંબંધીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસ અદાલત સમક્ષ ચાલી જતાં અદાલતે આરોપીને બે વર્ષ ની સજા નો હુકમ કર્યો છે.

જામનગરના બેડેશ્વર વિસ્તારમાંથી ગતા તા.૬-૧૨-૨૧ ના રોજ હારૂનભાઈ ઈસ્માઈલ ગજણ રસ્તા ઉપર પસાર થતા હતા ત્યારે તેઓને ટ્રકે ઠોકરે ચઢાવતા ઘવાયેલા હારૂનભાઈનું મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવની પોલીસમાં ફરિયાદ નોંધાવાતા હાપામાં રહેતા ટ્રક ડ્રાઈવર રાજેશ બાબુભાઈ દેગામા સામે ગુન્હો નોંધી પોલીસે તેની ધરપકડ કરી હતી. આ અંગેનો કેસ ચાલી જતાં અદાલતે આરોપી ટ્રક ડ્રાઈવરને તકસીરવાન ઠરાવી બે વર્ષની સજા અને રૂા.૧૦ હજારના દંડનો હુકમ કર્યો છે.

# ચાલુ ટ્રેનમાં દિવ્યાંગની હત્યા નિપજાવવામાં બે શખ્સ જેલ હવાલે

## વિકલાંગ ડબ્બામાં બેસવા બાબતે થયેલી માથાકુટમાં માર મારી યુવકને ફેંકી દીધો હતો

જામનગરના ગુલાબનગર રેલવે ઓવરબ્રિજ ઉપરથી ચાલુ ટ્રેનમાં ફેંકી દઈ વડોદરાના દિવ્યાંગ યુવાનની હત્યા નીપજવાના આરોપસર પકડાયેલા જામનગરના બે આરોપીઓને ફરી અદાલત સમક્ષ રજૂ કરાયા બાદ બંનેને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

વડોદરાના વતની હિતેશભાઈ કાનજીભાઈ મિસ્ત્રી (ઉ.વ. ૩૫)કે જેઓની જામનગર રેલવે સ્ટેશનથી હાપા તરફ જવા નીકળેલી ટ્રેનમાંથી ફેકી દઈ હત્યા નીપજાવાઈ હતી, જે હત્યાના બનાવ બાદ રેલવે પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ કરીને જામનગરના બે આરોપીઓને ઝડપી લઈએ એક દિવસના રિમાન્ડ પર લીધા બાદ ફરીથી અદાલત સમક્ષ રજૂ કરી બંનેને જેલમાં મોકલી આપ્યા છે.

જામનગર રેલ્વે ની ટીમ દ્વારા સમગ્ર મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ કરી ને જામનગરના બેડેશ્વર વિસ્તારમાં રહેતા હાજી અયુબ કાતીયા (ઉ.વ. ૩૫) તેમજ એકડે એક બાપુની દરગાહ પાસે રહેતા સદામ કાસમભાઈ કાચલીયા (૩૨), ની અટકાયત કરી લીધી હતી અને બંનેને અદાલત સમક્ષ રજૂ કરી એક દિવસના ડિમાન્ડ પર લેવાયા હતા.

જે બંને આરોપીઓ વિકલાંગના ડબ્બામાં ચડ્યા હતા. અને તે ડબ્બામાં મૃત્યુ પામનાર હિતેશભાઈ મિસ્ત્રી સાથે જીભાજોડી કરી તેઓને ચાલુ ટ્રેનમાંથી ફેંકી દીધા હતા, જેનું હેમરેજ થઈ જવાથી મૃત્યુ નીપજ્યું હતું, અને આ બનાવ હત્યામાં પલટાયો હતો.

રેલ્વે પોલીસે બંને આરોપીઓની રિમાન્ડની મુદત પૂરી થતાં આજે સાંજે ફરીથી અદાલત સમગ્ર રજૂ કરાયા હતા જેમાં બંનેને જેલ હવાલે કરવા હુકમ થયો છે.



# ધ્રોલ પંથકની સગીરા સાથે દુષ્કર્મ આચરનારને ૨૦ વર્ષની સજા

## ૧૫ વર્ષની કિશોરીને પ્રેમજાળમાં ફસાવી અવાર-નવાર હવસનો શિકાર બનાવી

જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સગીરા સાથે ના દુષ્કર્મ અંગેના ગુનાના આરોપીને અદાલતે આરોપીને ૨૦ વર્ષની જેલ સજા નો હુકમ કર્યો છે.

ફતેપુરા (ધ્રોલ)માં રહેતા આરોપી મોહસીન રહીમભાઈ મકવાણા (૨૫) ફરીયાદી ની ૧૫ વર્ષની સગીર વયની પુત્રી સાથે અવારનવાર ફોનમાં વાતચીત કરતો હતો, અને તેણીને પ્રેમ જાળમાં ફસાવી હતી. આ પછી તારીખ ૮/૧૨/૨૦૨૧૮ ના સગીરાને રાજકોટ ભગાડી લઈ ગયો હતો. પરંતુ તેના ઘરે થી ફોન આવતાં પરત મૂકી ગયો હતો. ત્યાર પછી તા.૩૦/૦૪/ ૨૦૧૯ ના સગીરા ને બાઈકમાં રાજકોટ લઈ ગયો હતો. જ્યાં મકાન ભાડે રાખી ને રહેતો હતો, અને તેની સાથે ત્યાં શરીર સંબંધ પણ બાંધ્યો હતો. ત્યાં થી સુરત લઈ ગયો હતો, અને ત્યાં પણ સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. આ પછી તેના મિત્ર નો ફોન આવતાં તારીખ ૨૬/૬/૨૦૧૯ ના આરોપી સુરત થી જામનગર પરત આવવા માટે રવાના થયો હતો. દરમિયાન અમદાવાદ ના સોલા વિસ્તાર માંથી પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. આ બનાવ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં આરોપી સામે દુષ્કર્મ અંગે ફરિયાદ નોંધાઈ હતી. આથી પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. અને જેલ હવાલે કર્યો હતો. આ અંગેનો કેસ જામનગરની સ્પે. પોકસો અદાલતમાં ચાલી જતાં ભોગબનનાર, ફરીયાદી, મેડીકલ ઓફીસરની જુબાની તથા સરકાર પક્ષે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ, તેમજ ૧૭ જેટલા સાહેદોની સોગંદ ઉપરની જુબાની તથા સરકાર પક્ષે સરકારી વકીલ ની દલીલો સાંભળ્યા પછી જામનગર ની સ્પે. પોકસો અદાલતના ન્યાયાધીશ વી.પી. અગ્રવાલ એ આરોપી મોહસીન રહીમભાઈ મકવાણાને તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષ ની સખત કેદની સજા તથા રૂા.૧૭૦૦૦ના દંડનો હુકમ ફરમાવ્યો છે. તથા ભોગબનનારને વળતર પેટે રૂા.૪ લાખ ચુકવવાનો હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર પક્ષે જીલ્લા સરકારી વકીલ ભારતીબેન વાદી રોકાયા હતા.

# સાંસદ પૂનમબેન માડમે સરકારી યોજનાઓની સમીક્ષા કરી: અધિકારીઓને સમયસર કામગીરી પૂર્ણ કરવા સૂચના



## સાંસદ પૂનમબેન માડમના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાની દિશા સમિતિની બેઠક યોજાઈ

જામનગર જીલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં સાંસદ પૂનમબેન માડમના અધ્યક્ષ સ્થાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજિત ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (દિશા)ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કલેકટર કેતન ઠક્કર તથા ઉપસ્થિત તમામ વિભાગના અધિકારીઓ સાથે સાંસદએ કેન્દ્ર સરકાર દ્વારા અમલમા મુકવામા આવેલ વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી. ઉપરાંત જામનગર જીલ્લામાં વિવિધ વિભાગો દ્વારા થઈ રહેલ યોજનાકીય કામગીરી અને તેમના અમલીકરણની માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. તથા પદાધીકારીઓ દ્વારા લોક માંગણીઓને ધ્યાનમાં લઈને કરવામાં આવેલી રજુઆતો અંગે સકારાત્મક દિશામાં કામગીરી કરવા લગત અધિકારીઓ જણાવ્યું હતું.

આ બેઠકમાં જામનગર મહાનગરપાલિકા હસ્તકના વિભાગોની યોજનાઓની સમીક્ષા અને કામગીરી જેમાં દિન-દયાળ અંત્યોદય યોજના- નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન, શહેરી ફેરીયાઓને સહાય માટે પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન,ભૂગર્ભ ગટર શાખા, અમૃત ૨.૦ ગ્રીન સ્પેસ એન્ડ પાર્ક પ્રોજેક્ટ, વોટર વર્કસ શાખા, આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ જેમાં પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, નમોશ્રી યોજના, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હેઠળ ગુણોત્સ્વ ગ્રેડ, સ્માર્ટ સ્કુલ પ્રોજેક્ટ હેઠળ શાળા બિલ્ડીંગ નવીનીકરણ, પી.એમ. પોષણ યોજના, મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના, આઈસીડીએસ વિભાગની સેવાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તથા લગત વિભાગના અધિકારીઓએ આ યોજનાઓ અંતર્ગત થઈ રહેલી કામગીરી અંગે સાંસદને માહિતગાર કર્યા હતા.

આ ઉપરાંત નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, રેલ્વે વિભાગ દ્વારા થઈ રહેલ કામગીરી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના, નેશનલ હેલ્થ મિશન, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમ, સમગ્ર શિક્ષા, પ્રધાનમંત્રી ઉજવલ્લા યોજના, પી.એમ.પોષણ યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન, પ્રધાનમંત્રી ખનીજક્ષેત્ર કલ્યાણ યોજના, સ્વચ્છ ભારત મિશન(ગ્રામિણ), નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન, જીલ્લા વિદ્યુત કમિટી દ્વારા થઈ રહેલ કામગીરી, પ્રધાનમંત્રી ગ્રામિણ આવાસ યોજના, મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેંટી એકટ, ઈન્ટીગ્રેટેડ વોટરસેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ વગેરે યોજનાઓની સમીક્ષા કરી જામનગર જીલ્લા વહીવટીતંત્ર દ્વારા થઈ રહેલ કામગીરી અંગે સાંસદએ માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.


આ બેઠકમાં સાંસદ પુનમબેન માડમે જણાવ્યું હતું કે, હાલ ઉનાળાની ઋતુ ચાલી રહી હોવાથી જીલ્લામાં નિયમિત પાણી વિતરણ કરવા, જરૂર હોય તે જગ્યાઓ પર પાણી વિતરણનો જથ્થો વધારવા તથા પ્રિ-મોન્સુન કામગીરી અને સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવા જણાવ્યું હતું.

આ બેઠકમાં કલેકટર કેતન ઠક્કરે સાંસદ દ્વારા આપવામાં આવેલા સૂચનો ધ્યાને લઈ પડતર કામો ઝડપથી પૂર્ણ કરવા તથા લોકોની રજુઆતોને ધ્યાને લઈ અગત્યના કામોને પ્રાથમિકતા આપી સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા અધિકારીઓને જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર,જિલ્લા પંચાયતની વિવિધ સમિતિના ચેરમેન અને સભ્યો , તેમજ પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતમાં

## આજે સાંજે ગાંધીનગરમાં અલગ અલગ પાંચ વિકાસ કામોનું કરશે લોકાર્પણ અને ખાતમૂહૂર્તઃ કાલે અમદાવાદમાં સહકાર મહાસંમેલનને સંબોધશે



**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ આજથી બે દિવસ માદરે વતન ગુજરાત મૂલાકાતે આવ્યા છે આજે સાંજે તેઓ પાટનગર ગાંધીનગરને કરોડો રૂપીયાના વિકાસ કામોની ભેટ આપશે આવતીકાલે સવારે અમદાવાદ સહકાર મહાસંમેલનને સંબોધશે અને અલગ અલગ ચાર વિકાસ કામોનું ખાતમૂહૂર્ત કે લોકાર્પણ કરશે ગુજરાત પ્રદેશ ભાજપના નવા પ્રમુખની નિયુકતી મામલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના ભાજપના આગેવાનો સાથે સંગઠનલક્ષી મહત્વપૂર્ણ બેઠક યોજાશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે આજે બપોરે ૪.૩૦ કલાકે ગાંધીનગરનાં વાવોલ સ્થિત તિલક બંગલા પાસે ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે ત્યારબાદ પંચદેવ મંદિર પાસે 'ચ' રોડ સેકટર ૨૧-૨૨ ખાતે ગાંધીનગર કોર્પોરેશન દ્વારા 'ચ' રોડ પર સેકટર ૨૧ અને ૨૨ને જોડતા અંડર બ્રિજનું લોકાર્પણ કરશે.

સાંજે પાંચ કલાકે ગાંધીનગરનાં પેથાપુર ખાતે ગાંધીનગર મહાપાલિકા દ્વારા નિર્મિત પેથાપુરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે. કોલવડામાં ગામેરવડ તળાવ ઓએનજીસી કુવા પાસે બનાવામાં આવેલા કોલવડા તળાવનું લોકાર્પણ કરવામાં આવશે. આજના દિવસના અંતિમ કાર્યક્રમમાં અમિતભાઈ શાહ કોલવડામાં પાટીદાર ચોક ખાતે ગાંધીનગર મહાપાલિકા અને પોસ્ટ વિભાગના વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ તથા ખાતમૂહૂર્ત કરશે.

ગુજરાત પ્રવાસના બીજા દિવસે આવતીકાલે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈશાહ સવારે ૧૦.૩૦ કલાકે અમદાવાદના સોલા વિસ્તારમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજીત વિકસીત ભારતના નિર્માણમાં સહકારિતાની ભૂમિકા' અંગેના મહા સંમેલનમાં સામેલ થશે અને સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા આગેવાનો તથા કાર્યકરોને માર્ગદર્શન આપશે.

કાલે સવારે ૧૧.૪૫ કલાકે મહેસાણાના ગોઝારિયા વિસ્તારમાં નર્સિંગ કોલેજ પાસે મંગુબા વાડી પાર્ટી પ્લોટ ખાતે શ્રીમતી એસ.સી. અને શેઠ ડી.એમ, સાર્વજનીક ટ્રસ્ટ, ગોઝારિયા સંચાલીત કે.કે. પટેલ અને શ્રીમતી મધુબેન કે. પટેલ, નર્સિંગ કોલેજના નવા બિલ્ડીંગનું ઉદઘાટન કરશે ત્યારબાદ મહેસાણામાં સાદરામાં કડી દેત્રોજ રોડ પર ફાલ્કન એગ્રી ફીજ ફૂડસ પ્રા.લી.ના ઓડિસ્સાની ફાલ્કન ગ્રુપ ઓફ કંપની દ્વારા શરૂ થઈ રહેલા રેડી ટુ કુક ફોઝન પોટેટો પ્રોસેસીંગ પ્લાન્ટનું લોકાર્પણ કરશે.


રવિવારે સાંજે ગૃહમંત્રી અમિતભાઈ શાહ અમદાવાદમાં નારણપુરાના પ્રગતીનગરમાં પલ્લવ ચાર રસ્તા ખાતે નિર્માણ પામેલા એએમસીનાં પલ્લવ ઓવરબ્રિજનું લોકાર્પણ કરશે અંતિમ કાર્યક્રમમાં તેઓ નારણપુરામાં અંકુર રોડ પર જીએસસી બેંક પાસે એક જાહેર કાર્યક્રમમાં અમદાવાદ

(અનુ. આઠમા પાને)

**ગુજરાત પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષની નિયુકતી મામલે પણ મુખ્યમંત્રી સહિતના પક્ષના આગેવાનો સાથે બેઠક યોજે તેવી સંભાવના**

# માવઠાની મોકાણ વચ્ચે સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ આંબ્યો

## રાજયમાં હજી છ દિવસ કમોસમી વરસાદની આગાહીઃ અમુક સ્થળોએ ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયભરમાં છેલ્લા એકાદ સપ્તાહથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે. હજી છ દિવસ સુધી માવઠાની મોકાણ યથાવત રહેશે તેવી હવામાન વિભાગની આગાહી વચ્ચે સૌરાષ્ટ્રમાં મહત્તમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચી જવા પામ્યો છે. છેલ્લા ૨૪ કલાક રાજયના માત્ર ચાર તાલુકાઓમાં કમોસમી વરસાદ પડયો હતો આજે રાજકોટ, ભાવનગર, અરવલ્લી અને મહિસાગર સહિતના જિલ્લાઓમાં માવઠાની આગાહી આપવામાં આવી છે. અમુક વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવવાની સંભાવના પણ વ્યકત કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાત પાસે અપર એર સાયકલોનીક સરકયુલેશન સર્જાયું છે જેની અસરના કારણે સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાત સહિત રાજયભરમાં આગામી છ દિવસ સુધી કમોસમી વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના માત્ર ચાર તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ બે ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો નર્મદા જિલ્લાના સાગબારામાં બે ઈંચ, તાપીના નિઝરમાં ૨૦ મીમી, જયારે ડાંગના વધઈના ૯ મીમી વરસાદ વસ્યો હતો. આગામી બે દિવસ દરમિયાન ભાવનગર, રાજકોટ, સાબરકાંઠા, મહિસાગર, દાહોદ, છોટાઉદેપુર, તાપી, નવસારી, ડાંગ અને દમણમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. અમુક સ્થળોએ ૩૦ થી ૪૦ કી.મી.ની ઝડપે ભારે પવન પણ ફુંકાય શકે છે. માવઠાથી ઉનાળુ પાકને પારાવાર નુકશાની થવા પામી છે. ખેડૂતોની હાલત કફોડી થઈ જવા પામી છે. રાજય સરકાર દ્વારા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલી નુકશાનીનો સર્વે કરવાનો પણ આદેશ આપ્યો છે.

માવઠાની મોકાણ વચ્ચે આકાશમાંથી સુર્યનારાયણ અગન વર્ષા કરી રહ્યા છે. ગઈકાલે સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રી એ આંબી ગયો હતો.

આ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલીનું મહત્તમ તાપમાન ૩૮.૮ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૪.૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૭ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૩૯.૫ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૨.૮ ડિગ્રી, દિવનું તાપમાન ૩૩.૭ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૩.૮ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૫.૫ ડિગ્રી નોંધાયું હતું. જયારે અમદાવાદનું

(અનુ. આઠમા પાને)

**ધાર્મિક લાગણી દુભાવવાનો બદઈરાદો**


# જેતપુરના દેરડી ધારમાં શંકર મંદિરમાં મૂર્તિઓ ખંડિત કરી દેવાતા ધર્મપ્રેમીઓમાં રોષ

## કાળભૈરવ દાદાની મુર્તિ કાઢીને બીજી જગ્યાએ રાખી દિધી, નંદીની પ્રતિમાનું મુખ તોડી નાખ્યુંઃ અજાણ્યા શખ્સો સામે ગુનો

**અબતક, રાજકોટ**

જેતપુરની દેરડી ધારમાં આવેલ મહાદેવના મંદિરમાં મૂર્તિઓ ખંડિત કરી અવારા તત્વોએ આધ્યાત્મિકતા સાથે ચેડા કર્યા હતાં. નંદીની પ્રતિમાનું મુખ તોડી કાળભૈરવ દાદાની મુર્તિ કાઢીને બીજી જગ્યાએ રાખી દેતાં સેવકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને બનાવ અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસમાં ગુનો નોંધાયો હતો.





તસવીરઃ કરણ બારોટ, જેતપુર

બનાવ અંગે જેતપુરમાં દેરડીની ધાર આવાસ ક્વાર્ટરમાં રહેતાં તરૂણભાઈ ઉર્ફે અંદા પ્રભાશંકર કનૈયા (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સાડીના કારખાનામાં મજુરી કામ કરે છે. તેમજ દેરડીધાર આવાસ યોજનામાં હોલની પાછળ જય મંગળેશ્વર મહાદેવ નામનું શંકર ભગવાનનું મંદિર આવેલ છે. જે મંદિરની

(અનુ. આઠમા પાને)

# વિકાસની હરણફાળ ભરતું ગુજરાત પાવરમાં પણ અવ્વલ નંબરે

## ૩૫૧૬૩.૦૬ મેગાવોટ બિન પરંપરાગત ઉર્જા ઉત્પન્ન કરી ગુજરાતે તમામ રાજ્યોને પાછળ ધકેલી દીધાઃ સોલાર અને વિન્ડ પાવરે સૌથી વધુ ઉર્જા ઉત્પન્ન કરી ઈતિહાસ રચ્યો

**અબતક, અમદાવાદ**

વિકાસની હરણફાળ ભરતું ગુજરાત પાવરમાં પણ અવ્વલ નંબરે છે. ગુજરાત દેશમાં સૌથી વધુ સ્થાપિત ક્ષમતા ૩૫,૧૬૩.૦૬ મેગાવોટ સાથે ભારતમાં નવીનીકરણીય ઉર્જા માં અગ્રેસર તરીકે ઉભરી આવ્યું છે. તેમ નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે જાહેર કર્યું છે.


**ક્યાંથી કેટલું વીજ ઉત્પાદન ?**

**સ્મોલ હાઈડ્રોપાવર : ૧૦૬.૬૪ મેગાવોટ**
**વિંડ પાવર : ૧૩૫૧૪.૬૮ મેગાવોટ**
**બાયો પાવર : ૧૨૯.૮૫ મેગાવોટ**
**સોલાર પાવર : ૧૯૪૨૧.૮૯ મેગાવોટ**
**લાર્જ હાઈડ્રોપાવર : ૧૯૯૦ મેગાવોટ**
**કુલ : ૩૫૧૬૩.૦૬ મેગાવોટ**

રાજસ્થાન ૩૪,૬૧૧.૦૯ મેગાવોટની ક્ષમતા ધરાવે છે. તેનાથી પણ ગુજરાત આગળ છે. રાજસ્થાન બાદ તમિલનાડુ, કર્ણાટક અને મહારાષ્ટ્રનો ક્રમ આવે છે. ગુજરાતના નવીનીકરણીય ઉર્જા મિશ્રણમાં નાના જળવિદ્યુતમાંથી ૧૦૬.૬૪ મેગાવોટ, પવનમાંથી ૧૩,૫૧૪.૬૮ મેગાવોટ, જૈવિક ઉર્જામાંથી ૧૨૯.૮૫ મેગાવોટ, સૌરમાંથી ૧૯,૪૨૧.૮૯ મેગાવોટ અને મોટા જળવિદ્યુતમાંથી ૧,૯૯૦ મેગાવોટનો સમાવેશ થાય છે, જે સંતુલિત પોર્ટફોલિયો દર્શાવે છે. રાજ્ય હવે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ સાથે સરકાર સાથે બેટરી એનર્જી સ્ટોરેજ યુનિટ સ્થાપવા માટે એમઓયું પર હસ્તાક્ષર કરીને આગળનું પગલું ભરી રહ્યું છે. આ નવીનીકરણીય ઉર્જાનો સંગ્રહ કરશે અને માંગ મુજબ ઉદ્યોગોને તે સપ્લાય કરશે. એકવાર નવીનીકરણીય ખરીદી જવાબદારી પૂર્ણ થઈ જાય, પછી વધારાની વીજળી ટકાઉ વિકલ્પો શોધી રહેલા ઉદ્યોગોને પૂરી પાડવામાં આવશે.

ઔદ્યોગિક ઉપયોગ માટે હાલના દરો કરતાં ૧ રૂપિયા વધુ ટેરિફ નક્કી કરવામાં આવ્યો છે અને બિડ પહેલાથી જ મંજૂર થઈ ગઈ છે, આ પહેલથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ એસ્ટેટમાં એકમોને ફાયદો થવાની અપેક્ષા છે. જીયુંવીએનએલ ના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ પગલાથી ઉદ્યોગો કાર્યક્ષમતાને બલિદાન આપ્યા વિના નવીનીકરણીય ઉર્જા અપનાવી

(અનુ. આઠમા પાને)


## સાબર ડેરીનું ગ્રીન એનર્જી વિઝન તરફ સકારાત્મક પગલું





સાબરડેરી ના અલગ અલગ યુનિટ પર સંઘ દ્વારા ૨૦૦૦ કિલોવોટ સોલાર પાવર પ્લાન્ટ લગાવવા માં આવેલ છે. જે અનુક્રમે સાબરડેરી ખાતે ૧૦૦૦ કિલોવોટ, નવા ઈ.ટી.પી ખાતે ૫૦૦ કિલોવોટ, શામળાજી શીતકેન્દ્ર ખાતે ૨૦૦ કિલોવોટ અને બાયડ શીતકેન્દ્ર ખાતે ૩૦૦ કિલોવોટ સોલાર પાવર પ્લાન્ટ લગાવેલ છે.

આમ, આ તમામ પ્લાન્ટ દ્વારા અંદાજિત પ્રતિદિન ૧૦,૦૦૦ વીજ યુનિટ સોલાર એનર્જી દ્વારા ઉત્પન્ન થશે, જેથી વાર્ષિક અંદાજિત ૩૨,૦૦,૦૦૦ વીજ યુનિટ દ્વારા સંઘ ને ૨,૨૫,૦૦,૦૦૦ (બે કરોડ પચીસ લાખ) રૂપિયા નો આર્થિક ફાયદો થશે. આમ સાબરડેરી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી ના ગ્રીન એનર્જી વિઝન તરફ સકારાત્મક પગલું ભરેલ છે.

**શામળભાઈ બી પટેલ** ચેરમેન | **ઋતુરાજ ડી પટેલ** વાઈસ ચેરમેન | **સુભાષચંદ્ર વી પટેલ** મેનેજિંગ ડિરેક્ટર

**તથા નિયામક મંડળના સભ્યો**

**સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, સાબરડેરી, હીંમતનગર**

SAINT JOSEPH'S HIGH SCHOOL KHANUSA

SEEK YE WISDOM

# SAINT JOSEPH'S HIGH SCHOOL
## KHANUSA



## KG To XII
English Medium Boarding School - Gujarat Board

Saint Joseph's guides you to new heights!
Learn, lead, rise above
with wisdom, courage, and endless love.

Together we stood, together we soared
Here's to the achievers of SJS !



| SSCE (General) 124/126→98.4% | | HSCE (General) 35/37→95% | |
|---|---|---|---|
| 1) Ayushi | 563/600 | 1) Heer | 629/700 |
| 2) Tanvi | 561/600 | 2) Hetkumar | 604/700 |
| 3) Garv | 558/600 | 3) Ammar | 577/700 |

HSCE (Science) 29/32→91%

| A GROUP | | B GROUP | |
|---|---|---|---|
| 1) Devarsh | 540/650 | 1) Khushi V | 569/700 |
| 2) Hiya | 516/650 | 2) Harshit | 526/700 |
| 3) Dev | 511/650 | 3) Pranshu | 508/700 |

Our campus is thoughtfully designed to provide a safe, stimulating and supportive environment where students can thrive academically, physically, and socially

6359220200 • 9512220820
8000054200 • 9429317526

VIJAPUR, DIST. MEHSANA